વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૫મું
ફેબ્રુઆરી - ૨૦૨૦
અંક - ૫૦૧

મંગલ મંદિર • ફેબ્રુઆરી-૨૦૨૦ • ૧
(કુલ પાના : ૫૮)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર
















: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**


માતુશ્રી સાકરબહેન સ્વજી મોરારજી લાલન (કોડાય-કુરીઆવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૭૩-૭૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org


Create
with confidence!
YOUVA Drawing books,
for a creator in you.
Available in 36, 56 and 100 pages
Sizes: Mini, Small, Big, Square, A3 and 33.7cm x 24cm.
www.youvaworld.com
/youvaworld
youvaworld_
YouvaWorld_
youva
THINK. CREATE.

DEEP Industries Limited

Oil & Gas Exploration
Production & Services



- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

● CONTACT DETAILS ●

**Deep Industries Limited**

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*

## નવનીત મેડિકલ સેન્ટર *અને*
## કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ O.P.D. સેન્ટર *તથા* દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર

### ઉદ્‌ઘાટન સમારોહની તસવીરી ઝલક ● રવિવાર, તા. ૧૨-૦૧-૨૦૨૦













છેલ્લા ૪૩ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- સેવા અને સત્કાર્યને સદા સમર્પિત... અમદાવાદ ખાતેના શ્રી કચ્છી જૈન સેવા સમાજના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત કરતું... સાર્વજનિક હિતાર્થે એક આગે કદમ... ૭
- અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ... ૮
- નવનીત મેડિકલ સેન્ટર - બોપલ : શુભેચ્છા પત્રો ... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ... ૧૦

**દીપશીખા**

- શક્તિદાયી વિચાર : પ્રેમ અને નિઃસ્વાર્થતા ... **સ્વામી વિવેકાનંદ** ... ૧૦

**લેખ**

**યુગદૃષ્ટા**

- કચ્છમાં સ્વામી વિવેકાનંદજી ... ૧૧

**પરિચય**

- સાહિત્યિક ક્ષેત્રે અન્યોન્ય સિદ્ધિ હાંસલ કરનાર : શ્રી દિનેશ પાંચાલ ... **રજૂઆત : દિનેશ આર. મહેતા** ... ૧૨

**વિચાર મંથન**

- 'મારે નથી જાવું તીરથધામ...' ... **દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ** ... ૧૩
- મુક્તિની હવામાં ગૂંગળામણ શા માટે? ... **ડૉ. યાસીન દલાલ** ... ૧૪

**શિક્ષણ જગત**

- શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ ... **ડૉ. મિહિર એમ. વોરા** ... ૧૬

**કારકિર્દી**

- ગુજરાતમાં ચાલતા IAS તાલીમ કેન્દ્રો અંગે મંથન ... **ભીમજી નાકરાણી** ... ૧૮ **તંત્રીશ્રી, 'સરદાર જ્યોત'**
- GPSCની મુખ્ય પરીક્ષાની રૂપરેખા ... **હીરેન દવે** ... ૨૦

**જીવન સંધ્યા**

- જીવનનો સુવર્ણકાળ વૃધ્ધાવસ્થા ... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ... ૨૧

**નવજીવન**

- સમજણ ... **એમ. ડી. સોલંકી** ... ૨૨

**રંગમંચ**

- દરિયાદિલ ... **સુનિતા એ. શાહ** ... ૨૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## ફિલ્મ - ફિલ્મ

● 'હેલ્લારો'ના બીજ ક્યાં રોપાયા અને તેના સર્જકો કોણ છે? ........................ **પાર્થ દવે** .... ૨૭

## અંતરની વાત

● વાત અંગત છે, છતાં કહું... મગજમાં ભીડ હશે... હું દિલમાં રહું? ......... **ભોળાભાઈ ગોલીબાર** ..... ૨૯

## ઉપવન

● સંબંધમાં એક જ પ્રોબ્લેમ : 'મને કોઈ સમજતું નથી' –
સમય જ નથી ........................................................................ **ડૉ. મેહા વી. સંઘવી** ..... ૩૦

## લઘુકથા

● ખુશી – એક અનુભવ ........................................................... **જાગૃતિ તન્ના 'જાનકી'** ..... ૩૧

## YOUTH CLUB

● Some Golden Rays .......................................................................... ૩૨

## વૈવિધ્ય

● આંજો કાગર ............................................................................................ ૩૩
● અન્ય સંસ્થાઓના સમાચાર ............................................................................ ૩૪
● ગેમ્સ ગેલેરી : જ્ઞાન સાથે ગમ્મત : ઉત્તરાયણ સ્પેશિયલ .............. **ભાવના એ. ઝવેરી** ..... ૩૬
● પૃથ્વી વિશેની માહિતી ● પ્રચલિત સંજ્ઞાઓ ● ભૂકંપ પ્રકોપ : **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ........... ૩૭

## મનોરમ્ય

● વતનની ધૂળ... મળે ન મળે : **આદિલ મન્સૂરી** ● કિતરા ડીં : **પ્રભુલાલ સિધ્ધપુરા** ......... ૩૮
● લગ્ન એટલે : **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર 'શાંત'** ● દિલની વાત : **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ... ૩૮
● બેટી રેપનો શિકાર ● નારીની રક્ષા અને સન્માન : **પ્રકાશ દેવજી જોબનપુત્રા 'પ્રદેવ'** ....... ૩૯
● ધિલજી ગાલ્યું : **દિલીપ આચાર્ય 'દિલકશ'** ● ઉડેલા ડે : **મુરજી ચાવડા 'પ્રેમ'** ........... ૩૯

## નિયમિત વિભાગો

● બાલુડેં જ્યું ગાલિયું ........................................ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૪૦
● *Nano Nine* શબ્દ રમત-૧૬૦ .................................. **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૪૧
● *Nano Nine Sudoku* (ક્રમાંક : ૧૧૧૮) .................... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૪૩
● વલોવતન ............................................ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૪૪

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

● સંસ્થા સમાચાર ............................................................................................ ૪૫

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

## સેવા અને સદ્‌કાર્યને સદા સમર્પિત... અમદાવાદ ખાતેના શ્રી કચ્છી જૈન સેવા સમાજના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત કરતું... સાર્વજનિક હિતાર્થે એક આગે કદમ...

નૂતન વર્ષ ૨૦૨૦ની સાલની શુભ શરૂઆત થઈ ગઈ છે. નવા વર્ષે કોઈપણ સમાજ અને સમાજ પરિવારજનોના નવી દિશા તરફના નવા સંકલ્પ હોવા જોઈએ. કોઈપણ મંડળ, એસોસિએશન અથવા સમાજ પોતાના કાર્યક્ષેત્રનો વ્યાપ વધારતા જાય તે સ્વાભાવિક છે. સમાજ પોતાની પ્રવૃત્તિઓમાં વધારો કરે નહીં, નવીનતા આણે નહીં તો આજના માહોલમાં તેની કોઈ ગણના થતી નથી. આ સ્થિતિમાં વિવિધ સમાજો પૈકી કેટલાક સમાજોએ અનેક ક્ષેત્રે સારી પ્રગતિ હાંસલ કરી હોય છે. કેટલાક સમાજો એ દિશા તરફ જવાના પ્રયત્નો કરતા હોય છે.

અત્યારે ભારતીય સમાજ બદલાતો જાય છે. તે રીતે તેના પરિવારજનોમાં પણ બદલાવ આવશ્યક છે. કારણ – માણસનું ધ્યેય બદલાયું છે. ટૂંકમાં, વૈશ્વિક વિચારસરણીનું માળખું બદલાઈ રહ્યું છે. તે સંજોગો હેઠળ દરેક સમાજોએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા વ્યવસ્થિતપણે બદલતા સમય સાથે ચાલવું પડશે અને જરૂર પડે તો દોડવું પણ પડશે. નીત નવું વિચારીને, સામાજિક, શિક્ષણ તથા તબીબી જેવા પાયાના ક્ષેત્રોમાં સંખ્યાબંધ પ્રયોગો કરવા પડશે, તે માટે યોજનાઓ ઘડવી પડશે. **આના પરિપ્રેક્ષ્યમાં સમાજ માટે આદર્શ એટલે ઊંચી નેમ, સર્વોત્કૃષ્ટ ભાવના, નમૂનેદાર અથવા ધ્યેયરૂપ આચરણ અગત્યના પાસા બની રહેવા જોઈએ.**

ઉપરોક્ત સ્થિતિને નજર સમક્ષ રાખીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પોતાની ૬૦ વર્ષની વિકાસગાથામાં યુવાધનની કારકિર્દીનું ઘડતર, મહિલા ઉત્કર્ષ, શિક્ષણ, તબીબી સેવાઓ, સામાજિક દિશામાં માળખાકીય સુવિધાઓ, યુવા વિકાસ વગેરે અનેકવિધ ક્ષેત્રે નવતર પરિણામો હાંસલ કરીને સમાજના ઉત્થાનમાં વધુ બહેતર નવતર પરિમાણો સર્જ્યા છે. સમાજ દ્વારા ત્રણ અતિથિ ભવન કાર્યરત છે. તે ઉપરાંત જરૂરિયાતમંદ સભ્યો માટે આવાસ યોજના અમલમાં મૂકી છે.

**સેવા અને સત્કાર્યોને સમર્પિત રહેવા સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે વિકાસનો સમન્વય સાધ્યો છે.** તાજેતરમાં તેના આંગણે એક અનેરા અવસરનું નિર્માણ થયું. ૨૦૨૦ના નવલા વર્ષે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પોતાની વિકાસ ગાથાની કિતાબના નવા પ્રકરણનું આલેખન કરવા માટે એક અદ્‌ભુત અવસર ઊભો કર્યો. **સમાજે નવી ઊંચાઈઓ સર કરવા, પ્રગતિનો સંકલ્પ પરિપૂર્ણ કરવા અમદાવાદના બોપલ વિસ્તારમાં એક નૂતન મેડિકલ સેન્ટરને આમ જનતાના લાભાર્થે ખૂલ્લું મૂક્યું.** આ સામાજિક કાર્ય થકી સમાજે એક નવા ઈતિહાસનું સર્જન કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમાજ દ્વારા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આ પ્રકારનું મેડિકલ સેન્ટર છેલ્લા ૨૨ વર્ષથી કાર્યરત છે. જ્યાં ઓ.પી.ડી.માં પ્રતિદિન ૪૦૦ જેટલા દર્દીઓ ખૂબ કિફાયતી દરે વિવિધ તબીબી સારવારનો લાભ ઉઠાવે છે. આ તબીબી કેન્દ્ર આધુનિક યંત્ર-સામગ્રીઓથી સજ્જ છે. સોનોગ્રાફી, એક્સ-રે, ટી.એમ.ટી., ડેન્ટલ, આંખ વિભાગ, પરીક્ષણ માટે લેબોરેટરી, ફિઝિયોથેરાપી, ન્યુરો, યુરોલોજી, નેફ્રોલોજી, ઇ.એન.ટી. જેવા વિવિધ ૩૦ વિભાગોમાં એમ.ડી. કક્ષાના ૫૦ જેટલા નિષ્ણાત ડોક્ટર્સની સેવાઓ આ તબીબી કેન્દ્રમાં ઉપલબ્ધ છે. ઓ.ટી. પણ છે અને આંખના મોતિયાના ઑપરેશન પણ નિયમિત થતા હોય છે. તે ઉપરાંત શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં ૧૧ મશીનો સાથે ડાયાલિસિસ સેન્ટર પણ ઊભું કર્યું છે.

આ પ્રકારની તમામ તબીબી સારવાર સેવાઓ બોપલ ખાતેના નવનિર્મિત મેડિકલ સેન્ટરમાં સમાજે કાર્યરત કરી છે. બોપલ વિસ્તારના બૃહદ રહેવાસીઓને આ સેન્ટરમાં ઉપલબ્ધ તબીબી સેવાઓથી ખૂબ લાભ થશે.

**આ રીતે જોઈએ તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પાયાના અનેક ક્ષેત્રોમાં વિકાસની હારમાળા રચીને હંમેશાં નવી કેડીઓ કંડારવા સફળતાપૂર્વકના પ્રયાસો કર્યા છે. બોપલ ખાતે નવા મેડિકલ સેન્ટરનું નિર્માણ કરીને, દૈદીપ્યમાન પ્રકાશ રેલાવીને સાર્વજનિક સેવા ક્ષેત્રે સમાજ એક કદમ આગળ વધ્યું છે.**

સમાજે પોતાની આગવી સૂઝ અને દીર્ઘદૃષ્ટિથી તથા સૌને પ્રભાવિત કરે તેવી ઉપરોક્ત સેવાકીય કામગીરીથી સંસ્થાને અગ્ર હરોળમાં મૂકી છે. અલબત્ત, આ પ્રકારના બધા કાર્યોમાં દાતાશ્રીઓનું આર્થિક યોગદાન પાયાની ઈંટ સમાન હોય છે. અત્રે એ પણ નોંધવું ઘટે કે દ્રઢ ઈચ્છાશક્તિ, સાતત્યપૂર્ણ હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને સમાજ પરિવારજનોના સાક્ષાત્કારના સમન્વયથી અમદાવાદ ખાતેના શ્રી કચ્છી જૈન સેવા સમાજે તમામ ક્ષેત્રે નવતર સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યા છે. આ સંસ્થા સામાજિક સેવા કાર્યને સદાય સમર્પિત રહી છે, તેની યોગ્ય નોંધ લેવી ઘટે છે.

ઉપરોક્ત સ્થિતિનું વિહંગાવલોકન કરતાં સ્પષ્ટ થાય છે કે, કોઈપણ સમાજે પ્રગતિ હાંસલ કરવી હશે તથા આર્થિક રીતે સધ્ધરતા પ્રાપ્ત કરવી હશે તો વિવિધ વિષયો સંબંધી વ્યવસ્થિત યોજનાઓ - પ્રોજેક્ટ તૈયાર કરી, તેને પ્રોફેશનલ ટચ આપીને તેવા પ્રોજેક્ટ સફળ બનાવી શકાય. આ કામગીરી સભ્યોના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો અને સાથ-સહકાર સાથે જોડાયેલી છે. **સૌએ જાગૃત થઇને, સમાજની પ્રવૃત્તિઓ, કાર્યક્રમો અને ભાવિ યોજનાઓમાં દરેકે પોતાનો શક્ય સહયોગ પ્રદાન કરવો પડે. સમાજને સમર્પિત રહેવું પડે. જૂની ઘરેડમાંથી બહાર આવીને વર્તમાન વૈશ્વિક માહોલ તરફ નજર નાખવી પડશે.** જેની નસેનસમાં સમાજની પ્રગતિની ભાવના સમાયેલી છે, એવા આદર્શ વિચારો ધરાવતા કાર્યકર્તાઓ આગળ આવો... 'સૌના હાથ – સૌનો વિકાસ' એ સંદેશ સ્પષ્ટ છે. બોપલ ખાતેનું નવનિર્મિત મેડિકલ સેન્ટર તેનું ઉદાહરણ છે. સમાજના સેવાયજ્ઞમાં સૌની કટીબધ્ધતા પ્રથમ જોઈએ.

આ પરિસ્થિતિમાં બોપલ ખાતેનું મેડિકલ સેન્ટર કાર્યરત થવાની કામગીરીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સામાજિક સેવાના ક્ષેત્રમાં ચાર ચાંદ લગાવ્યા છે. ■

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

## વિશ્વ : અગત્યના દિન

### માસ : ફેબ્રુઆરી

**ભારત**

- ૦૧ જમનાદાસ બજાજ પુણ્યતિથિ
- ૦૨ તટરક્ષક દિન
- ૧૨ સર્વોદય દિન, ઉત્પાદકતા દિન
- ૧૪ વેલેન્ટાઈન ડે
- ૧૮ રામકૃષ્ણ પરમહંસ જન્મદિન
- ૨૧ માતૃભાષા દિન
- ૨૨ કસ્તૂરબા ગાંધી પુણ્યતિથિ
- ૨૪ સેન્ટ્રલ એક્સાઈઝ દિન
- ૨૮ રાષ્ટ્રીય વિજ્ઞાન દિન
- ૨૯ મોરારજી દેસાઈ જન્મદિન

**વિશ્વ**

- ૦૪ વિશ્વ કેન્સર દિન
- ૧૪ વેલેન્ટાઈન ડે

### માસ : માર્ચ

**ભારત**

- ૦૧ આર્મી પોસ્ટલ સર્વિસ દિન
- ૦૪ રાષ્ટ્રીય સુરક્ષા દિન
- ૧૨ દાંડીકૂચ દિન
- ૨૩. શહીદ ભગતસિંહ પુણ્યતિથિ

**વિશ્વ**

- ૦૮ વિશ્વ મહિલા દિન
- ૧૫ વિશ્વ ગ્રાહક દિન
- ૧૬ વિશ્વ રસીકરણ દિન
- ૨૦ વિશ્વ ચકલી દિન
- ૨૧. વિશ્વ વન દિન, વિશ્વ રંગભેદની નીતિ સમાપ્તિ દિન
- ૨૨ વિશ્વ જળ દિન
- ૨૩ વિશ્વ મોસમ વિજ્ઞાન દિન
- ૨૪ વિશ્વ ક્ષય દિન
- ૨૭ વિશ્વ રંગભૂમિ દિન

# નવનીત મેડિકલ સેન્ટર - બોપલ : શુભેચ્છા પત્રો

**બોપલ મધ્યે નવનીત મેડિકલ સેન્ટરના પ્રારંભ પ્રસંગે..**

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ થકી ખૂબ જ નામના મેળવનાર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પોતાની સેવામાં વધુ એક પ્રકલ્પ નવનીત ફાઉન્ડેશન્સના સહયોગથી બોપલ મધ્યે નવનીત મેડિકલ સેન્ટરના પ્રારંભ પ્રસંગે આપશ્રીનું મને આમંત્રણ મળેલ છે. આ પ્રસંગે મને યાદ કરવા બદલ આપનો ખૂબ જ આભારી છું. પરંતુ હું અગાઉથી નિર્ધારીત અન્ય કાર્યક્રમમાં વ્યસ્ત હોવાથી આપના આ કાર્યક્રમમાં હાજર રહી શકીશ નહીં. તો ક્ષમા કરશોજી.

કાર્યક્રમની સફળતા અંગે મારી હાર્દિક શુભકામના પાઠવું છું. આભાર...

*તારાચંદ છેડા - પૂર્વ મંત્રીશ્રી*

★

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પ્રેરિત બોપલ ખાતેના મેડિકલ સેન્ટર અંગે**

જય ભારત સાથે જણાવવાનું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા બોપલ ખાતે અદ્યતન મેડિકલ સેન્ટરનો શુભારંભ તા. ૧૨-૦૧-૨૦૨૦ રવિવારે થવા જઈ રહ્યો છે. તેની આમંત્રણ પત્રિકા અમોને પ્રાપ્ત થઈ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિવિધ ક્ષેત્રે ખૂબ જ ભવ્ય રીતે અનેક ક્ષેત્રમાં સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે અને તેમાંય ખાસ કરીને આપણા હાલના જીવનમાં જેની સૌથી વધારે જરૂરિયાત છે તેવી મેડિકલ સેવાઓમાં આપનો સમાજ અદ્ભુત પ્રશંસનીય કામગીરી કરી રહ્યો છે અને આ સેવાઓ બોપલ ખાતે વિસ્તારવાનો સંનિષ્ઠ પ્રયાસ આપ સૌના દ્વારા કરવામાં આવી રહ્યો છે તે માટે આપ સૌને અમે અંતઃકરણપૂર્વકનાં અભિનંદન પાઠવીએ છીએ. શ્રી કચ્છી જૈન સેવા સમાજની સ્થાપના જ્યારથી થઈ છે ત્યારથી અમે અનુભવ્યું છે કે **કોઈપણ ક્ષેત્રની કામગીરીમાં આપના સમાજે પૂર્ણ વિરામ નથી મૂક્યું, અલ્પવિરામ મૂકીને એ ક્ષેત્રની કામગીરીએ સતત નવી ઊંચાઈઓ સર કરી છે. આવી સુંદર અને સરાહનીય કામગીરી ભાગ્યે જ કોઈ સમાજમાં આપણે જોઈ શકીએ છીએ.** આ પત્રથી ભાવનગર કચ્છ સમાજનાં સમગ્ર પરિવાર વતી આપ સૌને હાર્દિક અભિનંદન પાઠવું છું. આ રીતે આપનો સમાજ સામાજિક સેવાના દરેક કાર્યોમાં અગ્રેસર બની રહે તે માટે ઈશ્વર આપને સૌને ખૂબ જ શક્તિ આપે એ જ અભ્યર્થના.

આપનું નિમંત્રણ અમારા હૃદયને સ્પર્શી ગયું છે અને આ પ્રસંગે ખાસ અમોને યાદ કરી આવા શિરમોર પ્રસંગમાં ઉપસ્થિત રહેવાની તક અમોને આપી છે તે બદલ અમો ખૂબ જ ધન્યતા અનુભવીએ છીએ. હાલમાં અમો અમારા સમાજ દ્વારા આગામી તા. ૨૫-૨૬ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ ૨૨મું કચ્છીકલા પ્રદર્શન યોજી રહ્યા છીએ. તેના સંદર્ભમાં રહેતી કામગીરીને અનુલક્ષીને કદાચ હાજર ન રહી શકાય તેવા સંજોગોમાં આપને શુભેચ્છા પત્ર પાઠવેલ છે. આ સુવર્ણ પ્રસંગમાં ઉપસ્થિત રહેવાની અભિલાષા અમોને છે. સંજોગો અનુકૂળ હશે તો અમો ચોક્કસથી હાજરી આપીશું. આભાર સાથે...

*મહેન્દ્ર એસ. શાહ*
*પ્રમુખ, ભાવનગર કચ્છ સમાજ - ભાવનગર*

★

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*આ સમાજ છે સદાય ઝળહળતો...*
*સેવા પ્રવૃત્તિઓથી... સદાય મઘમઘતો...*

બોપલ ખાતે નવનિર્મિત - શ્રી નવનીત મેડિકલ સેન્ટરના ઉદ્ઘાટન પ્રસંગનું આમંત્રણ મળ્યું. આભાર સાથે અભિનંદન.

સમાજની સામાજિક પ્રવૃત્તિઓનો વ્યાપ વધારતા... વિકાસના પંથે નવી કેડી કંડારી સદાય આગળ ને આગળ ડગ માંડવાની આપસૌની કામગીરીને બિરદાવીને સૌ પદાધિકારી, ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન.

જરૂરિયાતમંદ દર્દીઓને સહાયભૂત થવા - સસ્તા દરે મેડિકલ સેવા પૂરી પાડવાના આપના આ અભિયાનને સલામ!

નવનીત પરિવાર તથા સાવલા પરિવાર જેવા મુઠ્ઠી ઊંચેરા માનવીઓના સથવારે, ઉદારદિલ પરિવારના સહયોગથી પ્રારંભ થતી આ પ્રવૃત્તિને આમ જનતામાંથી બહોળો પ્રતિસાદ સાંપડશે. સમાજની આ પરોપકારી, માનવ ઉપયોગી પ્રવૃત્તિ સફળતાને વરશે. સેવાને ભેખધારી તથા દાનની સરિતા વહેવડાવનારને સલામ... પ્રણામ... વંદન...

આ શુભ પ્રસંગે મને યાદ કર્યો તે માટે આપનો આભાર. એટલું જ નહીં, 'મંગલ મંદિર' સંભારણા વિશેષાંક-૪ માં પણ મને યાદ કર્યો તે માટે પણ આભાર... **આ સમાજની એક વિશિષ્ટતા રહી છે કે પાયાના કાર્યકરોને હંમેશાં યાદ કરી તેમની સેવાની નોંધ લેવાય છે. તે સમાજનું એક ઉજળું પાસું છે**, અભિનંદનીય છે.

*કાર્યક્રમની સફળતા ઈચ્છું છું.*

*કાર્યકરોને ફરી ધન્યવાદ આપી વિરમું છું. આભાર.. અભિનંદન..*

*પ્રભુલાલ કે. સંઘવી - ગાંધીધામ*
*મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● રવિવાર, તા. ૧૬-૦૨-૨૦૨૦ બપોરે ૦૩.૦૦થી ૦૫.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ મેરેજ બ્યુરો સમિતિ | લગ્નોત્સુક પાત્રોના પસંદગી દરમિયાન મુંઝવતા પ્રશ્નો સંબંધી સેમિનાર કમ ગેટ-ટુ-ગેધર. મેરેજ કાઉન્સિલર દ્વારા વાર્તાલાપ. |
| ● શુક્રવાર, તા. ૨૧-૦૨-૨૦૨૦ સાંજે ૦૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વયસ્ક સમિતિ | માતૃભાષા વિશે માહિતી, સ્પર્ધા, ગુજરાતી અંતાક્ષરી, હાઉસી વગેરે. |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સામાન્ય રીતે સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ હોય છે.*

## શક્તિદાયી વિચાર : પ્રેમ અને નિઃસ્વાર્થતા

- નિઃસ્વાર્થતા વધુ લાભદાયક છે, પરંતુ તેનું આચરણ કરવા જેટલું ધૈર્ય લોકોમાં હોતું નથી.
- ઉચ્ચ સ્થાન પર ઊભા રહીને અને હાથમાં થોડાક પૈસા રાખીને ગરીબ માણસને એમ નહીં કહો, "આય, આ લે ભાઈ"; પરંતુ ઉપકાર માનો કે ગરીબ માણસ સામે ખડો છે. એટલે તમે તેને દાન આપીને તમારી જાતને જ સહાય કરી શકો છો. લેનાર નહીં પણ દેનાર જ ધન્ય છે. ઉપકાર માનો કે આ જગતમાં તમારી ઉદારતા તથા દયાની શક્તિને પ્રગટ કરવાનો અને એ રીતે શુદ્ધ અને પૂર્ણ બનવાનો તમને અવસર પ્રાપ્ત થયો છે.
- બીજાનું ભલું કરવાના સતત પ્રયત્નો કરીને આપણે પોતાની જાતને ભૂલી જવા મથીએ છીએ; આ રીતે પોતાની જાતને ભૂલી જવી એ જીવનમાં આપણે શીખવાનો એક મહાન બોધપાઠ છે. માણસ એવું માનવાની મૂર્ખાઈ કરે છે કે પોતે પોતાને સુખી કરી શકશે, પણ વર્ષોના સંઘર્ષ પછી આખરે તેને સમજાય છે કે **સાચું સુખ તો સ્વાર્થત્યાગમાં રહેલું છે અને પોતાના સિવાય અન્ય કોઈ માણસ તેને સુખી કરી શકે નહીં.**
- સ્વાર્થ એટલે અનીતિ અને સ્વાર્થત્યાગ એટલે નીતિ.
- ખ્યાલ રાખો કે સમગ્ર જીવન એટલે આપતાં રહેવું તે; પ્રકૃતિ જ તમને આપતા રહેવાની ફરજ પાડશે. એટલે રાજીખુશીથી આપો... તમે સંગ્રહ કરવા માટે જીવન ધારણ કર્યું છે. મુઠ્ઠી ભરીને તમે બધું લઈ લેવા ઇચ્છો છો. પરંતુ પ્રકૃતિનો પંજો તમારા ગળા ઉપર પડે છે અને તમારા હાથની મુઠ્ઠી ઉઘડાવે છે. તમે ઇચ્છો કે ન ઇચ્છો, તમારે આપવું જ પડશે. જે ક્ષણે તમે કહો છો "હું નહીં આપું" તે જ ક્ષણે ફટકો પડે છે; તમે જખ્મી બનો છો. આ જગતમાં એવું કોઈપણ નથી કે જેને આખરે તો બધું છોડી દેવાની ફરજ ન પડે.
- તમામ પૂજા - ઉપાસનાઓનો સાર આ છે – શુદ્ધ થવું અને બીજાનું ભલું કરવું. જે મનુષ્ય દીન-દુર્બળ અને રોગી લોકોમાં શિવનું દર્શન કરે છે અને એ જ સાચા અર્થમાં શિવનો ઉપાસક છે; પરંતુ જો તે કેવળ મૂર્તિમાં જ શિવનું દર્શન કરતો હોય તો તેની ઉપાસના કેવળ પ્રાથમિક દશાની છે.
- નિઃસ્વાર્થવૃત્તિ જ ધર્મની કસોટી છે. જે મનુષ્યમાં આવી નિઃસ્વાર્થવૃત્તિ વધારે પ્રમાણમાં હોય તે વધુ આધ્યાત્મિક અને શિવ ભગવાનની વધુ સમીપ છે... **જો કોઈ મનુષ્ય સ્વાર્થી હોય – પછી ભલે તે બધાય મંદિરોમાં જતો હોય, ભલે બધા તીર્થધામોની યાત્રા તેણે કરી હોય અને ભલે એક દીપડાની માફક પોતાની જાતને અનેક ટીલાં ટપકાથી શણગારી હોય, તો પણ ભગવાન શિવથી તે ઘણો ઘણો દૂર છે.**
- હું કેવળ પ્રેમ અને પ્રેમનો જ ઉપદેશ આપું છું – અને પરબ્રહ્મની એકતા અને સર્વવ્યાપકતાનું વેદાંતનું મહાન સત્ય એ મારા ઉપદેશનો પાયો છે.
- પહેલાં અન્ન, પછી ધર્મ. જ્યારે ગરીબ લોકો ભૂખે મરતા હોય છે ત્યારે આપણે તેના ઉપર વધુ પડતો ધર્મ લાદીએ છીએ. મતવાદોથી કંઈ ભૂખની જ્વાળા શાંત પડે નહીં... તમે ભલે લાખો સિદ્ધાંતોની વાત કરો, તમે ભલે કરોડો સંપ્રદાયો ઊભા કરો, પણ જ્યાં સુધી તમારી પાસે સંવેદનશીલ હૃદય ન હોય, વેદના ઉપદેશ પ્રમાણે જ્યાં સુધી એમના માટે લાગણી ન ધરાવો, જ્યાં સુધી તમને એવું ભાન ન થાય કે તેઓ તમારા શરીરના અંગરૂપ છે, જ્યાં સુધી તમને એવું ભાન ન થાય કે તમે સૌ, રંક અને ધનિક, સંત અને પાપી એ તમામ, જેને તમે બ્રહ્મ કહો છો એવા એક અનંત વિરાટના ભાગરૂપ છો ત્યાં સુધી એ બધું વ્યર્થ છે.
- **દુઃખી મનુષ્યો માટે લાગણી ધરાવો અને એમને સહાય પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરો** – એવી સહાય અવશ્ય આવી મળશે. મારા હૃદય ઉપર આ ભાર રાખીને અને મારા મસ્તકમાં આ ખ્યાલનું સેવન કરીને મેં બાર બાર વર્ષ સુધી ભ્રમણ કર્યું. કહેવાતા ધનિકો અને મોટા માણસોના બારણે હું ગયો. સહાયની શોધમાં લોહી નીંગળતે હૃદયે અડધી દુનિયા ઓળંગીને હું આ અજાણી ભૂમિમાં આવ્યો. પ્રભુ મહાન છે. હું જાણું છું કે એ મને સહાય કરશે. હું આ ભૂમિમાં ઠંડી કે ભૂખથી ભલે મૃત્યુ પામું. પરંતુ હે નવયુવાનો, હું તમને વારસામાં ગરીબ, અજ્ઞાન અને પીડિત લોકો માટે આવી સહાનુભૂતિ, આવો સંઘર્ષ મૂકતો જાઉં છું.

*– સ્વામી વિવેકાનંદ*

યુગદષ્ટા

# કચ્છમાં સ્વામી વિવેકાનંદજી

યુવાનોના પ્રેરણાસ્રોત, યુગદષ્ટા સ્વામી વિવેકાનંદજીનો તાજેતરમાં જન્મદિવસ હતો. ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો... સ્વામીજીનો આ પ્રસિદ્ધ સંદેશ સેંકડો વર્ષથી પ્રાસંગિક છે, સફળતાનો મંત્ર છે. સિદ્ધિ પ્રાપ્તિનોય આ મંત્ર છે. ભગવદ્ ગીતાનો સંદેશ છે – **કર્મ કરો, ફળની અપેક્ષા રાખ્યા વગર... વિવેકાનંદજી સ્પષ્ટ વક્તા છે. તેમનું કથન છે – જો જીતવું હોય, લક્ષ્ય હાંસલ કરવું હોય તો એકાગ્રતાથી કામ કરવું પડશે, લગનથી મંડ્યા રહેવું પડશે.** આને સ્વામીજીનો કર્મબોધ કે કર્મગીતા ન કહી શકાય?

૧૨મી ડિસેમ્બર, ૧૮૬૩ના રોજ કોલકાતા ખાતે વિવેકાનંદનો જન્મ. અદ્ભુત જીવન દર્શન, સિદ્ધાંત, અલૌકિક વિચાર અને પોતાના આદર્શો પર સફળતાપૂર્વક ચાલનારા **સ્વામીજીના જન્મદિવસને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે મનાવવામાં આવે છે.** ભારતને વિશ્વવિજયી બનાવવાનું સપનું સેવતા સ્વામી વિવેકાનંદની કચ્છ મુલાકાતને આજે યાદ કરીએ.

૧૮૯૧માં સ્વામીજીએ પરિવ્રાજક સાધુ તરીકે સમગ્ર દેશનું ભ્રમણ કરવાનો નિર્ણય કર્યો. તેઓ એકલા જ દિલ્હીથી રવાના થઈ સૌરાષ્ટ્રમાં પ્રવેશ્યા. વિવિદિશાનંદ નામ સાથે સ્વામી અજ્ઞાત સાધુ તરીકે ભ્રમણ કરતા હતા. 'કચ્છમિત્ર'માં તા. ૧૦મી મે, ૨૦૦૫ના રોજ નવીનભાઈ વાલજી ઠક્કરે વિવેકાનંદજીની કચ્છ યાત્રાનો પ્રસંગ ટાંક્યો છે. લીંબડીમાં તેઓ ઠાકોર સાહેબના મહેમાન બન્યા. લીંબડીમાં ગોવર્ધન મઠના શંકરાચાર્યજીનોય ઉતારો હતો. બંનેની ધર્મચર્ચા લીંબડી ઠાકોર સાહેબના મહેલમાં યોજાઇ અને શંકરાચાર્ય આ યુવા સંન્યાસીની વીરતા જોઈને ખૂબ પ્રભાવિત થયા હતા. **જૂનાગઢથી સ્વામીજી ભુજ આવ્યા. અહીં તેમનો ઉતારો રાજ્યના દીવાન સાહેબને ત્યાં હતો.** કચ્છના મહારાવ પર સ્વામીજીનો જબરો પ્રભાવ પડ્યો અને તેમના પ્રશંસક બની ગયા. પુસ્તકો અને લેખનોમાં એવું નોંધાયું છે કે પરિવ્રાજક જીવન દરમિયાન સ્વામીજી બે વખત કચ્છ આવ્યા હતા. કચ્છના તત્કાલીન દીવાન સાથે ધર્મચર્ચા ઉપરાંત દેશના ઔદ્યોગિક અને ખેતી વિષયક સમસ્યાઓની પણ સ્વામીજી ચર્ચા કરતા. **વિવેકાનંદ બીજી મુલાકાત વેળાએ માંડવી આવેલા અને સ્વામી અખંડાનંદ સાથે પખવાડિયું ગાળ્યું હતું એવો ઉલ્લેખ છે. તે સમયે મહારાવના આગ્રહથી તેઓ ભુજ પણ આવેલા. તેમણે નારાયણ સરોવર, કોટેશ્વર, માતાના મઢ જેવા પવિત્ર સ્થાનોના દર્શન કર્યા હતા.** ૧૮૯૩માં વિવેકાનંદ અમેરિકા જવા નીકળ્યા. ઝભ્ભા અને સાફામાં સજ્જ અજ્ઞાત, અકિંચન સંન્યાસીએ **શિકાગોની વિશ્વ સર્વધર્મ પરિષદમાં** અદ્ભુત પ્રવચન આપીને સાબિત કરી દીધું કે ભારતના આધ્યાત્મિક વિચારોને વિજ્ઞાનનું સમર્થન છે. આવી મહાન વિભૂતિ ૩૯ વર્ષની અલ્પ આયુ સુધી જ આપણી વચ્ચે રહી. ગુરુ રામકૃષ્ણજીએ વિવેકાનંદના શરીરનું નિરીક્ષણ કરતાં કહેલું – તારા શારીરિક ચિહ્નો સારા છે પરંતુ એક ખામી એ છે કે ઊંઘમાં તારો શ્વાસ વધુ ઝડપથી ચાલે છે. યોગીઓ કહે છે કે આવા પુરુષનું આયુષ્ય ટૂંકું હોય છે અને ગુરુદેવની આગાહી સાચી પડી. ૪થી જુલાઈ, ૧૯૦૨ના રોજ તેમણે મહાસમાધિ લીધી. કેવું ઓજસ્વી વ્યક્તિત્વ! વિદાયને ૧૧૮ વર્ષ થયા છતાં તેમના વિચારો, આદર્શો આજે ભારતવર્ષને પ્રેરિત કરે છે. **તેમના જન્મ દિવસે કચ્છની ઉભરતી પેઢીને એટલું જ કહેવાનું કે – સ્વામી વિવેકાનંદના જીવન, તેમના વિચારોને જાણો. તેમાંથી એક અંશ જેટલું આચરણ કરશો તોય જીવન સાર્થક બની જશે.** વિવેકાનંદ તો એક અને અજોડ છે. તેમણે નિહાળેલા સ્વપ્ન સાકાર કરવાની નવી પેઢીની જવાબદારી છે. આજના કિશોરો અને યુવાનો સોશિયલ મીડિયામાં વ્યસ્ત છે. ટેકનોલોજી તેમની આંગળીના ટેરવે આવી ગઈ છે. ચાલો, માની લઈએ કે એમાં (અતિરેક ન હોય તો) કંઈ ખોટું નથી, પરંતુ ઇન્ટરનેટમાં દરરોજ એક સર્ચ સ્વામી વિવેકાનંદજીના વિચારો, પ્રેરક પ્રસંગો પર મારી જ લેવું... એ પણ યુગપુરુષને મોટું અર્ઘ્ય હશે. તમારું વ્યક્તિત્વ અને દેશનું ચરિત્ર ઘડાશે. ■

**સાર**

*ગઈકાલ બની ગઈ છે ભૂતકાળ. ભૂતકાળની ભૂલોને યાદ કરીને આંસુ સારવાથી શું વળે?*

*આવતીકાલ છે અજાણી શક્યતાઓની શૃંખલા, શમણાંની માયાવી સૃષ્ટિ.*

*આજ અને માત્ર આજ જ છે આપણી પાસે – આપણી શક્તિઓને પુરવાર કરવા, ભવિષ્યની સફળતાનો પાયો ચણવા.*

પરિચય

# સાહિત્યિક ક્ષેત્રે અનન્ય સિદ્ધિ હાંસલ કરનાર : શ્રી દિનેશ પાંચાલ



રજૂઆત :
દિનેશ આર. મહેતા

● **સાહિત્યિક પરિચય :**

તજજ્ઞ સર્જક, સાહિત્યકાર શ્રી દિનેશ પાંચાલના નીચે મુજબના કુલ પંદર પુસ્તકો પ્રગટ થયા છે : (૧) જીવન સરિતાને તીરે, (૨) ધૂપછાંવ, (૩) ચાલો, આ રીતે વિચારીએ, (૪) મનના મોરપીંછ, (૫) જીવનસરિતા, (૬) શબ્દનો સ્વયંવર, (૭) બોલો ઈશ્વર છે કે નથી? (૮) સ્ત્રી : સંસારલક્ષ્મી, (૯) ઉરે ઉગ્યો અરુણ, (૧૦) તનકતારા, (૧૧) અંતરના ઈન્દ્રધનુષ, (૧૨) ધરમકાંટો, (૧૩) હૈયાનો હસ્ત મેળાપ (બીજી આવૃત્તિ), (૧૪) મનના માયાબજારમાં, (૧૫) સંસારની સિતાર.



શ્રી દિનેશ પાંચાલ

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી પાંચાલ સાહેબના મોટાભાગના પુસ્તકોનું પ્રકાશન અમદાવાદના શ્રેષ્ઠ પ્રકાશન પ્રતિષ્ઠાનો પૈકી એક, ગૂર્જર સાહિત્ય પ્રકાશન દ્વારા થાય છે.

***તેઓશ્રીની વિવિધ છાપા તથા સામયિકોમાં પ્રકાશિત થતી કોલમોની વિગત નીચે મુજબ છે :***

★ ‘ગુજરાત મિત્ર’ની રવિ પૂર્તિમાં ‘જીવન સરિતાને તીરે’ કોલમ ૩૦ વર્ષથી ચાલે છે.

★ રાજકોટના ‘જયહિંદ’ છાપામાં ‘મનના માયાબજારમાં’ કોલમ ચાલે છે.

★ ‘રાહબર’ સાપ્તાહિકમાં કોલમ ‘અંતરના આંગણેથી’ ચાલે છે.

★ ‘પ્રાણવાયુ’ નામના મેડિકલ મેગેઝિનમાં નિયમિત લેખો પ્રગટ થાય છે.

★ ‘ગુજરાત ગાર્ડિયન’માં ‘સંસારની સિતાર’ કોલમ લખી.

★ ‘જનસત્તા’માં ‘જીવનની સરગમ’ કોલમ લખી.

★ ‘પ્રિય મિત્ર’માં ‘દિલના દૂરબીન’ કોલમ લખી.

★ ‘ગુજરાત સમાચાર’માં ‘દર્પણ જુઠ ન બોલે’ કોલમ બાર વર્ષ સુધી લખી.

★ આ સિવાય નીચેના મેગેઝિનોમાં નિયમિત અથવા આમંત્રણથી લેખો પ્રગટ થાય છે : (૧) જનકલ્યાણ, (૨) સૌજન્ય માધુરી, (૩) વિવેકપંથી, (૪) મંગલ મંદિર, (૫) વૈશ્વિક મોઢ પરિવાર, (૬) સખી, (૭) મમતા, (૮) પ્રાણવાયુ મેગેઝિન અને વિવિધ કૉલેજોની સ્મરણિકામાં આમંત્રણથી લેખો છપાય છે.

★ ઈન્ટરનેટ પર ચાલતી ત્રણ વેબસાઈટ : (૧) રીડ ગુજરાતી, (૨) સન્ડે મહેફિલ, (૩) અભિવ્યક્તિમાં લેખો પ્રગટ થાય છે.

★ ઈન્ટરનેટના ફેસબુક પર રેશનલ લેખો પ્રગટ થાય છે.

***નીચે પ્રમાણે ઍવોર્ડ મળ્યા છે :***

★ ‘સવિતા’ વાર્તા સ્પર્ધામાં બે વાર ઈનામો મળ્યા.

★ ‘વિજ્ઞાનમંચ’ - નવસારી તરફથી રેશનલ ચિંતન બદલ ઍવોર્ડ મળ્યો.

★ ‘મંગલ મંદિર’ના વિશિષ્ટ લેખ બદલ બે વાર ઈનામ મળ્યું.

★ પુસ્તક ‘મનના મોરપિંછ’ને રૂા. ૫,૦૦૦/-નું સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું.

★ ‘અંતરના ઈન્દ્રધનુષ’ પુસ્તકને ગુજરાત સાહિત્ય પરિષદ તરફથી ઈનામ મળ્યું.

★ ‘મનના માયાબજાર’ પુસ્તક માટે શ્રી જનક નાયક સ્મૃતિ ચંદ્રક મળ્યો.

★ ‘પૂર્ણેશ્વર ટાઈમ્સ’ તરફથી નવસારીના સાહિત્યકાર તરીકે સાહિત્ય સન્માન.

★ નવસારીના મેડિકલ એસોસિએશન દ્વારા સન્માન.

★ સુશીલાબેન નાયક સંચાલિત સુવિધા ટ્રસ્ટ તરફથી જાહેર સન્માન.

★ ભક્તાશ્રમના પાટીદાર સમાજ દ્વારા કટાર લેખક તરીકે જાહેર સન્માન.

★ શ્રી સોરાબજી વાડિયા શ્રેષ્ઠ શાળા પુરસ્કાર ઍવોર્ડના ફાઈનલ જજ તરીકે (બી.એડ. કૉલેજના બે પ્રિન્સિપાલ શ્રી દિનુભાઈ નાયક અને શ્રી ચંપકભાઈ ઝેડ. શાહ સાથે ત્રીજા જજ તરીકે) સેવા આપી.

(અનુ. : જુઓ પાના નં. – ૧૭ ઉપર)

વિચાર મંથન

# 'મારે નથી જાવું તીરથધામ...'



દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ

એક મિત્ર મીઠાઈની દુકાને મળી ગયા. અમને કહે, 'આજે માનું શ્રાદ્ધ છે. લાડુ મા ની પ્રિય વાનગી છે એટલે લાડુ લેવા આવ્યો છું!' અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો. હજી પાંચ મિનિટ પહેલા તો અમે એમની માને શાક માર્કેટમાં મળ્યા હતા. અમે કાંઈ બોલીએ તે પહેલા ખુદ માતાજી હાથમાં થેલી લઈને ત્યાં આવી પહોંચ્યા. તેમને જોઈ અમે પૂછ્યું, 'ભલા માણસ, આ શી મજાક માંડી છે? માજી તો આ રહ્યા તારી બાજુમાં...!' મિત્રે માતાના ખભા પર હાથ મૂક્યો અને હસીને કહ્યું : 'જુઓ સાંભળો... માના મર્યા બાદ ગાય- કાગડાને વાસમાં લાડુ મૂકવાને બદલે હું જીવતા જીવત જ એમના ભાણામાં લાડુ મૂકીને એમને તૃપ્ત કરવા માગું છું. **હું માનું છું કે જીવતાજીવત જ મા-બાપને સર્વ વાતે સુખી કરો એ સાચું શ્રાદ્ધ ગણાય!** માને સોસિયો બહુ ભાવે છે. હું એમને માટે સોસિયો હંમેશાં ફ્રીજમાં રાખું છું. એમને ખાજલી, સફેદ જાંબુ, સુતરફેણી વગેરે બહુ ભાવે છે. તે બધું જ હું એમને ખવડાવું છું. શ્રદ્ધાળુઓ મંદિરે જઈ અગરબત્તી સળગાવે છે. હું મંદિરે જતો નથી પણ માના સૂવાના ઓરડામાં કાચબા છાપ અગરબત્તી સળગાવી આપું છું. સવારે મા ગીતા વાંચવા બેસે ત્યારે માના ચશ્મા જાતે સાફ કરી આપું છું. **મને લાગે છે કે ભગવાનનો ફોટો કે મૂર્તિ સાફ કરવા કરતાં ઘરડી માના ચશ્મા સાફ કરવાથી વધુ પુણ્ય મળે છે.**'

મિત્રની વાત શ્રદ્ધાળુઓને કઠે એવી છે પણ વાતમાં વજુદ છે. આપણે વડીલોના મૃત્યુ બાદ શ્રાદ્ધ કરીએ છીએ. જ્ઞાતિને લાડુ અને દૂધપાકનું જમણ જમાડીએ છીએ. રીવાજ ખાતર ભલે તેમ કરવું પડતું, પણ યાદ રહે ગાય - કાગડાને ખવડાવેલું કદી ઉપર પહોંચતું નથી. અમેરિકા અને જાપાનમાં પણ સ્વર્ગ માટેની કોઈ 'ટિફિન સેવા' હજી શરૂ થઈ નથી. માવતરને જીવતાજીવત જ બધા સુખો આપીએ તે ઉત્તમ શ્રાદ્ધ ગણાય.

એક સત્ય સમજી લેવા જેવું છે. દીકરાઓ ગમે તેટલા શાણા, સમજુ અને પ્રેમાળ હોય તો પણ ઘડપણની પીડા અને અસહાયતાનો તેમને ખ્યાલ આવી શકતો નથી. આંખે દેખાતું બંધ થયા પછી જ અંધાપાની લાચારી સમજાય છે. કાને સંભળાતું બંધ થાય પછી જ એ દુઃખની સાચી પીડા જાણી શકાય છે. **એ સંજોગોમાં વૃદ્ધોને પૈસા કરતાં પ્રેમની અને ટીકા કરતાં ટેકાની વધુ જરૂર છે.** આજના તણાવયુક્ત જીવનમાં દીકરાઓને માથે પણ તરેહ તરેહના ટેન્શનો અને જવાબદારીનું ભારણ રહેતું હોય છે. તેઓ ઇચ્છવા છતાં મા-બાપની પૂરી કાળજી લઈ શકતા નથી. એવા દીકરાઓને કંઈક માફ કરી શકાય. પરંતુ કેટલાક યુવાનો પત્ની અને સંતાનોની કાળજી લે છે, તેટલી ઘરડા મા-બાપોની નથી લેતા. સમાજના મોટાભાગના વૃદ્ધો અનેક પ્રકારની અવહેલના ઝીલતા (હોઠ ભીડીને) જીવ્યે જાય છે. ત્યારે દીકરાઓ મા-બાપને પાશેર ખમણ ખવડાવતા નથી અને મર્યા બાદ હજારો રૂપિયા ખર્ચીને જ્ઞાતિને જમાડે છે, બ્રાહ્મણોને દાન આપે છે, તીર્થ સ્થળોએ જઈ શ્રાદ્ધ કરે છે. આ બધા નિરર્થક ક્રિયાકાંડ છે. **જૂની પેઢીના લોકોની એ જર્જરિત મનોદશામાં કોઈ પરિવર્તન આવવાનું નથી. પરંતુ આજના યુવાનોએ એવા ખોખલા રિવાજોને તિલાંજલી આપવી જોઈએ.**

સંતો કહે છે, 'નાનપણમાં આપણે ચાલી નહોતા શકતા ત્યારે મા-બાપ આપણી આંગળી ઝાલતા. હવે તેઓ ચાલી નથી શકતા ત્યારે આપણે તેમનો હાથ ઝાલવો જોઈએ.' વારંવાર એક વાત સમજાય છે. **ઘરડા મા-બાપને તીર્થયાત્રા કરવા ન લઇ જાઓ તો ચાલશે, તેમનો હાથ ઝાલીને સંડાસ સુધી દોરી જાઓ તો એમાં અડસઠ તીર્થનું પુણ્ય સમાઈ જાય છે.** કહે છે કે મા-બાપ બે વખત રડે છે : એક દીકરી ઘર છોડે ત્યારે અને બીજું દીકરા તરછોડે ત્યારે... પણ માએ તો જિંદગીભર રડવાનું જ હોય છે. છોકરા નાના હોય અને જમે નહીં એટલે મા રડે અને એ છોકરા મોટા થઈને જમાડે નહીં ત્યારે પણ મા રડે છે. સંજોગની એ વિચિત્ર વિડંબના છે કે જે બાળકને માએ બોલતાં શીખવ્યું હોય એ દીકરો મોટો થઈને માને ચૂપ રહેવાનું કહે છે. (જો કે બદલાયેલા જમાના પ્રમાણે હવે એ વાતમાં સમજદારી રહેલી છે કે દીકરાઓ પૂછે નહીં ત્યાં સુધી તેમને કોઈ સલાહ ના આપવી. એમ કરવું એ ઘડપણની શોભા પણ છે અને જરૂરિયાત પણ.)

માતૃપ્રેમ વિશે આપણા લોક કવિઓએ ઘણું લખ્યું છે. કવિ ધરમશીએ કહ્યું છે : **'પહેલા રે માતા... પછી રે પિતા... પછી લેવું પ્રભુનું નામ... મારે નથી જાવું તીરથધામ...!'**

પણ હવે સમય અને સમાજ બંને બદલાયા છે. લોકોના વાણી, વર્તન અને જીવનશૈલી પર પશ્ચિમની અસર થઈ છે. જે મા દીકરાને ગર્ભમાં રાખે છે તેને દીકરા ઘરમાં રાખવા માંગતા

(અનુ. : જુઓ પાના નં. – ૧૫ ઉપર)

વિચાર મંથન

# મુક્તિની હવામાં ગૂંગળામણ શા માટે?



ડૉ. યાસીન દલાલ

દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી મુક્તિની હવાને ગૂંગળાવવામાં આવતી હોય એવું લાગી રહ્યું છે. દેશભરમાં મોબ લિન્ચિંગની ઘટનાઓ અવારનવાર બને છે. આર.એસ.એસ.ના વડા ભાગવતે તાજેતરમાં આ મુદ્દો પોતાના ભાષણમાં લીધો અને એની કડક ટીકા પણ કરી. પણ એ કઈ રીતે અટકે એની વાત ન કરી. બીજીબાજુ દેશના કેટલાક પ્રખર બુદ્ધિજીવીઓએ આ મુદ્દે વડાપ્રધાનને ખુલ્લો પત્ર લખ્યો અને આ અટકાવવાની માંગણી કરી. આમાં જાણીતા ફિલ્મ નિર્માતા શ્યામ બેનેગલનો પણ સમાવેશ થતો હતો. પણ વડાપ્રધાને આની નોંધ લીધી નહીં. ઉલટાનું કેટલાક સરકાર તરફી લોકોએ આની વિરુદ્ધ રજૂઆત કરી અને આ પત્ર તરફ ધ્યાન ન આપવાની માંગણી કરી. આમ ફિલ્મ ઉદ્યોગને સરકાર તરફી અને સરકાર વિરોધી એમ બે ભાગમાં વેચી નાખવામાં આવ્યું. આવું દેશમાં ક્યારેય બન્યું નથી. જો કે ૭૫ની કટોકટીમાં આવું બન્યું હશે. કટોકટી વખતે બંગાળના સિદ્ધાર્થ શંકર રાયની સલાહથી શ્રીમતી ગાંધીએ બંધારણ સસ્પેન્ડ કરી દેશભરમાં કટોકટી લાદી. વિરોધ પક્ષના બધા નેતાઓને જેલમાં પૂરી દીધા. શ્રીમતી ગાંધીએ વિરોધ પક્ષોની ગેરહાજરીમાં બંધારણ સુધારી નાખ્યું અને કટોકટીની જોગવાઈ એમાં ઉમેરી દીધી. પાછળથી ખબર પડી કે પડદા પાછળથી સંજય ગાંધી ને એમની રખાત રૂખસાના સુલતાન વહીવટ કરતા હતા. રૂખસાના સિંઘ અટકવાળા એક શીખને પરણેલી એટલે એમની અટક સિંઘ થઈ ગઈ. જાણીતી ફિલ્મ અભિનેત્રી અમૃતા સિંઘ એમના પુત્રી થાય.

અત્યારે દેશનું વાતાવરણ આમ જુઓ તો મોકળાશવાળું અને બીજી રીતે જુઓ તો ગૂંગળાવનારું છે. દેશભરમાં એવી ઘટનાઓ બને છે કે જે વિચાર કરવા પ્રેરે કે આપણે લોકશાહીમાં જીવીએ છીએ કે નહીં.

ગુજરાતમાં બૌદ્ધિકોનો દુકાળ છે એવી છાપ છે. બીજી બાબતોમાં ગુજરાત અગ્રેસર છે પણ બૌદ્ધિક અસ્મિતાની બાબતમાં ગુજરાતમાં પરિસ્થિતિ જુદી છે. કેટલાક ચાલાક લોકો બૌદ્ધિક બનીને ચડી બેઠા છે અને જે સાચા બૌદ્ધિકો છે તે હાંસિયામાં ધકેલાઈ ગયા છે. **ગુજરાતમાં કોઈપણ શહેરમાં તમને રાજકીય કે સામાજિક ચર્ચા વખતે બૌદ્ધિકો નહીં મળે પણ હોંશિયાર માણસો ભટકાશે.** આવા લોકો સાથે વાદ વિવાદમાં ઉતરવામાં જોખમ છે કારણકે એની દલીલો વડે એના સ્તર સુધી ઢસડી લાવશે. આને સ્યુડો ઈન્ટેલેક્ચ્યુઅલ કહી શકાય છે. આ લોકો જુદા જુદા મંચ ઉપર ચડી બેસે છે અને હોંશિયારી અને ચતુરાઈથી દલીલો કરીને ગુજરાત અને દેશને અસહિષ્ણુ બનાવવામાં મદદ કરે છે. ઉદ્યોગ ધંધામાં ગુજરાતની પ્રગતિ સારી છે પણ વૈચારિક દરિદ્રતા બેસુમાર છે. આવું અગાઉ નહોતું. અહીં **નર્મદ** અને **કનૈયાલાલ મુનશી** તેમજ **ઉમાશંકર જોશી** અને **મોરારજી દેસાઇ** તથા **જીવરાજ મહેતા** અને **જયભિખ્ખુ** તથા **સુરેશ જોશી જેવા પ્રખર બૌદ્ધિકો થઈ ગયા** પણ અત્યારે એમની જગ્યા ખાલી પડી છે. વિચારવંત અને બૌદ્ધિક લોકો ઘણા છે પણ એ લોકો ક્યાંક સંતાઈ ગયા છે. જાહેરમાં બોલતા એ લોકો ડરે છે. મંચ ઉપર એમની હાજરી ઘટી રહી છે. સામયિકો અને માધ્યમોમાં એમનો અવાજ દબાઈ ગયો છે. ગુજરાતી પ્રજા વાંચે પણ ઓછું છે.

જો કોઈ ગુજરાતી સરકાર વિરુદ્ધ બોલે તો એને ગુજરાત વિરોધી કહી દેવાય છે. ગુજરાતમાં તથાકથિત બૌદ્ધિકો અને ઉચ્ચ મધ્યમવર્ગીય લોકો આમાં જોડાઈ ગયા છે. આ લોકોનો એક જ કોમન એજન્ડા છે. સત્તાની નજીક રહેવું. એક મુક્ત અને મજબૂત સમાજ માટે આ ખતરાની ઘંટી છે. દેશ વિશ્વસ્તરે એક મજબૂત લોકશાહી તરીકે ઉભી રહ્યો છે ત્યારે એના પાયામાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને બૌદ્ધિકોનો જ ફાળો છે. પાકિસ્તાનમાં એવું નથી. ત્યાં ધાર્મિક અસહિષ્ણુતા ટોચ ઉપર છે પણ આપણે ત્યાં જે પ્રકારની બૌદ્ધિક અસહિષ્ણુતા છે એ ક્યાંય નથી.

ચોમસ્કીએ કહ્યું છે કે ‘‘બૌદ્ધિકો અને તેમનું કામ અંગત હિત ધરાવતા જૂથો, સત્તાના લાલચુ રાજકારણીઓ, શરતી નાણાકીય સહાય અને સેલ્ફ સેન્સરશિપના કારણે ભ્રષ્ટ થઈ રહી છે. સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે બૌદ્ધિકો સત્તાનું સમર્થન કરતા હોય છે.’’ **આપણે ત્યાં ઇન્ટેલિજન્ટ અને ઇન્ટેલેક્ચ્યુઅલની ભેળસેળ થઈ ગઈ છે.** વ્યાપક જનજીવન ઉપર આવનારી પેઢીઓ સુધીનો ફરક ઊભો કરો, એ ખરા અર્થમાં સફળતા છે, લોકપ્રિયતાથી ઉપરની સ્થિતિ છે. બૌદ્ધિક માણસનું કામ સાત્રના શબ્દોમાં નૈતિક ચેતનાને સળગતી રાખવાનું કે રાજકીય અને સામાજિક પરિસ્થિતિનું નિરીક્ષણ કરવાનું હોય છે. આ ત્યારે જ શક્ય બને જ્યારે બૌદ્ધિક માણસ શાસક કે વ્યવસ્થાથી અળગો હોય. **આજે કેટલાક બૌદ્ધિકો ટપોરીની ભાષા બોલવા લાગ્યા છે. આ વૈચારિક પતનની નિશાની છે. આનાથી ચેતવું પડશે.**

હિંદુસ્તાનના અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ પહેલો

વિપ્લવ થયો હતો. દેશી રજવાડાઓ હોવા છતાં આ અંગે આપણું વલણ તટસ્થ રહ્યું હતું. બંકીમચંદ્રની કૃતિમાં પણ આ વિપ્લવ પાર્શ્વભૂમિમાં જ રહ્યો હતો. વિપ્લવના થોડા વર્ષો પછી લખાયેલી **'કરણ ઘેલો'** માત્ર ઐતિહાસિક રોમાંચ બની રહેવાને કારણે એમાં રાજકીય ચેતનાનું વર્ણન થઈ શક્યું નહીં પણ બહુ વિલક્ષણ રીતે **ગોવર્ધનરામ ત્રિપાઠી**એ આ વાત **'સરસ્વતીચંદ્ર'**માં પ્રગટાવી. આ ચેતનાનો ઉછાળ પછી તો ગાંધીજીના આગમન સાથે આખા દેશમાં ફરી વળ્યો. **રમણલાલ દેસાઇ** અને **મેઘાણી**ની રચનાઓમાં આ જુસ્સો ખાસ જોવા મળે છે. સ્વતંત્રતા પછી જુદા જુદા વિચારવલોણા પ્રગટ્યા. **સુંદરમ** અને **ઉમાશંકર**માં જોવાયેલો તણખો **સુરેશ જોશી**માં પરાકાષ્ટાએ પહોંચ્યો. ગાંધીયુગમાં આશ્ચર્યજનક રીતે કળાત્મકતા અને સર્જનાત્મકતાને એક મોટું મૂલ્ય માની લેવામાં આવ્યું પણ સુરેશ જોશીને સાહિત્ય સર્જનમાં આની ઉણપ લાગી. એમણે પોતાની રચનાઓમાં આવું લખનારાઓની ઠેકડી ઉડાવી.

આજના કહેવાતા બૌદ્ધિકો સ્વાર્થી બની ગયા છે. આજનું શિક્ષણ પણ આ અર્થમાં ઉણું ઉતર્યું છે. આપણે ભણીએ છીએ કે ભણાવી શકીએ છીએ એનું કારણ એ છે કે કોઈ આપણા માટે તનતોડ મજૂરી કરે છે એમાંથી આવતું નાણું આપણા તગડા પગારોમાં વપરાઈ જાય છે. જો કલ્યાણ કે સુખાકારી માટે એનું વળતર નહીં મળે તો આ બધું ઝાઝું ચાલશે નહીં. આપણે જે મકાનમાં બેઠા છીએ અને જે ટેબલ ખુરશી કે પુસ્તકો વાપરીએ છીએ એના માટે વિચાર કરવો જોઈએ કે એ બનાવનારાઓએ કેટલી મહેનત કરી હશે. જો એ બધા જીવશે અને મોજમજા કરશે તો એ બધા પારકા ઉપર જીવનારા જીવજંતુઓથી વિશેષ નથી. આપણે પૂછવાનું છે કે આપણે જંતુ છીએ કે માણસ. કેળવણીનું કામ તો માણસ ઘડવાનું છે તો પછી આમાં માણસ ક્યાં રહ્યો? **આજે તો ભ્રષ્ટાચારમાં ભાગીદાર બનતા સ્વજનોનો સમાજ છે. મૂલ્યોની કટોકટી આપણને દેખાતી નથી. સંસ્કારની પણ કટોકટી છે.** રૂચિઓની પણ કટોકટી છે. બહારથી બધું સરસ દેખાય છે પણ અંદરથી ખોખલું અને છીછરું છે. આ બધા ભૌતિકવાદના પરિણામો છે. માનવતા વિરોધી, પ્રકૃતિ વિરોધી અને મૂલ્ય વિરોધી ફિલસૂફી અને સભ્યતા છે. ભૌતિક સગવડો એ સાચું સુખ નથી. આપણને આવું સુખ નથી જોઈતું. આજે તો લોકો કહે છે કે બદલી ગયું, પણ બદલી ગયું એટલે બગડી ગયું નહીં. **આજે અંદરનો ઉલ્લાસ અને આનંદ નથી. સાચી પ્રસન્નતા છીનવાઈ ગઈ છે.** આપણી ડાગળી ખસી ગઈ છે. માણસ અનાજ પકવવાને બદલે રોકડિયા પાક લે છે. હાઈબ્રિડ બિયારણ અને રાસાયણિક ખાતર વાપરે છે. પરિણામે જમીન નિર્જીવ થઈ ગઈ છે. વૃક્ષો અને જંગલો આડેધડ કપાય છે. આ વાત વૈચારિક સ્તરે પણ લાગુ પડે છે.

શ્રી ગણેશદેવીએ બૌદ્ધિકતાની કટોકટી અંગે અવાજ ઉઠાવ્યો છે. એમની વાતમાં થોડીક અતિશયોક્તિ હશે પણ સત્યનો અંશ છે જ. ગણેશદેવીએ આદિવાસી સંશોધન ક્ષેત્રે ઘણું કામ કર્યું છે. વડોદરા અને અમદાવાદમાં ઘણા બૌદ્ધિકોએ એને ટેકો આપ્યો છે. ગુજરાતમાં પ્રચ્છન્ન સાંપ્રદાયિકતા જોવા મળે છે. મધ્યમ વર્ગીય માનસિકતા પણ દેખાય છે પણ પ્રશ્ન એ છે કે મહાજન પરંપરાનું શું? મિથ્યાભિમાની ગુજરાતી અસ્મિતાના દીવા સ્વપ્નમાં હજી રાચે છે. ત્યાંથી હટીને સંપ્રદાય વિહોણી તથા સામાજિક ન્યાયના પાયા ઉપર રચાયેલી મિથ્યાભિમાન વિહોણી અને ભેદભાવ વિહોણી વિચારધારા ઉપર ગોઠવાયેલી હોવી જોઈએ.

ભારતીયો એક પ્રજા તરીકે સ્વાર્થી સાબિત થયા છે. અમેરિકાના વિઝા મેળવવા માટે એ લોકો અપ્રમાણિકતા આચરે છે. દેશની આર્થિક સ્થિતિ અત્યારે ખરાબ છે. વિકાસદર તદ્દન નીચે આવી ગયો છે પણ એની કોઈને ચિંતા નથી.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

## 'મારે નથી જાવું તીરથધામ...'

**(અનુ. : પાના નં. – ૧૩ ઉપરથી ચાલુ)**

નથી. અમારા મિત્ર કહે છે : 'આણંદના પ્રખ્યાત ગોટા અમદાવાદ સ્ટેશને ખાવા મળતા નથી તેમ જુવાનીના સ્ટેશન પર ઘડપણના દુઃખોનો અંદાજ આવી શકતો નથી. નર્કની પીડા આપણે અનુભવી નથી પરંતુ નર્કની ભયાનકતાથી બચવા આપણે નિયમિત ભગવાનની ભક્તિ કરીએ છીએ, તેમ ઘડપણની યાતનાનો ખ્યાલ ભલે આજે ન આવે પણ તે દુઃખોની કલ્પના કરીને આપણે વૃદ્ધોની પ્રેમથી સંભાળ રાખવી જોઈએ. આપણા એવા સંસ્કાર આપણા સંતાનોને મળશે તો આપણું ઘડપણ પણ સુધરી જશે. દોસ્તો, **સંસારનો દરેક વૃદ્ધ આદરને પાત્ર હોય કે ન હોય પણ વૃદ્ધાવસ્થા જરૂર આદર અને સહાનુભૂતિને પાત્ર છે.** કેમકે વૃદ્ધાવસ્થા એ જિંદગીનું અંતિમ જકાતનાકુ છે. જીવનભરના તમામ કર્મોના હિસાબની ત્યાં ચૂકવણી કરીને માણસ અનંતની યાત્રાએ ઉપડી જાય છે. એથી પ્રત્યેક દીકરાએ મા-બાપની પૂરી કાળજી લેવી જોઈએ. લોકકવિ ભીખુદાન ગઢવી લખે છે : **'અંતવેળા જેના મા-બાપ ના ઠર્યા... સાત જનમ તેના બૂરા ઠર્યા...!'**

ગુલાબદાન ગઢવીની ચાર પંક્તિઓ પર નજર કરીશું તો સમજાશે કે આજના દીકરાઓની વચ્ચે ઘરડા મા-બાપની શી હાલત થાય છે!

*ગરીબ માની ઝૂંપડીમાં 'ગુલાબદાન' કોઈ દિ' સાંકડ નહોતી થાતી*
*આજે પાંચ પુત્રોના પાંચ બંગલામાં એક માવડી નથી સચવાતી...*
*તો શરમ, મરજાદ ક્યાં ગઈ જે ગૌરવ આપણું ગણાતી?*
*આલીશાન બંગલામાં પોસાય આલ્શેશિયન, એક માવડી નથી પોસાતી...!*

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ (સી.એન.જી. પેટ્રોલ પંપની સામે)*
*પો. કાલિયાવાડી, મુ. જમાલપોર, નવસારી-૩૯૬ ૪૨૭.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

શિક્ષણ જગત

# શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ



ડૉ. મિહિર એમ. વોરા

માતૃભાષાની મહત્તા માટે જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંતભાઈ શાહે ખૂબ જ સાચું તેમજ મજાનું સ્લોગન આપ્યું છે, **'માતાના ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે.'** માતૃભાષામાં બાળક જ્ઞાનને ઝડપથી ઝીલે છે. જાણીતા સાહિત્યકાર શ્રી હેમશેખર શાહ જણાવે છે કે જે ભાષામાં બાળક ઉછર્યું હોય તે જ ભાષામાં ગ્રહણ શક્તિ અને વિચાર શક્તિ ખીલે છે. મગજ એક કોમ્પ્યુટર છે. આ કોમ્પ્યુટરની સૌથી વધુ બંધ બેસે તેવી ભાષા માતૃભાષા છે. **ઘરમાં બોલાતી ભાષા એ જ શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ બની શકે.** મનોવૈજ્ઞાનિકો, બાળ માનસશાસ્ત્રીઓ અને બાળ રોગ ચિકિત્સકો પણ માને છે કે ઘર અને નિશાળની ભાષા જુદી પડે ત્યારે બાળક મુંઝાય છે, મુરઝાય છે, લઘુતાગ્રંથિનો ભોગ બને છે. ક્યારેક તો ઘેરી માનસિક હતાશાનો ભોગ બને છે. તેનો બૌદ્ધિક વિકાસ પણ રુંધાય છે. બાળક માના ખોળામાં જેટલું ખીલે એટલું આયાના ખોળામાં ન ખીલે, એ સીધી સરળ વાત આજે અચાનક અઘરી કેમ બની ગઈ હશે! **અંગ્રેજી ગેસ્ટ ભાષા છે, માતૃભાષા બેસ્ટ ભાષા છે.** મહેમાનની ઊંચી સરભરા ભલે કરો, પણ મમ્મી-પપ્પાને બહાર હાંકી કાઢીને મહેમાનને ઘરમાં સ્થાન ન જ અપાય.

મોરારિબાપુ કહે છે : અંગ્રેજી કામની ભાષા છે. તેથી તેની પાસેથી કામવાળીની જેમ કામ લેવાય, ગૃહિણીનું સ્થાન ન અપાય. જાપાન અને જર્મનીમાં સર્વેક્ષણો થયા છે, તેના તારણોમાં જણાયું છે કે માતૃભાષાના માધ્યમમાં ભણનારની સ્ટ્રેસ કેપેસિટી વધારે હોય છે, જે તેને જિંદગીના બધા પડકારો ઝીલવા માટે સક્ષમ બનાવે છે. અંગ્રેજી ભાષાનો વધુને વધુ પ્રચાર કરવા માટે ચીનનું ઉદાહરણ આપવામાં આવે છે કે આજે ચીનમાં પણ લોકો અંગ્રેજી બોલતા શીખી રહ્યા છે. પણ ચીનમાં સમાન સ્કુલ વ્યવસ્થા રચાઈ છે તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. ચીન જે સફળતાએ પહોંચ્યો છે તેના પરથી આજે એ પણ માને છે કે શિક્ષણ માતૃભાષામાં દેવું જોઈએ. ઇઝરાયેલ કે જે આપણા દેશના દસમાં ભાગમાં પણ નથી આવતો તેવો આ દેશ વિજ્ઞાનના ક્ષેત્રમાં આપણાથી ઘણો આગળ છે. તેમજ આપણાથી દસ ગણા વધુ નોબેલ પુરસ્કારો પણ મેળવ્યા છે. તેનું કારણ માત્ર એ જ છે કે તે દેશના બાળકો માતૃભાષામાં શિક્ષણ મેળવે છે. તે જ રીતે રશિયા, ફ્રાંસ, ચીન, જર્મની દેશોમાં એમની જ માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે છે અને કોઈ પણ દેશ પ્રગતિમાં પાછા નથી રહ્યા.

**ચંદ્રકાંત બક્ષીએ એક જગ્યાએ લખ્યું છે કે, 'જગતમાં કોઈ અક્કલવાળી પ્રજા બાળકને પહેલો કક્કો માતૃભાષા સિવાયનો શીખવતી નથી.'** વિચાર, સ્વપ્ન, લાગણી, રૂદન અને ક્રોધ જેવા આવેગો જે ભાષામાં રજૂ થાય, તે શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ ગણાય. શ્રી હેમશેખર શાહ જણાવે છે કે EFA Global Monitoring Report - 2005 The Quality Imperative માટે સ્વીડનની સ્ટોકહોમ યુનિવર્સિટીના ડૉ. કેરોલ બેન્સને પોતે હાથ ધરેલા એક વિસ્તૃત અભ્યાસનો અહેવાલ રજૂ કર્યો હતો. તેમના અભ્યાસનો વિષય હતો : "The importance of mother tongue - based schooling for educational quality – તેમણે વિશ્વના વિવિધ ભાગોમાં ૧૯૭૦થી માંડીને થયેલા અનેક સર્વેક્ષણો અને અભ્યાસોને, સંદર્ભોને પોતાના શોધલેખમાં ટાંક્યા છે. આ શોધલેખમાં રજૂ થયેલી વિગતો અને તારણો ખૂબ રસપ્રદ છે. માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ એ માત્ર શક્ય કે સફળ જ નથી પરંતુ અંગ્રેજી માધ્યમના ભણતર કરતાં તેનાથી ખૂબ સારા પરિણામો દેખાયા છે. માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની બીજી ભાષા અંગ્રેજી પણ ખૂબ સારી હોય છે. માતૃભાષાના સહારાથી તેમને તે બીજી ભાષામાં પણ ખૂબ સારી ફાવટ આવી જાય છે. બંને ભાષામાં તે વિદ્યાર્થી પાવરધો બને છે. વિદ્યાર્થી માતૃભાષામાં વર્ગની દરેક પ્રવૃત્તિમાં ખૂબ ઉત્સાહથી ભાગ લે છે. અભિવ્યક્તિ ખૂલે છે અને પ્રતિભા બહાર આવે છે. માતૃભાષાને કારણે બાળકો વિશેષ પ્રોત્સાહિત થાય છે. પોતાના જ્ઞાન અને અનુભવને નિઃસંકોચ રજૂ કરવાની બાળકને તક મળે છે. દરેક પ્રજાને પોતાની ભાષા અને સંસ્કૃતિ માટે સ્વાભાવિક લગાવ અને લાગણી હોય છે. માતૃભાષાના માધ્યમને કારણે શાળાના વર્ગમાં સાંસ્કૃતિક મૂલ્યોને સ્થાન મળવાથી બાળકના વાલીઓ ખૂબ સંતોષ પામે છે. માતૃભાષામાં શિક્ષણ આપવાને કારણે વાલીઓ શાળાની વિવિધ બાબતોમાં વિશેષ રસ લેતા થાય છે. પોતાની ભાષામાં વાત કરવાની છૂટ મળવાથી વાલીઓ શાળાના શિક્ષકો સાથે વિશેષ સંપર્કમાં આવે છે. વાલીઓના શિક્ષકો અને શાળા સાથે બંધાતો નાતો બાળકોના લાભ માટે થાય છે. પ્રાથમિક

શિક્ષણ માતૃભાષામાં આપવાથી ભણવામાં બાળકોને રસ અને ઉત્સાહ ખૂબ વધે છે. અધવચ્ચે અભ્યાસ છોડી દેવાની ટકાવારીમાં ખૂબ ઘટાડો નોંધાયો છે. વર્ગમાં પ્રશ્નો પૂછવાની અને જવાબ આપવાની હિંમત બાળકમાં ખૂલે છે. શ્રી પટનાયકના સર્વેક્ષણનો સંદર્ભ ટાંકીને ડૉ. કેરોલ બેન્સને ભારતની પણ વાત કરી છે. ભારતમાં ત્રણ ભાષા ભણાવવામાં આવે છે : પ્રાદેશિક ભાષા, રાષ્ટ્રભાષા હિંદી અને આંતરરાષ્ટ્રીય ભાષા અંગ્રેજી. જે વિદ્યાર્થીની પ્રાદેશિક ભાષા માતૃભાષા નથી તેવા વિદ્યાર્થીઓ ખૂબ તકલીફ અનુભવે છે. આપણા દેશની વિવિધ ક્ષેત્રની ઉચ્ચ પ્રતિભા સંપન્ન વ્યક્તિઓની જીવનકથા વાંચો, મોટેભાગે તે બધાએ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ લીધું છે. **'ગીતાંજલિ'** કાવ્યસંગ્રહ માટે નોબેલ પ્રાઈઝ પ્રાપ્ત કરનાર **રવીન્દ્રનાથ ટાગોર** અને અર્થશાસ્ત્ર માટે નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર **અમર્ત્યસેન** માતૃભાષા બંગાળીમાં ભણ્યા હતા. અંગ્રેજી ભાષા સાથે જોડાવાથી પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણમાં ખૂબ વૃદ્ધિ થઈ શકે છે અને તેની સાથે જ આપણી મહાન સંસ્કૃતિ ક્ષતિ પામે છે. વિજ્ઞાનક્ષેત્રે નોબેલ પુરસ્કાર જીતનાર **સી.વી. રામને** પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં લીધું હતું. વિખ્યાત અણુવિજ્ઞાની અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ **ડો. અબ્દુલ કલામ** પોતાની માતૃભાષામાં ભણ્યા હતા. પદ્મશ્રી, પદ્મભૂષણ, મહારાષ્ટ્ર ભૂષણ વગેરે અનેક ખિતાબો, ઍવોર્ડસ અને ઈનામો પ્રાપ્ત કરનાર, સાયન્સ અને એન્જિનિયરીંગના વિષયમાં ૨૫ જેટલી યુનિવર્સિટીઓમાંથી જેમણે ડૉક્ટરેટ કરેલું છે. જાણીતા સાહિત્યકાર **વિનોબા ભાવે** જણાવે છે કે શિક્ષણની બાબતમાં એક પ્રશ્ન ભારતમાં ભારે વિચિત્ર પૂછાય છે. મને લાગે છે કે આવો પ્રશ્ન દુનિયા આખીમાં બીજે ક્યાંય નહીં પૂછાતો હોય! આપણે ત્યાં હજીયે પૂછાય છે કે શિક્ષણનું માધ્યમ શું હોય? શિક્ષણ માતૃભાષા દ્વારા અપાય કે અંગ્રેજી માધ્યમ દ્વારા? આ સવાલ જ વિચિત્ર લાગે છે! આમાં વળી પૂછવાનું શું છે? આમાં બે મત હોય જ શી રીતે? ગધેડાના બચ્ચાને પૂછવામાં આવે, કે તને ગધેડાની ભાષામાં જ્ઞાન આપવું જોઈએ કે સિંહની ભાષામાં, તો એ શું કહેશે? એ કહેશે કે સિંહની ભાષા ગમે તેટલી સારી હોય, મને તો ગધેડાની ભાષા જ સમજાશે, સિંહની નહીં. **એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષા જ છે અને તેના દ્વારા જ શિક્ષણ અપાય.** આમાં શંકાને કોઈ સ્થાન નથી. દુનિયામાં એવો બીજો કોઈ દેશ નથી કે જ્યાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા નહીં અને બીજી કોઈ ભાષા હોય! જરા ફ્રાંસમાં કે જર્મનીમાં કે રશિયામાં જઈને કહો તો ખરા કે તમને તમારી માતૃભાષા દ્વારા નહીં અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ અપાશે! તમને સાવ મૂર્ખ ગણીને તમારી વાતને હસી કાઢશે!

ટૂંકમાં, સમજવું જોઈએ કે અંગ્રેજીનું સ્થાન ભલે દુનિયામાં મોટું હોય, પરંતુ દુનિયા અંગ્રેજી કરતાંયે ઘણી મોટી છે. માટે આપણે શિક્ષણમાં અંગ્રેજીના ઉચિત સ્થાન વિશે સ્વસ્થતાથી વિવેકપૂર્વક વિચાર કરવો જોઈએ. અંગ્રેજીને વધું પડતું મહત્ત્વ આપી દઈને શિક્ષણના આપણા સમગ્ર આયોજનમાં ખલેલ પડવા દેવો જોઈએ નહીં. અંગ્રેજીને સ્થાન હોય, પણ તે પ્રમાણસરનું જ.

*સંદર્ભ : (૧) વિસરાતી જતી ગુજરાતી ભાષા. અંગ્રેજી શિક્ષણની મર્યાદાઓ અને આડઅસરો. પુસ્તક : હેમશેખર શાહ (૨) શિક્ષણ-વિચાર. પુસ્તક : વિનોબા ભાવે.* ■

## સાહિત્યિક ક્ષેત્રે અનન્ય સિદ્ધિ હાંસલ કરનાર : શ્રી દિનેશ પાંચાલ

**(અનુ. : પાના નં. – ૧૨ ઉપરથી ચાલુ)**

★ સુરતના ચર્ચાપત્રી સંઘમાં શ્રેષ્ઠ ચર્ચાપત્રીની પસંદગી માટે જજ તરીકે કામગીરી અદા કરી.

★ એ સિવાય ચાર લઘુનવલો : (૧) સ્વપ્નભંગ, (૨) હિજરાતા હૈયા, (૩) અંગારા અને (૪) સળગ્યા શમણા સાવમાં... એ અનુક્રમે ગુજરાત મિત્ર, ગુજરાત સમાચાર અને જયહિંદ અખબારોમાં પ્રગટ થઈ છે.

★ મુંબઈથી પ્રકાશિત થયેલ 'સવિતા' વાર્તા માસિક ઉપરાંત આરામ, ચાંદની, રોહિણી, ગૃહશોભા વગેરેમાં ૧૫૦થી વધુ ટૂંકી વાર્તાઓ છપાઈ છે.

★ મુંબઈથી નીકળતા 'નવલકથા' નામના મેગેઝિનમાં કુલ ૧૯ લઘુનવલો છપાઈ છે.

★ ૧૬ રેડિયો નાટકો આકાશવાણી અમદાવાદ બરોડાથી પ્રસારિત થયા છે. જેમાંના મોટાભાગના નાટકો શ્રી યઝદી કરંજિયાએ ભજવ્યા છે.


★ એ સિવાય રંગભૂમિનો એક ત્રિ-અંકી નાટક 'એક ચીસના પડઘા સાત...' લખ્યો છે. જેના ટાટા હોલ - નવસારીમાં તથા ગાંધી સ્મૃતિ હોલ - સુરતમાં શો થયા છે. પોતાના ઈન્ટરનેટના 'ઈન્ટરવ્યુ' બ્લોગમાં અનેક મહાનુભાવોના ઈન્ટરવ્યૂ પ્રગટ કર્યા છે તથા ફેસબુક પર નિયમિત લેખો પ્રસિદ્ધ થાય છે.

***dineshpanchalblog.wordpress.com***
***dineshpanchal.249@gmail.com***
***મોબાઈલ : ૯૪૨૮૧ ૬૦૫૦૮***

***સાહિત્ય જગતમાં દેદીપ્યમાન કારકિર્દી હાંસલ કરવા માટે અભિનંદન... સલામ!*** ■

કારકિર્દી

# ગુજરાતમાં ચાલતા IAS તાલીમ કેન્દ્રો અંગે મંથન



ભીમજી નાકરાણી

IAS / IPS / GPSC... જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ખૂબ જ કઠિન છે પરંતુ અશક્ય નથી. વાત સાચી છે. આજકાલ શહેર - શહેરમાં ખાનગી સંસ્થાઓ, જ્ઞાતિ અને સમાજ દ્વારા "IAS ટ્રેઈનિંગ સેન્ટર"નો શોખ જાગ્યો છે, ફેશન થઈ પડી છે. કૉલર ઊંચા રાખીને સામાજિક સ્ટેટસ માટે આ પ્રકારના તાલીમ વર્ગ ચલાવવાની ભાવના કાબિલે દાદ છે. ચાલો, થોડું મોડું પણ **સૌને સમજાયું છે કે ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષામાં જતા થાય.** આવી સમજણ કેળવી, ચારેબાજુ સૌ લાગી ગયા છે. સેમિનાર, તાલીમ વર્ગો, લાઈબ્રેરી અને સમજણ શક્તિ કેલવવાની મહેનત!

સ્પર્ધાત્મક પરીક્ષા એટલે માત્ર IAS જ નહીં, સ્પર્ધાત્મક પરીક્ષા એટલે UPSC / IAS / IPS / GPSC / સ્ટાફ સિલેક્શન / બેંક / PSI / CA / CS / ICW / NDA / રેલવે - એન્જિનિયરિંગ સેવા / BSNL / કોર્પોરેટ સર્વિસ / ગૌણ સેવા / નેટ / સ્લેટ અને ભારત તેમજ ગુજરાત સરકારની અનેક સેવાઓને સમજવી પડે અને આ અંગેનો અભ્યાસક્રમ (સિલેબસ), રેફરન્સ બુક, ફેકલ્ટી, વાતાવરણ, લાઈબ્રેરી, છેલ્લા પાંચ વર્ષના પેપર, મોક ટેસ્ટ, પરીક્ષાલક્ષી અભ્યાસક્રમ, ૨૪ કલાકની લાઈબ્રેરી, યુવાનોના ગ્રુપ, ગ્રુપ ચર્ચા, ઈન્ટર્નલ ટેસ્ટ અને અંગ્રેજીનો અભ્યાસ તેમજ દેશના શ્રેષ્ઠ દૈનિક પત્રોનું વાંચન – આવું તો ઘણું છે કે જે કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા આપનાર વિદ્યાર્થી, સેન્ટર કો-ઓર્ડિનેટર અને સેન્ટર (તાલીમ વર્ગ ચલાવનારને) મેનેજમેન્ટને જાણવું પડે, શીખવું પડે, અપડેટ થતા રહેવું પડે. **સાથે સાથે આ સંસ્કાર વિદ્યાર્થીઓને ધોરણ-૧૧, ૧૨ અને કોલેજમાંથી આપવા પડે.** આ ઉપરાંત દિલ્હી, મુંબઈ, ચેન્નાઈમાં ચાલતા આ પ્રકારના તાલીમ વર્ગના અભ્યાસ માટે જઈને ત્યાંની પદ્ધતિ, સાહિત્ય અને વાતાવરણનો અભ્યાસ કરવો પડે, કરાવવો પડે. લોકસેવા ટ્રસ્ટ દ્વારા ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષમાં સ્પર્ધાત્મક પરીક્ષા જનજાગૃતિ અભિયાનથી ગુજરાતમાં એક જુવાળ આવ્યો છે. પરંતુ ઘણી વખત તેનો ગેરલાભ માત્ર પૈસા માટે વર્ગો ચલાવવા અને પોતાનું જ સાહિત્ય વેચતા સાવ સામાન્ય સ્તરના વેપારી લઈ જાય છે અને આવી માનસિકતા ધરાવતા વેપારીના તાલીમ વર્ગમાં ગામડાનાં સામાન્ય વર્ગના યુવાનો ફસાય છે અને લોકસેવા જેવી અભ્યાસ આપતી અને પરિણામલક્ષી સંસ્થાઓને આર્થિક ક્ષમતાના અભાવે મુશ્કેલીનો અનુભવ થાય છે. **આવી સ્થિતિમાં સ્પીપાની ભૂમિકા સારી રહી છે.** પરંતુ અહીં સંખ્યાની મર્યાદા છે. કોઈ સમાજ, સંસ્થા કે જ્ઞાતિગત તાલીમ કેન્દ્રો પાસે યોગ્ય ફેકલ્ટીઝ હોતા નથી. જે હોય છે તેમને સિલેબસનો પણ ખ્યાલ હોતો નથી. વિષયના વેઈટેજ મુજબ ટાઈમટેબલ વર્ક આઉટ થતું નથી. એમાંયે હવે UPSC / GPSC / બેંક અને સ્ટાફ સિલેક્શન જેવી પરીક્ષામાં એપ્ટિટ્યૂડ ટેસ્ટ, રિઝનિંગ, પ્રોબ્લેમ સોલ્વ અને જી.એમ.એ. જેવી અઘરી બાબતોના ફેકલ્ટી તો ખૂબ ઓછા છે. હવે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં CSAT મેથડ આવી ગઈ છે. ૧ કલાકમાં ૧૦૦ પ્રશ્ન સામે ટીક કરવાની છે. એટલે પરીક્ષાર્થી પાસે ખૂબ જ ઊંડાણનું નૉલેજ જોઈએ. અને આ નૉલેજ માટે આ નૉલેજના માર્ગદર્શન માટે ખૂબ જ ઊંડાણપૂર્વકનું જ્ઞાન ધરાવનાર ફેકલ્ટી જોઈએ, જે ખુદ પણ સતત અભ્યાસશીલ હોય. આ માટે ઉત્તમ શિક્ષણ પદ્ધતિ જોઈએ. સારામાં સારા ફેકલ્ટીઓને અપડેટ રાખીને કામ કરવું જરૂરી છે. **આજે લોકસેવા જેવી સંસ્થાઓ માત્ર એક જ ધ્યેય સાથે કામ કરે છે કે ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બેસતા થાય** અને આ માટે જ મહેનત કરવામાં આવે છે. 'સ્પીપા', 'સરદાર પટેલ સેવા સમાજ', ઉમિયા IAS ટ્રેઈનિંગ સેન્ટર, જીતો, કેળવણી ધામ, ખોડલ ધામ, સમસ્ત પાટીદાર IAS ટ્રેઈનિંગ સેન્ટર કે અન્ય વ્યવસાયીક અને જ્ઞાતિની ૩૦થી ૪૦ જેટલી સંસ્થાઓ પાસે અમદાવાદ, ભાવનગર, સુરત, રાજકોટ અને વલ્લભ વિદ્યાનગર ખાતે પોતાના ભવનો છે, ક્લાસરૂમ અને લાઈબ્રેરીઓ છે. પગારદાર નિવૃત્ત પ્રાધ્યાપકો - કો-ઓર્ડિનેટર છે. 'સ્પીપા' તો ગુજરાત સરકારની સંસ્થા છે. ભૌતિક વ્યવસ્થાઓની કોઈ ખામી નથી અને લોકસેવાના જનજાગૃતિ અભિયાન પછી કોઈ સમાજ કે જ્ઞાતિ IAS ટ્રેઈનિંગ સેન્ટર ચલાવવામાં બાકી નથી. પરંતુ મોટાભાગની સંસ્થાઓ પાસે યોગ્ય ફેકલ્ટીનો અભાવ છે. એટલે ઘણી વખત આ બધું ચલાવનારા સારી ભાવનાથી ચલાવતા હોવા છતાં આ તાલીમ વર્ગોમાંથી પરિણામ લેવું શક્ય નથી. ગુજરાતના વિવિધ શહેરોમાં સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રો ચાલે છે. હાલ સુરત, ભાવનગર, રાજકોટ, વલ્લભ વિદ્યાનગર, વડોદરા, મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદમાં કુલ ૪૦થી

વધુ આ પ્રકારના તાલીમ કેન્દ્રો ચાલે છે. જ્યારે GPSC માટેના તાલીમ કેન્દ્રો તો તાલુકે-તાલુકે ચાલતા હશે. પરંતુ પરિણામ કેટલું? અને તાલીમ લેનારા કેટલા? એકાદ વખત GSPC કે IAS આપનારા યુવાનો તાલીમ વર્ગોનો પ્રારંભ કરે છે અને કચરો કહી શકાય તેવું સાહિત્ય આપે છે, હોદ્દો મેળવવાની હોડમાં લાગેલાં બિચારા યુવાનોને છેતરવાનો ખૂબ મોટો 'વર્ગ' ફાટી નીકળ્યો છે. કેટલાક તો ૧૦૦ ટકા પાસ થવાની ગેરંટી આપી પૈસા લીધાના દાખલા પણ છે. અને આ આખી સિસ્ટમમાં ભ્રષ્ટાચાર નથી થતો તેમ કહી શકાય નહીં. જ્યારે **રાષ્ટ્રકક્ષાએ UPSCમાં ગુજરાતી યુવાનોને જો સફળતા અપાવવી હોય તો ગુજરાતી સાંસદો અને રાજકીય માણસોએ 'લોબીઝ' રચવી પડે.** બાકી અધકચરી તાલીમની વાત કરી યુવાનોને સ્વપ્ના દેખાડી, કરવા ખાતર કરવાનો કોઈ અર્થ નથી. આ માટે સતત રાજ્ય અને દિલ્હી જેવા શહેરની 'રાવ' IAS સ્ટડી સેન્ટર જેવી સંસ્થાઓને સાથે રાખી અને કૉર કમિટી બનાવી આખા ગુજરાતમાં ચાલતા આવા સેન્ટરોના મેનેજમેન્ટ, કો-ઓર્ડિનેટર અને ફેકલ્ટીને સાથે સાંકળી, તાલીમ આપી અભ્યાસક્રમના આધારે વિદ્યાર્થીઓને ૧૮ કલાકની મહેનત કરાવી, મોક ટેસ્ટ માટે ૧૦૦ પેપર કાઢી, સોલ્વ પદ્ધતિથી કામ લઈ વિદ્યાર્થીઓને તૈયાર કરવા પડે. **ગુજરાતમાંથી એક્સપર્ટની ટીમ બનાવવી પડે.** એક આખો વર્ગ ઊભો કરી FY / SY / TY ના કોઈપણ શાખાના વિદ્યાર્થીઓને પણ તાલીમ આપવી પડે. અને આ બધું 'ફ્રી' કશું નહીં, ફી રાખવી જરૂરી છે. લાઇબ્રેરી જરૂરી છે, ડીવૉટી પગારદાર રાખવા જરૂરી છે. આ બધું ઉદ્યોગપતિ, નિવૃત્ત IAS અધિકારીઓ, સમાજ અને કર્મશીલોએ કરવાનું છે. સરકારને તેની રીતે કરવા દેવું જોઈએ. સામાજિક મૂલ્યનિષ્ઠ અને જેમણે ઊંડાણપૂર્વક ક્ષેત્રે ખેડાણ કર્યું છે તેવા બિન કોમર્શિયલોએ આ એકમત બની ગુજરાતના હિત માટે કામ કરવું પડે. **જેમકે લોકસેવાએ (અમદાવાદ) ગુજરાતમાં એમ.જે. લાઇબ્રેરી સાથે મળીને પ્રથમ IAS (સ્પર્ધાત્મક પરીક્ષા) લાઇબ્રેરી બનાવી છે.**

ખરેખર ગુજરાતીઓને આ ક્ષેત્રે આગળ લઇ જવા હોય અને સૌથી સારું પરિણામ લેવું હોય તો આપણે, ખાસ કરીને દિલ્હીમાં વ્યવસ્થા કરવી જોઈએ. ત્યાંજ રહીને તૈયારી કરાવવી જોઈએ. ચોક્કસ પરિણામ માટે આ એક જ માર્ગ છે. એક વાસ્તવિક્તા એ છે કે ગુજરાતમાં પાટીદારો દ્વારા સૌથી વધુ IAS ટ્રેઈનિંગ સેન્ટર ચાલે છે. પરંતુ આવા સેન્ટરોમાં પાટીદારના દીકરા-દીકરીઓ તો કદાચ ૧૦થી ૧૨ ટકા જેટલી સંખ્યામાં જોડાય છે. મોટાભાગનાં તો રહેવા જમવાની સુવિધા માટે તાલીમ લેતા હોય છે તેવો અનુભવ છે. સેન્ટરો ભલે પાટીદારો ચલાવે, તાલીમ તો ગુજરાતના સૌ જ્ઞાતિના યુવાનો લઇ રહ્યા છે. પરંતુ ગુજરાતમાં ચાલતા ૮૦ ટકા તાલીમ કેન્દ્રો માત્ર નામ માટે ચાલે છે. અહીં ભણાવતા ફેકલ્ટીઓ પાસે કોઈ મેથડ નથી. આવા કેન્દ્રો ચલાવનારા બધા પાસે પૈસા છે, જગ્યા છે, ભૌતિક સુવિધા છે પરંતુ પાયાની સૈદ્ધાંતિક વ્યવસ્થા અને ઊંડાણનો અભાવ છે. માટે સૌએ ભેગા મળીને આ ઉણપને દૂર કરવાનો ઉપાય શોધવો જરૂરી છે. અને તેના માટે બધા સેન્ટરોના મેનેજમેન્ટે ભેગા થઈ માત્ર યુવાનોના ભવિષ્યને ધ્યાનમાં લઇને વિચારવું પડે. સાથે સાથે એ પણ વિચારવું જોઈએ કે માત્ર IAS જ શા માટે? સ્ટાફ સિલેક્શન, બેંક, PSI, PI, ફોરેસ્ટ ઓફિસર, લશ્કરી જવાનની પણ જરૂર છે. માત્ર IAS, IPS ની વાતો કરી બૂમબરાડા પાડવાથી જ દેશનો ઉધ્ધાર થઈ જવાનો છે? સમાજનું ભલું થઈ જવાનું છે? આ પોકળ વાતો છે. પ્રેક્ટિકલ બનવું જરૂરી છે. ઘણા આગેવાનો ઉત્સાહમાં આવી વર્ષે-બે વર્ષે ૧૦૦ IAS પેદા કરવાની વાતો કરે છે. અરે ભાઈ! પહેલા ચાર સારા માણસો તો પેદા કરીએ, પછી આપણે IAS, IPS પેદા કરીશું. લાંબી દૃષ્ટિ કેળવવી જરૂરી છે. તમામ ક્ષેત્રે ઉત્તમ માણસોની જરૂર છે. રાષ્ટ્રને ઉપયોગી થનાર કોઈ પણ યુવાન, કંઈપણ બનશે. રાષ્ટ્રને વફાદાર રહે તોય ઘણું! એકલું IAS નું ગાણું ક્યાં સુધી ગાયા કરીશું? તો પછી કોન્સ્ટેબલ અને ગ્રામસેવકો ક્યાંથી કાઢીશું? સારા શિક્ષકો વગર સમાજ શું કરશે? **આ બાબત વિચારીને સૌ જ્ઞાતિ મંડળોએ તાલીમ કેન્દ્રો ચલાવવા જોઈએ.** કૉલેજકાળથી જ તૈયારી માટે વ્યવસ્થા કરાવવી જોઈએ અને જ્યાં પણ તાલીમ કેન્દ્રો ચાલે છે ત્યાં તમામ પ્રકારની તૈયારી માટે વર્ગો ચલાવવા જોઈએ. કોઈપણ ક્ષેત્રે ઉત્તમ માણસ અને ઉત્તમ કર્મચારીની જરૂરિયાતને ધ્યાનમાં લેવી જરૂરી છે. ગુજરાતમાં અંડર ગ્રેજ્યુએટને તાલીમ આપવાનો સૌપ્રથમ પ્રારંભ લોકસેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

***નોંધ*** : હમણાં હમણાં પાટીદાર સંસ્થાઓમાં રહેવા - જમવાની વ્યવસ્થા આપી, બીજાના પરિણામને પોતાના નામે ચડાવવાની સ્પર્ધા ચાલે છે. સ્પીપામાં બે-ત્રણ વર્ષ રહેલા યુવાનો પ્રિલીમ પાસ કરે અને પછી આપણે ત્યાં આવે એટલે ગૌરવ લઇને શાબાશી મેળવવાથી શું થશે?

***મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨***

## ફળશ્રુતિ

હું જો એક હૃદયને તૂટતું બચાવી શકું તો મારું જીવન વ્યર્થ નહીં જાય.

હું કોઇનું દર્દ મિટાવી શકું અથવા ઘટાડી શકું તો મારું જીવન સાર્થક થશે.

હું કોઈ એકાકી મનુષ્યના મુરઝાયેલા મનને આનંદથી પ્રફુલ્લિત કરી શકું એ જ તો છે મારા અસ્તિત્વની ફળશ્રુતિ!

***– એમિલી ડિકિન્સન***

કારકિર્દી

# GPSCની મુખ્ય પરીક્ષાની રૂપરેખા

હીરેન દવે

રાજ્યમાં GPSC દ્વારા યોજાતી વર્ગ-૧ અને ૨ પ્રિલિમ પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારો માટે મુખ્ય પરીક્ષાનું આયોજન સંભવતઃ ૨૩ ફેબ્રુઆરીથી ૧૫ માર્ચ દરમિયાન યોજાશે. પ્રિલિમિનરી કસોટીમાં સારો દેખાવ કરનારા ઉમેદવારો પૈકી બેઠકો સામે ૧૫ ગણા ઉમેદવારોને મુખ્ય કસોટી માટે પસંદ કરવામાં આવશે.

આ કસોટીમાં ૬ પ્રશ્નપત્રો સમાવવામાં આવે છે.

| *ક્રમ* | *વિષય* | *સમય* | *ગુણ* |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૩ કલાક | ૧૫૦ |
| ૨ | અંગ્રેજી | ૩ કલાક | ૧૫૦ |
| ૩ | નિબંધ | ૩ કલાક | ૧૫૦ |
| ૪ | સામાન્ય અભ્યાસ ૧ | ૩ કલાક | ૧૫૦ |
| ૫ | સામાન્ય અભ્યાસ ૨ | ૩ કલાક | ૧૫૦ |
| ૬ | સામાન્ય અભ્યાસ ૩ | ૩ કલાક | ૧૫૦ |
| | | *કુલ ગુણ* | *૯૦૦* |

તેમાં તમામ પ્રશ્નપત્રો લેખિત સ્વરૂપના છે. ભાષા સિવાયના કોઈપણ પ્રશ્ન ગુજરાતી કે અંગ્રેજી એમ કોઈપણ માધ્યમમાં આપી શકાય.

મુખ્ય પરીક્ષામાં GPSC દ્વારા જાહેર કરવામાં આવેલ અભ્યાસક્રમ મુજબ ગુજરાતી ભાષાના પ્રશ્નપત્રનું સ્તર માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડના ગુજરાતી વિષય (ઉચ્ચ કક્ષા) સમકક્ષ રહેશે. તેમાં ૨૫૦થી ૩૦૦ શબ્દોમાં નિબંધ, વિચાર વિસ્તાર, સંક્ષેપીકરણ, ભાષણો, પત્રલેખન, ચર્ચાપત્ર, અરજી લેખન, અહેવાલ લેખન જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવેલ છે. અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્રનું સ્તર માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડના ગુજરાતી વિષય (નિમ્ન કક્ષા) સમકક્ષ રહેશે. તેમાં પણ ૨૦૦થી ૨૫૦ શબ્દોમાં નિબંધ, પત્રલેખન, અહેવાલ લેખન વગેરે બાબતોને આવરી લેવામાં આવેલ છે. આ માટે ઉમેદવારોએ બહોળું શબ્દભંડોળ, પ્રભાવી લેખનશૈલી, વ્યાકરણ વગેરે પર સારી પકડ મેળવવી પડશે.

નિબંધના પ્રશ્નપત્ર દ્વારા ઉમેદવારનું જે-તે વિષય પરત્વેનું જ્ઞાન, અસરકારક લેખનું પરનું પ્રભુત્વ, તર્કસંગતતા, બહુઆયામી વિચાર ક્ષમતા જેવી બાબતોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવશે. અહીં એક જ પ્રશ્નપત્રમાં ૩ વિષયો પર નિબંધ લખવાના રહેશે.

સામાન્ય અભ્યાસ પરત્વે ખૂબ જ મહત્ત્વ આપવામાં આવેલ છે. ત્રણ પ્રશ્નપત્રો આ વિષયના છે. પ્રત્યેક પ્રશ્નપત્રમાં ૧૫ પ્રશ્નો હશે. પ્રત્યેક પ્રશ્ન ૧૦ ગુણના રહેશે. ૨૦૦ શબ્દોની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે. ઉમેદવારે મર્યાદિત શબ્દોમાં વિષયને સમગ્રપણે આવરી લેવાનો છે.

જેમાં પ્રથમ પ્રશ્નપત્ર ઇતિહાસ, સાંસ્કૃતિક વારસો અને ભૂગોળ વિષયોને આવરી લેશે. દ્વિતીય પ્રશ્નપત્રમાં ભારતનું બંધારણ, રાજ્ય વ્યવસ્થા, શાસન પદ્ધતિ, નીતિશાસ્ત્ર વગેરે મુદ્દાઓ આવરી લેવામાં આવેલ છે. તૃતીય પ્રશ્નપત્ર વિજ્ઞાન અને ટેકનોલોજી, ભારતીય અર્થવ્યવસ્થા અને આયોજન, સમસામયિક ઘટનાઓને આવરી લે છે.

આમ કુલ ૬ પ્રશ્નોપત્રો દ્વારા ખૂબ જ વ્યાપક અભ્યાસક્રમને ન્યાય આપવામાં આવેલ છે. આટલા મર્યાદિત સમયમાં ખૂબ જ લાંબો અભ્યાસક્રમ પરિપૂર્ણ કરવાનો હોય ત્યારે સ્વાભાવિક રીતે મુંઝવણ અનુભવાય કે કેવી રીતે આગળ વધવું? કેટલાક ઉમેદવારો પ્રિલિમ અને મુખ્ય પરીક્ષાની તૈયારી એક સાથે કરવાની સલાહ આપે છે. આ સલાહ યુ.પી.એસ.સી.ના સંદર્ભમાં સાચી છે કે જેમાં એક વર્ષથી વધુ સમયથી તૈયારી કરવામાં આવતી હોય છે. પણ જી.પી.એસ.સી. પરીક્ષામાં ઘણાખરા ઉમેદવારો પરીક્ષાનું ફોર્મ બહાર પડે ત્યારબાદ તૈયારીની શરૂઆત કરે છે. પ્રિલિમ માટે જ ત્રણ મહિનાનો સમય મળતો હોય ત્યારે મુખ્ય પરીક્ષાની તૈયારી કરવી શક્ય નથી! પ્રિલિમ પરીક્ષા પૂર્ણ થયા બાદ સમય બગાડ્યા વગર મુખ્ય પરીક્ષાની તૈયારી શરૂ કરતા અંદાજિત ૪ મહિના જેટલો સમય મળે છે. આથી મુખ્ય પરીક્ષા પાસ કરવા અલગ રણનીતિની જરૂર પડે.

પ્રિલિમની તૈયારી વાંચીને કરી શકાય પણ મુખ્ય પરીક્ષાની તૈયારી સારી લેખન પ્રેક્ટિસ દ્વારા જ શક્ય બને છે. આથી દરેકે શરૂઆતથી જ લેખન પ્રેક્ટિસ શરૂ કરી દેવી જોઈએ. મોટાભાગના વિદ્યાર્થીઓ નિષ્ફળ એટલા માટે જાય છે કે પ્રિલિમ બાદ અવનવું વાંચવામાં ખૂબ જ સમય આપે છે પણ તેનાથી લેખન પ્રેક્ટિસ માટે સમય મળતો નથી! વળી પ્રિલિમ કસોટી માત્ર પાસ કરવાની હોય છે. ક્વોલિફાઈંગ રાઉન્ડ છે. આથી કટ-ઑફની ઉપર રહેલા તમામ સમાન ગણાય! પણ મુખ્ય પરીક્ષાના ગુણ અંતિમ મેરિટમાં સમાવિષ્ટ થાય છે. જેના આધારે કેડર ફાળવવામાં આવે છે. આથી જો એક માર્ક ઓછો આવવાને લીધે જો ડેપ્યુટી કલેક્ટર ચૂકી જઈ મામલતદારમાં પસંદગી થાય તો પ્રમોશનથી ડેપ્યુટી કલેક્ટર બનતાં ૭થી ૧૦ વર્ષ નીકળી જાય છે! ■

જીવન સંધ્યા

# જીવનનો સુવર્ણકાળ વૃધ્ધાવસ્થા



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

મનુષ્ય જીવન બાલ્યાવસ્થાથી વૃધ્ધાવસ્થા સુધી વિસ્તરેલું રહ્યું છે. આ બ્રહ્માંડની અનંતતા સામે તો મનુષ્યનું જીવન એક ક્ષણથી પણ ટૂંકું જણાય. વૃધ્ધાવસ્થા એ તો જીવનની સંધ્યા અવસ્થા છે. ચિંતક માર્ક ટ્રેઈન વર્ણવે છે કે – "Age is an issue of mind over matter, If you don't mind it doesn't matter." અર્થાત્ માનવીની ઉંમર એ એક મનની બાબત છે. જો તમે એને મન ઉપર ના લો તો પછી એ કોઈ બાબત રહેતી નથી.

આપણી વૃધ્ધાવસ્થાનું રૂપ એ આપણે જાતે સર્જેલી કલાકૃતિ છે. વૃધ્ધાવસ્થામાં સૌંદર્ય ખોવાઈ નથી જતું. માત્ર ચહેરા પરથી ખસીને હૃદયમાં વસી જાય છે. તેથી જ ફિલોસોફર આલ્બેર કામૂ વર્ણવે છે, "Alas! after a certain age every man is responsible for his face." અર્થાત્ અફસોસ... એક ચોક્કસ ઉંમર પછી દરેક માણસ પોતાના ચહેરા માટે પોતે જ જવાબદાર છે.

જેમ જેમ વય વધે તેમ તેમ આપણું સામાજિક વર્તુળ સંકોચાતું જાય છે. કૌટુંબિક પરિઘો સંતાનો સુધી સીમિત રહે છે. દેહ કૃશ થવા લાગે, વાળ સફેદ થવા લાગે, દાંત પડે, આંખોની રોશની મંદ પડે, એક સુસંસ્કૃત વિધાન મુજબ –

*અંગ ગલિતં પલિતં મુંડમ, દશનવિહીનં જાતં તૂંડં,*
*વૃધ્ધો યદિ ગૃહિત્વા દંડં, તદ્‌પિ ન મુચ્છાયશા પિંડં.*

અર્થાત્ અંગો ગળવા માંડે, વાળ ખરી જાય, જડબું દાંત વગરનું થઈ જાય તો પણ હજુ જીવવાની આશા માનવીની છૂટતી નથી.

આપણને ગમે કે ના ગમે, આપણા જીવનની ગતિ જ શૈશવથી વૃધ્ધત્વ તરફની છે. કોઈ સ્વેચ્છાએ વૃધ્ધ નથી જ થતા. જીવનની ખરી કિંમત જ માણસને વૃધ્ધાવસ્થામાં સમજવા મળે. જેમ જેમ ઉંમર વધે તેમ તેમ જીજીવિષા જીવવાની તૃષ્ણા વધવા પામે. નવરાશના સમયે જૂની સુખદુઃખની ક્ષણો ચિત્ત પર સવાર થઈ જાય અને એમ જ થયા કરે કે : "તેહીના દિવસાઃ ગતાઃ" એ દિવસો ચાલ્યા ગયા.

વૃધ્ધાવસ્થાનું આક્રમણ ચોક્કસ સંકેતો સાથે થતું જણાય છે. નોકરી કરતા હોઈએ તો રિટાયર થવાનું, નિવૃત્ત થવાનું આવે. પોતાના વ્યવસાયમાં આપણા સંતાનો સિંહાસને બેસે, ડ્રાઈવિંગ સીટ પરથી પાછળની સીટ પર બેસવાનું થાય. છેવટે ઘરમાં પણ વિચારભેદ - જનરેશન ગેપ, ક્યારેક માનભંગ અનુભવાય. વૃધ્ધાવસ્થામાં જેટલી સહજતાથી સફેદ વાળ આવે છે તેટલી સહજતાથી ડહાપણ આવતું નથી.

વૃધ્ધાવસ્થાને આપણે માત્ર મુશ્કેલીઓ, માંદગી અને મૃત્યુ સાથે અવિરત જોડી દઈએ છીએ. એમ પણ સમજાય છે કે વૃધ્ધાવસ્થા ભાગ્યશાળીને મળે છે કારણકે અનેક લોકો વૃધ્ધ થતા પહેલા જ આ દુનિયાને છોડી જાય છે. કવિ મનોજ ખંડેરિયાનો એક શેર છે :

*પૂછ એને કે જે શતાયું છે. કેટલું, ક્યાં, ક્યારે જીવાયું છે?*
*વૃધ્ધાવસ્થામાં વધેલા વર્ષોમાં જીવન ઉમેરવાનું છે.*

યક્ષ પ્રશ્ન એ છે કે વૃધ્ધાવસ્થા, સંધ્યાવસ્થા કેમ કેવી રીતે વિતાવવી? પ્રકૃતિ સાથે પ્રેમ કરીને વિતાવવાની વાત અમેરિકન આર્કિટેક ફ્રેન્ક રાઈટ કહે છે. તે નોંધે છે કે, "I believe in God but I spell him as Nature." અર્થાત્ હું ઈશ્વરમાં માનું છું અને માત્ર પ્રકૃતિમાં તેને જોઉં છું.

વૃધ્ધાવસ્થામાં વૈભવ વિલાસ પ્રત્યેની વિરક્તિ, મન અને હૃદયને ખૂબ જ શાંતિ બક્ષે છે. આ વૃધ્ધાવસ્થા તો જીવનના ઉપસંહારનું સ્ટેજ છે. આપણાથી આગળ અસંખ્યાત લોકો આ જગત પર આવીને વિદાય લઈ ચૂક્યા છે. આપણા પછી પણ આ સિલસિલો ચાલુ જ રહેવાનો છે.

તાત્વિકો વૃધ્ધાવસ્થામાં ભક્તિભાવમાં રત રહી મોક્ષ સાધના કરવા સૂચવે છે. મોક્ષભાગી બનવા પરમાત્માએ વૃધ્ધાવસ્થા મોકલી છે. ધ્યાન, ભજન માટે ઉત્તમ સમય આપ્યો છે. વિશાળ પરિવારનું સુખ કોઈને આપેલું છે. તો કોઈ વૃધ્ધ દંપતિ એકાકી છે, તો કોઈ વૃધ્ધ એકાકી નિઃસહાય છે. આજે સમાજે તેમના માટે વૃધ્ધાશ્રમોની રચના કરી છે. વૃધ્ધોની આવશ્યક્તા આવા આશ્રમોના સુસંચાલકો પૂરી કરે છે. **વૃધ્ધાવસ્થામાં દેહને નહીં પરંતુ આપણા મનને ભગવા વસ્ત્ર પહેરાવવાના છે.**

કોઈને પણ મૃત્યુનું આલિંગન અનિવાર્ય છે. વૃધ્ધાવસ્થા દરમિયાન ચિંતનની ક્ષણો નિસર્ગ બક્ષે છે. આ ચિંતનનું મહાત્મ્ય અનેકગણું છે. આ ફાની જગતમાં માનવી અનેક ઈચ્છા, આશા, આકાંક્ષાઓ ધરાવે છે. **હજુ લગી કોઈ જીવાત્માની બધી જ આશા પૂર્ણ થઈ એવું જણાયું નથી. મૃત્યુ માટેની તૈયારી જીવાત્માએ સ્વયં કરવી જ પડશે.** પરમાત્મા પ્રત્યેનો પ્રેમ એ મૃત્યુને જીતાડવાની જડીબુટ્ટી છે. Graceful જીવનની પૂર્વશરત જ Graceful મૃત્યુ છે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લાઇન,*
*સંસ્કાર નગર, શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

નવજીવન

# સમજણ



એમ. ડી. સોલંકી

'ના... ના... હું તમારી કોઈપણ વાત માનવા તૈયાર નથી.!'

'પ...ણ... દીકરી...'

'પણ જેવું હવે કશું જ નહીં. મમ્મી, મારી તો બસ એક જ વાત છે. અને એ વાત તેજસ મંજૂર રાખે તો જ હું તેમના ઘેર જવા તૈયાર છું.'

'માધવી, તું જે વાત કરે છે એ વાત જરાય વ્યવહારુ ગણાય જ નહીં. અને તારા કહેવા મુજબ થાય તો સમાજમાં આપણી ખોટી વાત થાય. હજુ તારા બે ભાઈ-બહેનના લગ્ન કરવાના પણ બાકી છે. ત્યારે સમાજના માણસો આપણા પરિવાર માટે કેવી ધારણા બાંધે?'

'મમ્મી, તમે બધા જે કંઈ કહેતા હોવ પણ હું મારી વાતમાં ચોક્કસ છું. તેજસ એના મમ્મી અને નાના ભાઈથી અલગ રહેવા સંમત ન થાય ત્યાં સુધી હું મારા પતિના ઘેર પગ પણ મૂકવાની નથી.'

'દીકરી માધવી, તું થોડુંક તો વિચાર. સાવ મામૂલી વાત માટે તું જીદ લઈને બેઠી છો. આવી ક્ષુલ્લક બાબતમાં વાતનું વતેસર થાય એ બરાબર ન કહેવાય. તેજસ એના મમ્મી અને નાના ભાઈથી કેવી રીતે અલગ રહી શકે?'

'મેં જે કંઈ નિર્ણય લીધો છે એ બરાબર જ છે અને મમ્મી, તું નાહકની મારી ચિંતા કરે છે. આમ પણ હું તો સરકારી નોકરી કરું છું. એટલે મારા જીવન નિર્વાહ માટે મારે કોઇનાય ઓશિયાળા રહેવું પડે એવું તો છે જ નહીં. હું મારી રીતે પગભર છું. એટલે હું મારી રીતે એકલી પણ રહી શકું તેમ છું.' માધવીએ જાણે કે છેલ્લો જવાબ આપતા કહ્યું.

અને મમ્મીની સમજાવટ સાવ એળે ગઈ! શહેરી વાતાવરણમાં – ભારે લાડકોડમાં ઉછરેલી માધવી એની જીદ આગળ જરાય નમતું જોખવા તૈયાર જ ન થઈ.

નામ એનું માધવી.

કચ્છ જિલ્લાના એક ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફીમેલ હેલ્થ વર્કરની ફરજ બજાવે. એલ.આઈ.સી.માં એજન્ટ તરીકેની કામગીરી કરનાર તેજસ સાથે એના લગ્ન થયા. લગ્ન જીવનની શરૂઆતના બારેક મહિના આનંદથી પસાર થયા. પરંતુ ત્યાર પછી ધીમે ધીમે થોડી ચણભણ શરૂ થઈ.

માધવી કહેતી – 'ચાલને તેજસ, આપણે શહેરની સોસાયટીમાં મકાન ભાડે રાખીને અલગ રહીએ. મને ગામડે રહેવાનું બિલકુલ ફાવતું જ નથી. હું સરકારી નોકરી કરું છું તોય મારે આ ગામડાંની ધૂળમાં જ રહેવાનું?'

'માધવી, આમેય આપણું કુટુંબ તો સાવ નાનું જ છે. તું, હું, મારા મમ્મી અને આઠેક વર્ષનો નાનો ભાઈ. મમ્મી અને નાના ભાઈને ગામડે મૂકીને આપણે બંને શહેરની સોસાયટીમાં અલગ રહેવા જઈએ એવી વાતમાં મારું મન જરાય માનતું નથી. આપણે આવું કરીએ તો સમાજમાં પણ આપણી ટીકા થાય. આખરે મારા મમ્મી અને નાનાભાઈ પ્રત્યે આપણી પણ કંઈક તો ફરજ બને જ ને? આપણે તો એમને સહાયરૂપ બનવું જોઈએ. તેજસ વ્યવહારુ વાત કરી માધવીને સમજાવતો હતો.

'મારી વાત વ્યવહારુ ગણાય કે ના ગણાય એની સાથે મારે કોઈ જ લેવા-દેવા નથી. મારે તો બસ શહેરની સોસાયટીમાં ભાડે મકાન રાખીને અલગ જ રહેવું છે. અને તેજસ આપણે બંને અલગ રહીએ તો પછી આપણે પણ આપણી મરજી મુજબનું જીવન જીવી શકીએ.' માધવી દલીલ કરતા કહેતી.

મારા પિતાના અવસાન પછી મારા મમ્મીએ દાડી-દપાડી કરીને અમારો ઉછેર કર્યો છે. માધવી, મારા ભણતરના ખર્ચને પહોંચી વળવા અને ઘર ચલાવવા મમ્મીએ પોતાની જાત તોડી નાખી છે. મહેનત કરવામાં કદી એણે રાત-દિવસ જોયા જ નથી. 'કાલે મારા દીકરા મોટા થશે અને અમારે સારા દિવસો આવશે અને મારી મહેનત લેખે લાગશે.' આવી આશાએ મારા મમ્મી ક્યારેય પગ વાળીને બેઠા જ નથી. મારા પપ્પાની બિનહયાતીમાં મારા મમ્મીએ પેટે પાટા બાંધીને અમને બેય ભાઈને મોટા કર્યા છે. મમ્મી અને નાનાભાઈને આપણા સહારાની જરૂર હોય એવા સમયે આપણે તેમનાથી અલગ રહેવા જઈએ એ તો સાવ અજુગતું જ કહેવાય.'

શહેરની સોસાયટીમાં ભાડેથી મકાન રાખીને અલગ રહેવાની ઘેલછા માધવીના મનોપ્રદેશમાં એટલી ઊંડી ઊતરી ગઈ હતી કે સારા-સારનો વિવેક પણ વિસરી ગઈ! જાણે માધવીની સમજણને કોઈ ગ્રહ લાગી ગયું હોય એમ એણે કોઈનીય વાત

કાને ના ધરી!

અલગ રહેવાની બાબતે ઘરમાં અવારનવાર ઝઘડા થતા રહ્યા અને એક દિવસ આવા જ ઝઘડામાં માધવી રીસાઈને એના પિયર જતી રહી. પિયરમાં જ મકાન ભાડે રાખીને નોકરીના સ્થળે આવ-જા કરતી રહી.

પિયરમાં જઈને અલગ મકાનમાં રહેતી માધવીને મનાવવા તેજસે ઘણા પ્રયત્નો કર્યા. માધવીના પિયરપક્ષ તરફથી પણ એને સમજાવવાના બનતા પ્રયાસો કરવામાં આવ્યા. કુટુંબ, સમાજના ત્રાહિત માણસોએ પણ માધવીને જીદ છોડી દેવા સમજાવી પરંતુ માધવી જેનું નામ! એ તો બસ એક જ રટ લઈને બેઠી હતી. શહેરની સોસાયટીમાં મકાન રાખીને અલગ રહેવું હોય તો જ હું તેજસના ઘેર - સાસરિયે પાછી આવું. આમ માધવીએ એની જીદમાં જરાય નમતું ના જોખ્યું.

કોઈપણ વાતે દાળ ગળે તેમ ન લાગતાં સમાજના આગેવાનોએ મધ્યસ્થી કરી માધવી અને તેજસને પરસ્પરની સમજૂતીથી છૂટાછેડા લઈ લેવાનું નક્કી કર્યું. સામાજિક રીતે છૂટાછેડા કરવા માટે ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૧નો દિવસ નક્કી કરવામાં આવ્યો. ઠરાવેલ તારીખે નિર્ધારીત સ્થળે બંને પક્ષના કુટુંબ - સમાજના આગેવાનોની હાજરીમાં માધવી અને તેજસે પતિ-પત્નીના સંબંધોથી છૂટા થઈ જવાનું ગોઠવ્યું.

**પણ માનવજાતની આવી રીતની કરેલ ગોઠવણ કુદરતને જાણે મંજૂર ન હોય અને આખરે તો 'હરિ કરે સો હોય!' એવી ઉક્તિ મુજબ તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ને શુક્રવારે સવારે ૮.૪૬ કલાકે કચ્છમાં ભૂકંપનો વિનાશક આંચકો આવ્યો.** અચાનક ધરતી ધણધણી ઉઠી. ભયાનક અવાજો સાથે ચોતરફ ઈમારતો જમીનદોસ્ત થવા માંડી. ધૂળના ગોટેગોટા ઊડ્યા. ચારેબાજુ ભાગદોડ મચી ગઈ. ભૂકંપના શક્તિશાળી આંચકાએ કચ્છની ધરતીને ધ્રુજાવી દીધી. કચ્છ ઉપર આફતોનું આભ તૂટી પડ્યું. કચ્છમાં ભૂકંપની ૯૦ સેકન્ડ તબાહી અને તારાજી સર્જી ગઈ. હજારોની જાનહાનિ અને અબજોનું નુકસાન!

કચ્છમાં ધરતીકંપની આ ગોઝારી ઘટના વખતે માધવી જે ઈમારતની પરસાળમાં બેઠી હતી ત્યાં ઈમારતની છતનો ભાગ તૂટીને અચાનક એના પગ ઉપર પડતાં એ ગંભીર રીતે ઘવાઈ. એને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડાઈ. કોઈ સંબંધીએ તેજસને ખબર પહોંચાડી. 'માધવીભાભી ગંભીર રીતે ઘવાયા છે. પગમાં બે જગ્યાએ ફ્રેક્ચર છે. તમે જલ્દીથી હોસ્પિટલ પહોંચજો.'

માધવીના સમાચાર જાણ્યા પછી તેજસ મનોમન બોલ્યો, 'જે થયું એ સારું જ થયું છે. માધવી બસ એ જ લાગની હતી. અમને પીડા પહોંચાડવામાં એણે કશુંય બાકી રાખ્યું જ નથી. અને હવે મારે અને માધવીને શો સંબંધ? માધવી સાથે છૂટાછેડા લેવાની વાત નક્કી જ છે. એટલે હવે એની પાસે હોસ્પિટલ જવાનો કોઈ મતલબ રહેતો જ નથી. માટે હોસ્પિટલ જવું જ નથી.'

થોડીવાર પછી તેજસના મનમાં ઉદ્‌ભવેલા ક્ષણિક આવેગનો ઉભરો શમી જતાં એનું મન થોડું શાંત થયું. વળી પાછો એના મનમાં વિચાર આવ્યો — માધવી સાથે મારે છૂટાછેડા લેવાના છે એ વાત નક્કી છે. પરંતુ હજુ સુધી અમારા છૂટાછેડા થયા જ નથી. છૂટાછેડા કરવાની તારીખ ૨૭ જાન્યુઆરી, ૨૦૦૧ નક્કી કરી હતી. પરંતુ આજે તો ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ છે. છૂટાછેડા લેવાનો નક્કી કરેલો દિવસ તો આવતીકાલે છે. જ્યાં સુધી માધવી અને મારા એકબીજાથી પતિ-પત્ની તરીકેના સંબંધોના છૂટાછેડા ન થાય ત્યાં સુધી માધવી મારી પત્ની જ ગણાય! ભલે માધવી એના સ્વભાવ મુજબ અમારી સાથે બેહૂદુ વર્તન કરે, પણ એમ કાંઈ મારાથી માધવી પ્રત્યેની મારી પતિ તરીકેની ફરજ કેમ ચૂકાય? માધવી મારી જ પત્ની છે. એટલે એની મુશ્કેલીના સમયે પતિ તરીકે મારે તેની પડખે ઊભા જ રહેવું જોઈએ.

અને તેજસ ત્વરાથી માધવી પાસે હોસ્પિટલમાં પહોંચી ગયો. સાથે એના મમ્મી અને આઠ વર્ષનો નાનો ભાઈ પણ!

હોસ્પિટલે પહોંચેલા તેજસે જોયું તો દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓથી હોસ્પિટલનું કમ્પાઉન્ડ, પરસાળ અને વોર્ડ ઉભરાઈ રહ્યા હતા. તેજસે ઝડપભેર માધવીનો વોર્ડ શોધી કાઢ્યો. ત્યાં એણે જે જોયું એનાથી એની નવાઈનો પાર ના રહ્યો. વોર્ડના ખૂણાવાળા પલંગ ઉપર પાટાપિંડી કરેલી માધવી સુનમુન થઈને એકલી-અટુલી બેઠી હતી. એના પિયર પક્ષની કોઈ પણ વ્યક્તિ માધવી પાસે હાજર નહોતી. જાણે એ સૌએ પણ માધવીથી મોં ના ફેરવી લીધું હોય! શૂન્ય મનસ્કભાવે બારી બહાર જોઈને અતીતના આઈનામાં ખોવાઈ ગયેલી માધવી, તેજસને જોતા જ આભી બની ગઈ. એ કંઈક બોલવા ગઈ, પણ ગમે તેમ હોય એ બોલી જ ના શકી. માત્ર એના હોઠ થોડું ફફડીને રહી ગયા! ઈજાગ્રસ્ત માધવીના ખભા પર હાથ મૂકીને તેજસે એને સાંત્વન આપતા કહ્યું, 'માધવી, હવે તું જરાય ચિંતા કરીશ નહીં. અમે સૌ તારી સાથે જ છીએ. તને વહેલી તકે સારું થઈ જશે. તું હિંમત રાખજે.'

માધવીના ઈજાગ્રસ્ત પગનું ઑપરેશન કરવામાં આવ્યું. તેજસના મમ્મી અને નાનો ભાઈ પણ માધવીને મદદરૂપ થતા રહ્યા. એકાદ મહિનાની સારવાર પછી માધવી, તેજસના ખભાનો સહારો લઈને ચાલવા લાગી. ક્યારેક નાનોભાઈ પણ માધવીનો હાથ પકડીને એને ચાલવામાં મદદ કરતો.

સમયનું ચક્ર એની નિરંતર ગતિથી ફરતું રહ્યું.

બે મહિનાની સારવાર બાદ માધવીને હોસ્પિટલમાંથી રજા મળી. ત્યારે તેજસે કહ્યું, 'માધવી, હવે તને સારું થઈ ગયું છે. તું તારી જાતે ચાલી શકે છે. ચાલ, હવે હું તને તારા ઘેર મૂકવા આવું.'

તેજસની વાત સાંભળી માધવી ગંભીર બની ગઈ. એની આંખની પાંપણો ભીની થઈ ગઈ. દાંત વડે નીચલો હોઠ દબાવીને આંખમાંથી નીકળતા આંસુઓને રોકવાનો વ્યર્થ પ્રયત્ન કરતા એણે કહ્યું, 'તેજસ, હવે મારે મારા ઘેર નહીં પણ આપણા ઘેર જવું છે!'

'એટલે?' તેજસ અધિરાઈથી બોલી ઉઠ્યો.

**'હા તેજસ, હવે મારે આપણાં ઘેર જ જવું છે. મને મારી ભૂલ સમજાઈ ગઈ છે. તમારી સાચી વાત મને સમજાતી નહોતી પણ ભૂકંપની કારમી થપાટ પછી સર્જાયેલ પરિસ્થિતિથી મારા મનમાં સમજણનો સંચાર થઇ ગયો.** આજે મને વાસ્તવિક્તાનું ભાન થઈ ગયું છે. મારી ખોટી જીદના કારણે જ હું પરમેશ્વર જેવા મારા પ્રેમાળ પતિને ઓળખી ના શકી. અરે! સગી જનેતા કરતાય વધુ સારી રીતે મારી સેવા ચાકરી કરનારા મારા સાસુ અને માડીજાયા ભાઈ કરતાય જેની પાસેથી મને વધારે હેત મળ્યું છે એવા મારા નાના દિયરને અલગ મૂકીને હવે હું ક્યાંય જવાની નથી. બસ, આપણે સૌ એક જ મકાનમાં સાથે રહીશું. મારા તરફથી કોઈ પ્રશ્ન જ ઊભો નહીં થાય. તેજસ, હવે મને સમજાયું છે કે **દાંપત્ય જીવનમાં એક યા બીજા પ્રકારની સમસ્યા સર્જાય ત્યારે જો સમજણના સથવારે આગળ વધીએ તો દાંપત્ય જીવનનો બાગ મીઠી સુગંધથી મઘમઘી ઊઠશે.'**

માધવીની વાત સાંભળી તેજસની આંખ પણ ભીની થઈ ગઈ. એણે કહ્યું, 'માધવી, ડામાડોળ થઈને લગભગ તૂટી જવાની અણી ઉપર આવી ગયેલા આપણા દાંપત્ય જીવનને જાણે કે આ ધરતીમાતાએ જ ધરતીકંપ દ્વારા નવજીવન બક્ષ્યું છે. ત્યારે આપણે સૌ ગઈ ગુજરીને ભૂલી જઈ નવેસરથી નવી જિંદગી જીવવાની શરૂઆત કરીએ.'

સને ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિને કચ્છમાં થયેલા ભયાનક ભૂકંપે અનેક માનવીઓના દાંપત્ય જીવનને નંદવી નાખ્યા છે. કોઈ પતિએ પોતાની વહાલસોઈ પત્ની ગુમાવી છે તો કોઈ પત્નીએ પોતાનો પ્રેમાળ પતિ ગુમાવ્યો છે. ભૂકંપની ભયાનક થપાટમાં અનેક સારસ-સારસીની જોડલી ખંડિત થઈ ગઈ છે. બરાબર આ જ સમયે તેજસ - માધવીના તૂટવાને આરે આવેલા દાંપત્ય જીવનને નવજીવન બક્ષવા ધરતીકંપ જ નિમિત્ત બન્યો એ પણ કુદરતની બલિહારી જ ગણાય!

*(નોંધ : સને ૨૦૦૧માં કચ્છમાં થયેલા ધરતીકંપ સમયની ઘટના. પાત્રોના નામ ફેરફાર સાથે.)*

*૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી,*
*કલિકુંડ, મુ.પો. ધોળકા, જિ. અમદાવાદ.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

## દરિયાદિલ...

**(અનુ. : પાના નં. – ૨૬ ઉપરથી ચાલુ)**

આપી જઈશ, જ્યાં સુધી તમારો બિઝનેસ પહેલાની માફક સરખો ચાલતો ના થઈ જાય ત્યાં સુધી... અને આ વાતની જાણ આપણા બે સિવાય કોઈ ત્રીજાને થવી ના જોઈએ. સાધનાને પણ નહીં.

અને આટલી વાત પૂરી કરતાં સુબોધરાય બોલ્યા કે, 'બેટા, ત્યારથી લઈને આજ સુધી અનિલકુમારે મને બિઝનેસમાં મદદ કરી છે અને તેમના કારણે જ હું ફરીથી પગભર થયો છું. એ દેવતાના રૂપમાં માણસ છે કે માણસના રૂપમાં દેવતા - એ નક્કી કરવું મુશ્કેલ છે.'

સાધના તો આ બધું સાંભળીને સ્તબ્ધ જ થઈ ગઈ. અનિલનું આ રૂપ તો તેને જરાપણ માનવામાં જ નહોતું આવતું. **આટલા ગુસ્સાવાળા સ્વભાવની પાછળ આટલું કોમળ હૃદય પણ હોઈ શકે એ વાત એને સમજાતી જ ન હતી.**

કોઈપણ વ્યક્તિના સ્વભાવ વિશે ધારણા બાંધતા પહેલા એકવાર વિચારી લેવું જોઈએ. દરેક વ્યક્તિમાં કેટલાક સદ્ગુણ તથા કેટલાક અવગુણ હોય જ છે. કોઈ વ્યક્તિ સંપૂર્ણ સારી કે ખરાબ હોતી નથી. હા, એમાં ઓછાવત્તા અંશ હોઈ શકે. સારા ગુણ વધારે અને ખરાબ ગુણ ઓછા અથવા તો ખરાબ ગુણ વધારે અને સારા ગુણ ઓછા... પરંતુ આપણે કયા ગુણ જોઈએ છે એ આપણા ઉપર આધારિત છે. **સારા ગુણને જોઈને ખરાબ ગુણ અણદેખ્યા કરીશું તો વ્યક્તિ સારી જ લાગશે અને જો ખરાબ ગુણને જ ફક્ત જોઈશું તો વ્યક્તિ ખરાબ જ લાગશે.**

*"બુરે મેં અચ્છા ઢૂંઢો તો કોઈ બાત બને*
*અચ્છેમેં બુરાઈ ઢુંઢના યે તો દુનિયા કા રિવાજ હૈ."*

સાધના અનિલના આ સારા ગુણથી પરીચિત જ ન હતી. એને અનિલમાં એક સારો વ્યક્તિ જ દેખાતો હતો. એના નાના નાના અવગુણ તો ક્યાંય ઢંકાઈ ગયા હતા. તેનું મન તેના પતિ પાસે જવા માટે તત્પર બની રહ્યું હતું. તે એક પણ ક્ષણ રોકાયા વગર તેના ઘેર જવા નીકળી ગઈ.

તેનામાં એક આત્મવિશ્વાસ આવી ગયો હતો કે આવા નાળિયેર જેવા સ્વભાવવાળો વ્યક્તિ કે જે બહારથી કઠણ અને અંદરથી એકદમ નરમ છે તેના બહારના સખત ભાગને તોડીને એ જરૂરથી પેલા કોમળ હૃદયને બહાર લાવી શકશે... ધીમે ધીમે તેનો ગુસ્સો ઓછો કરીને તેને એક પ્રેમાળ વ્યક્તિ બનાવી શકશે. સાધનાએ મનોમન વિચાર્યું કે **હવે હું પ્રેમનું મીઠું ઝરણું બનીને તેનામાં એટલી મીઠાશ ભરી દઈશ કે ત્યાં ખારાશનું કોઈ સ્થાન જ નહીં રહે.**

અને એમ વિચારતા વિચારતા સાધના અનિલના મનની ખારાશને પીગળાવવા માટે એક ધસમસતી મીઠી નદી બનીને પોતાના દરિયાદિલ પતિને મળવા દોડી ગઈ...

*૭, દર્શન એપાર્ટમેન્ટ, કૈલાસ સોસાયટી, મહાલક્ષ્મી પાંચ રસ્તા,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૮૨૫૧ ૫૫૫૧૩*

રંગમંચ

# દરિયાદિલ....



સુનિતા એ. શાહ

સાધનાના ઘરમાં આજે ખુશીની લહેર છવાઈ ગઈ હતી. સાધનાના લગ્ન એક ઉચ્ચ મધ્યમ વર્ગના સુખી પરિવારમાં નક્કી થઈ ગયા હતા. ઘર કુટુંબ બધું જ સરસ હતું. સાધનાને અનિલ પહેલી નજરમાં જ પસંદ પડી ગયો હતો. અનિલ ખૂબ સારું કમાતો હતો. એ એક મોટી કંપનીમાં સારા હોદ્દા ઉપર હતો અને દેખાવડો પણ ખૂબ હતો. એનું પોતાનું સુખ સુવિધાવાળું ઘર હતું. ઘરમાં ગાડી તથા નોકર ચાકર પણ હતા. તેમના ઘરમાં તેના માતા-પિતા અને એક નાનો ભાઈ હતો. સાધનાએ વિચાર્યું કે આનાથી વિશેષ બીજું શું જોઈએ? તેને તેના સપનાનો રાજકુમાર મળી ગયો હતો.

સાધના જ્યારે લગ્ન કરીને આ ઘરમાં આવી ત્યારે તેણે વિચાર્યું હતું કે પોતે આ ઘરમાં સરળતાથી ગોઠવાઈ જશે કારણકે એ પોતે પણ એક ઉચ્ચ મધ્યમ પરિવારમાંથી આવતી હતી. તેથી રહેણીકરણીમાં બહુ તફાવત ન હતો. લગ્ન પછીના થોડા દિવસો તો હરવાફરવા અને મોજમજામાં નીકળી ગયા. પછી સાધના ધીમે ધીમે ઘરની પરિસ્થિતિથી વાકેફ થવા લાગી. તેણે જોયું કે તેના સાસુ તારાબેનનો સ્વભાવ બહુ જ આકરો હતો. તે વાતવાતમાં સાધના ઉપર ગુસ્સે થઈ જતા હતા. નાની નાની વાતમાં ભૂલ બતાવતા હતા. સાધના ઘણીવાર અકળાઈ જતી હતી. તેના સસરા જયેશભાઈનો સ્વભાવ આકરો ન હતો, પણ વાતવાતમાં વાંધા વચકા કાઢવાની તેમને ટેવ હતી. ક્યારેક કામને લઈને તો ક્યારેક રસોઈને લઈને તે કંઈક ને કંઈક ટીપ્પણી કર્યા કરતા હતા. તેનાથી સાધના પરેશાન રહેવા લાગી હતી. જ્યારે સાધનાના સાસુ તેને કંઈ કહેતા હોય, તેને લડતા હોય ત્યારે તેના સસરા 'નરો વા કુંજરો વા' જેવો સ્વભાવ રાખતા. ન તો સાધનાને કંઈ કહેતા અને ન તો પોતાની પત્ની તારાબેનને કંઈ કહેતા. તેનો દિયર સુનીલ તો તેના પોતાનામાં જ મસ્ત હતો. મોટાભાગે ઘરની બહાર જ રહેતો. સવારે કોલેજ જતો અને પછી ભાઈબંધો સાથે હરીફરીને રાત્રે થોડો મોડેથી જ ઘેર આવતો. સાધનાને પ્રેમભર્યા બે શબ્દની આશા ફક્ત તેના પતિ પાસેથી રહેતી. અનિલનો સ્વભાવ આમ તો સારો હતો. તે સાધનાને હરવા-ફરવા લઈ જતો, શોપિંગ કરવા પણ લઈ જતો. આમ તો પ્રેમાળ હતો પરંતુ તેની કમજોરી એ હતી કે તેને ગુસ્સો બહુ જલદી આવી જતો. એ ઘણીવાર નાની નાની વાતમાં સાધના ઉપર ગુસ્સે થઈ જતો અને ગુસ્સો ઉતરે એટલે તેને પ્રેમથી મનાવી પણ લેતો. એના આ સ્વભાવના કારણે સાધના તેનાથી થોડી ડરીને રહેતી હતી. સાધના તેના પતિને ખૂબ પ્રેમ કરતી હતી પણ એને અંદરથી એક જાતનો ભય રહ્યા કરતો હતો. અનિલનો ગુસ્સો ક્યારે ફૂટી નીકળશે તેની તેને ખબર પડતી ન હતી.

સાધના એવા પરિવારમાંથી આવતી હતી, જ્યાં બધા પ્રેમાળ સ્વભાવના હતા. સાધનાએ ક્યારે પણ તેના માતા-પિતાને ઊંચા અવાજે વાત કરતા કે ઝઘડતા જોયા ન હતા. કદાચ ક્યારેક કંઈ મતભેદ થાય તો તેઓ બંધ કમરામાં જ ઉકેલ લાવી દેતા. તેમના ઘરમાં તો હંમેશાં એક ખુશીભરેલું વાતાવરણ જ જોવા મળતું. તેના મમ્મી-પપ્પા અને તેની નાની બહેન એમ ચાર જણાના પરિવારમાં ખૂબ જ મનમેળ હતો.

અચાનક જ એક અલગ માહોલમાં આવીને સાધના થોડી ગભરાઈ ગઈ હતી. એના ઘરમાં તો કોઈ મોટેથી વાત પણ કરતું ન હતું અને **અહીં સાસુનો કકળાટભર્યો સ્વભાવ, સસરાની વાંધા વચકા કાઢવાની ટેવ અને પતિનો ગુસ્સાવાળો સ્વભાવ સાધનાને મનમાં ને મનમાં ખૂબ દુઃખી કરી રહ્યો હતો.** તે રોજ પોતાના ઘરને યાદ કરીને એકાંતમાં જઈને રડી લેતી. પછી મન મક્કમ કરીને કામ પર લાગી જતી. તે વિચારતી કે એક દિવસ પોતાના સારા સ્વભાવથી એ બધાના દિલ જીતી લેશે.

થોડા વખતમાં સાધનાને સારા દિવસો રહ્યા અને વખત જતા એણે એક સુંદર દીકરાને જન્મ આપ્યો. ઘરમાં બધા ખૂબ ખુશ હતા. સાધના પર હવે વધારે જવાબદારી હતી. સાસુ-સસરા અને ઘરના કામની સાથે એણે હવે નાના દીકરાને પણ સંભાળવાનો હતો. તે બધી જ જવાબદારી નિભાવે જતી હતી. **નારીને ધીરજ અને સહનશક્તિની મૂર્તિ કહેવાય છે.** એવી નારીઓમાંની એક સાધના હતી. જો કે બધી જ નારીઓમાં આ ગુણ નથી પણ હોતા. એવું પણ કહેવાય છે કે, 'એક નારી, બધા પર ભારી.' પણ બધા જ સંસારમાં એકસરખા નથી હોતા. માટે જ આવી વિરોધાભાસી કહેવતો બનાવવામાં આવી છે. પરંતુ સાધના તો સહન શક્તિની જાણે મૂરત હતી. એના મનમાં એક જ ધૂન હતી કે હું મારા પ્રેમથી બધાના દિલ જીતી લઈશ.

***'જે માણસ પોતાનો સ્વભાવ પરિસ્થિતિને અનુકૂળ બનાવી શકે તે માણસ આ જિંદગીના મંચ પરનો સૌથી બેસ્ટ કલાકાર છે અને સ્ત્રી એટલે તો જિંદગીના રંગમંચ***

***પર રીહર્સલ વગર દરેક ભૂમિકા સફળતાપૂર્વક નિભાવતું ઇશ્વરનું અદ્‌ભુત સર્જન...'***

સાધના ક્યારેક તેના પિયર તેના માતા-પિતાને મળવા જતી ત્યારે તેને ખૂબ સારું લાગતું હતું. તે તેના સાસુ-સસરા અને પતિની ફરિયાદ તેના માતા-પિતા પાસે ઘણીવાર કરતી. કોઈવાર ગુસ્સે થઈને તો કોઈવાર રડીને... એને જરાપણ અંદાજ ન હતો કે તેના માતા-પિતા ઉપર સંકટ આવીને ઊભું છે. તેના પિતાના બિઝનેસમાં અચાનક મોટી ખોટ આવી હતી. તેમણે બજારમાંથી નાણા ઉધાર લીધા હતા પરંતુ હવે તે પાછા ચૂકવવાની પરિસ્થિતિમાં પણ ન હતા. ચારેબાજુથી તે ઘેરાઈ ચૂક્યા હતા. ઘરમાં બે વખતના ભોજનનો મેળ પણ મુશ્કેલીથી પડતો હતો. તેની નાની બહેન હજી ભણતી હતી. તે પણ ક્યાંક જોબ મળી જાય તો શોધવાનો પ્રયત્ન કરતી હતી. પરંતુ ડિગ્રી વગર ક્યાંય સારી જગ્યાએ નોકરી મળતી ન હતી. ખૂબ જ આર્થિક સંકડામણના સંજોગો આવીને ઊભા હતા. કહે છે ને કે, દિવસ સૌના એકસરખા જતા નથી. **સુખ પછી આવે દુઃખ અને વળી દુઃખ પછી પાછું આવે સુખ. આ ચક્ર ફરતું જ રહે છે.** સાધનાના પિયરમાં દુઃખના ડુંગર તૂટી પડ્યા હતા. પરંતુ જ્યારે સાધના તેમને મળવા જતી ત્યારે એ લોકો એ વાતનું ચોક્કસ ધ્યાન રાખતા કે સાધનાને આ વાતનો જરાપણ અણસાર ન આવે. તેઓ પોતાની દીકરીને સાસરાની જવાબદારીઓ વચ્ચે પોતાના દુઃખમાં દુઃખી કરવા ઇચ્છતા ન હતા.

સાધનાના ઘણા પ્રયત્નો પછી પણ તેના સાસુનો સ્વભાવ જરા પણ બદલાયો ન હતો. તે ઘણીવાર તેના પતિ અનિલને ફરિયાદ કરતી પરંતુ અનિલ કોઈ દિવસ તેની માતાને કંઈ કહેતો નહીં. આ કારણે સાધના ખૂબ દુઃખી રહેતી હતી.

આમ તો પતિ-પત્ની એકબીજાને ખૂબ પ્રેમ કરતા હતા પરંતુ અનિલ નાની નાની વાતમાં ગુસ્સે થઈ જતો. એ એના સ્વભાવથી મજબૂર હતો. તે પોતાના ક્રોધ પર કાબૂ મેળવી શકતો ન હતો. એક દિવસ એક નાના કારણસર અનિલ ગુસ્સે થઇ ગયો અને તેના સાસુ-સસરા અને દિયરની સામે સાધનાને ન કહેવાના શબ્દો કહ્યા. **'અપશબ્દો એક એવી ચિનગારી છે, જે કાનમાં નહીં પણ સીધી મનમાં આગ લગાડે છે.'** સાધનાના અંતરમાં પણ અનિલના શબ્દો તીરની જેમ ભોંકાઈ ગયા. હવે સાધનાની ધીરજનો બાંધ તૂટી ગયો અને તે પણ સામે ગુસ્સે થઇ ગઇ અને પછી પોતાની અપમાનજનક પરિસ્થિતિ સહન ન થતાં નાના પીન્ટુને લઇને પોતાના માતા-પિતાના ઘેર ચાલી નીકળી.

ત્યાં જઇને તે ખૂબ રડી અને પોતાના માતા-પિતા આગળ પોતાના મનનો આક્રોશ નિકાળતા કહ્યું કે, 'મારા પતિ મને આટલા વર્ષો પછી પણ સમજી જ નથી શકતા. અત્યાર સુધી હું તેમને જે પ્રેમ કરતી હતી, તેની તેમને કોઈ કદર જ નથી. તેમને તો મારા માટે જરાપણ પ્રેમ નથી. તેમને મારી જરાપણ દરકાર જ નથી. મેં મારો પ્રેમ એક ખોટા વ્યક્તિ પાછળ વેડફી નાખ્યો. એ એને લાયક જ નથી. મારા પ્રેમભર્યા પ્રયત્નોનું કોઈ સારું પરિણામ ના જ આવ્યું. આવા પુરુષો પ્રેમને લાયક જ નથી હોતા. પથ્થર ઉપર પાણી રેડીએ ને તો પથ્થર પણ ક્યારેક ઘસાય, પણ અમુક માનવીઓ તો પથ્થર કરતાં પણ વધારે સખત હોય છે. તેમના ઉપર કોઈના અખૂટ પ્રેમની ધારાની પણ અસર થતી નથી. અને મારા કમનસીબ છે કે મને પતિ તરીકે પથ્થરથી પણ સખત પતિ મળ્યો છે... અને આમ સાધના ગુસ્સામાં હજી તો કંઈ કેટલુંય બોલ્યે જતી હતી.

'બસ... બહુ થયું, ચૂપ થઈ જા. હવે એક પણ શબ્દ અનિલકુમાર વિરુધ્ધ ના બોલતી.' તેના પિતાએ તેને વચ્ચેથી ટોકતા કહ્યું. સાધના એકદમ ચૂપ થઇને તેના પિતા સામે આઘાત અને આશ્ચર્યથી જોવા લાગી. તેના પિતા તેનો પક્ષ લેવાને બદલે તેના પતિનો પક્ષ લઈ રહ્યા હતા અને તેને ચૂપ થઈ જવાનું કહેતા હતા? તેનો ચહેરો આંસુઓથી ભીંજાઈ ગયો. તેના પિતા તેની પાસે આવ્યા અને પ્રેમથી તેના માથા ઉપર હાથ ફેરવીને કહ્યું, 'સાધના, બેટા, તને કંઈ જ વાતની જાણ નથી. તે અનિલકુમારનું એક જ બાજુનું સ્વરૂપ જોયું છે. આજે તને વાસ્તવિક્તાની જાણ કરવી જ પડશે.' પછી થોડો વખત રોકાઇને બોલ્યા, 'તને ખબર નથી બેટા, તારા લગ્નના થોડા વખત પછી આપણા ઘરની પરિસ્થિતિ બદથી પણ બદતર થઈ ગઈ હતી.' અને પછી તેના પિતાએ તેને જે વાત કરી તે આ પ્રમાણે હતી.

આ વાતની જાણ સાધનાના પતિ અનિલને માર્કેટમાંથી થઈ હતી. તેને આ વાતની ખબર પડતાં એ તરત જ સાધનાના પિતાને ઘેર મળવા ગયો હતો અને તેના પિતા સુબોધરાયને કહ્યું, 'પપ્પા, આ વાતની જાણ મને બહારથી થતાં ખૂબ દુઃખ થાય છે. તમે અમને પણ પારકા સમજ્યા? અમે તમારા સંતાનો જ છીએ. તમારો પૂરો હક્ક છે અમારા ઉપર... જેમ સાધનાએ મારા માતા-પિતાને પોતાના ગણીને અપનાવ્યા છે, તેમની બધી સારસંભાળ લીધી છે, બધી જરૂરિયાતો પૂરી કરી છે એવી જ રીતે મારી પત્નીના માતા-પિતા પ્રત્યે મારી પણ કંઈક ફરજ છે. તમે જેટલા સાધનાના માતા-પિતા છો, એટલા જ મારા પણ છો જ... તમે આટલી મોટી તકલીફમાં આવી પડ્યા હોવ અને અમને ખબર પણ ના પડી એ વિચારતા મને તો શરમ આવે છે. પરંતુ પપ્પા, હવે તમારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. હું બેઠો છું ને તમારો દીકરો... આપણે ફરીથી બિઝનેસ શરૂ કરીશું. તમે બિલકુલ ચિંતા ના કરતા. હું તમારી સાથે જ છું.

સુબોધરાયની આંખો આંસુથી છલકાઈ ગઈ. તેમણે ઘણી બધી ના પાડી. દીકરીના પૈસા ના લેવાય જેવા વિચારો વ્યક્ત કર્યા પણ અનિલ એમ માને એવો ક્યાં હતો? તેણે કંઈપણ બોલ્યા વગર ચૂપચાપ સુબોધરાયના હાથમાં પૈસા મૂકી દીધા અને કહ્યું, 'જો તમે મને તમારો દીકરો માનતા હો તો મને દીકરાની ફરજ પૂરી કરવાનો હક્ક આપો. હું દર મહિને આવીને તમને પૈસા

(અનુ. : જુઓ પાના નં. – ૨૪ ઉપર)

ફિલમ - ફિલમ

# ‘હેલ્લારો’ના બીજ ક્યાં રોપાયા અને તેના સર્જકો કોણ છે?



પાર્થ દવે

ભારતની શ્રેષ્ઠ ફિલ્મ જાહેર થયેલી ગુજરાતી ફિલ્મ ‘હેલ્લારો’ કચ્છના કુરન ગામમાં શૂટ થઈ છે. તેમાં પડદા પર અને પડદાની પાછળ કચ્છના ઘણા કલાકાર - કસબીઓએ કામ કર્યું છે.

૯ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ જ્યુરી હેડ રાહુલ રવૈલે નેશનલ ઍવોર્ડસના નામ એનાઉન્સ કર્યા. ગયા વર્ષે આવેલી હિંદી સહિતની તમામ ભારતીય ભાષાઓની ફિલ્મોના નામ બોલાતા ગયા. ધ્રુવ ભટ્ટની ‘તત્ત્વમસી’ નવલકથા પર આધારિત અફલાતુન ફિલ્મ ‘રેવા’ની પણ બેસ્ટ ગુજરાતી ફિચર ફિલ્મ તરીકે પસંદગી થઈ. આ બધા ઍવોર્ડસમાં એક ગુજરાતી ફિલ્મનું નામ લેવાયું. જે હિંદી સહિતની તમામ ભાષાઓની ફિલ્મોને પછાડીને સૌથી ઉપર લેવાયું અને તે ફિલ્મ એટલે ‘હેલ્લારો.’ શ્રેષ્ઠ ભારતીય ફિલ્મના ઍવોર્ડની સાથે ‘હેલ્લારો’ની ૧૩ અભિનેત્રીઓને સંયુક્તમાં જ્યુરી મેન્શન પણ મળ્યું. તેમને ઍવોર્ડ જાહેર થયો. ખાસ કહેવામાં આવ્યું કે આ અભિનેત્રીઓએ નોંધપાત્ર કામ કર્યું છે, તેમને અવગણી ન શકાય.

***કટ ટુ દોઢ વર્ષ પહેલા :*** એક માણસ ચાલતી ગાડીમાં કહી રહ્યો છે કે, ‘પાર્થ, બરાબર એક વર્ષ પહેલાં હું મારી કાર લઈને આવ્યો હતો. જ્યાં સુધી ધૂળિયો રસ્તો દેખાય ત્યાં સુધી દોડાવી હતી અને અંતે રસ્તો પૂરો થયો ત્યાં અટક્યા હતા. અહીં આ ડુંગર દેખાય એ રીતે જગ્યા નક્કી કરી હતી. કંઈ જ નહોતું અહીં. માત્ર રણ હતું! આજે આપણું ગામ છે.’

એ માણસ એટલે ‘હેલ્લારો’ના ડિરેક્ટર અભિષેક શાહ. અભિષેક શાહ ‘બે યાર’થી કરીને છેલ્લો દિવસ, કરશનદાસ, રોંગ સાઈડ રાજુ અને દુનિયાદારી સહિતની ફિલ્મોના કાસ્ટિંગ ડાયરેક્ટર તરીકે જાણીતા છે. તેઓ નાટકો લખી અને ડિરેક્ટ કરી ચૂક્યા છે. ડિરેક્ટર તરીકેની તેમની આ પહેલી ગુજરાતી ફિલ્મ છે.

‘હેલ્લારો’ ફિલ્મની વાર્તા ૧૯૭૫ના સમયગાળાના કચ્છમાં આકાર લે છે. **કચ્છી લોકકથા (વ્રજવાણીના ઢોલી અને આહિરાણીઓ)નો આધાર લઇને આ ફિલ્મની વાર્તા લખવામાં આવી છે.** અભિષેક શાહે જ આ વાર્તા લખી છે. આ વિચાર-બીજ કઈ રીતે સૂઝ્યો એ વિશે વાત કરતા તેઓ કહે છે કે, ‘કલાકાર મિત્ર તુષાર દવેએ મને લોકવાર્તાની એક લીટી સંભળાવી હતી. એ વાર્તાની લીટી મને યાદ રહી ગઈ. મેં વિચાર્યું કે આ એક લાઈનની વાર્તાના માત્ર પાત્રોને રાખીને હું મારી રીતે કશુંક કરું તો? એમ વિચારતા વિચારતા મેં નવી વાર્તા સર્જી...’

અભિષેક શાહ ખાસ કહે છે કે, કચ્છની એ લોકવાર્તાના પાત્રો અને ઘટના માત્ર છે, બાકી ફિલ્મમાં તદ્દન જુદું છે.

વેલ, ‘હેલ્લારો’માં મૂળ તો સંગીતને અભિવ્યક્તિની વાત છે. મહિલાઓ પોતાને નૃત્ય (અહીં ગરબા) દ્વારા વ્યક્ત કરે છે. **‘હેલ્લારો’નો અર્થ થાય ‘મોજું.’** મહિલાઓની દબાયેલી લાગણી જ્યારે નૃત્ય દ્વારા બહાર આવે ત્યારે હેલ્લારો સર્જાય છે!

અભિષેક શાહે કહ્યું એ ફિલ્મના રાઈટર તથા ડિરેક્ટર છે. ‘હેલ્લારો’નો સ્ક્રિનપ્લે અભિષેક શાહની સાથે પ્રતીક ગુપ્તાએ લખ્યો છે. પ્રતીક ગુપ્તા આ ફિલ્મના એડિટર તથા એસોસિએટ ડિરેક્ટર પણ છે. એટલે કે તેમણે પ્રિ-પ્રોડક્શનમાં અર્થાત્ સ્ક્રિપ્ટમાં કામ કર્યું, ત્યારબાદ શૂટિંગ દરમિયાન તેઓ એસોસિએટ ડિરેક્ટર તરીકે રહ્યા અને બન્યા બાદ ફિલ્મ એડિટ કરી! હેલ્લારોના સર્જનના પાયામાં ત્રીજી વ્યક્તિ છે મિત જાની. જેઓ ફિલ્મના કો-પ્રોડ્યુસર છે. મિત જાની અને પ્રતીક ગુપ્તાએ અગાઉ ‘ગૂંગા પહેલવાન’ નામની ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી છે, જેને વર્ષ ૨૦૧૪માં નેશનલ ઍવોર્ડ મળી ચૂક્યો છે. માટે પ્રતીક ગુપ્તા અને મિત જાનીના ખાતામાં આ બીજો નેશનલ ઍવોર્ડ આવ્યો છે એમ કહી શકાય.

‘હેલ્લારો’નું સપનું જોનાર ચોથા વ્યક્તિ છે ફિલ્મના એક્ઝિક્યુટિવ અને કો-પ્રોડ્યુસર આયુષ પટેલ. નેશનલ ઍવોર્ડ વિનર ડોક્યુમેન્ટરી ગૂંગા પહેલવાનમાં પણ તેઓ એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર તરીકે ઇન્વોલ્વ હતા.

મિત, પ્રતીક અને આયુષ — આ ત્રણેય મિત્રો કૉલેજમાં સાથે હતા. ત્રણેય સી.એ. સાથે થયા. ત્રણેયને ફિલ્મોનો ભારે શોખ. શરૂઆતમાં સાથે મળીને નાની-મોટી ડોક્યુમેન્ટ્રિઝ બનાવી. તેમણે ૨૦૧૦માં ‘મિયાં મહાદેવ’ નામની એક ડોક્યુમેન્ટરી બનાવી હતી જેના ચોતરફ વખાણ થયા હતા. આ પછી તેમણે

પોતાના ફર્મને નામ આપ્યું ‘વિડિયોવાલા.’ સમય જતા અભિષેક શાહ સાથે તેઓ જોડાયા અને ચારેય જણાએ પ્રોડક્શન હાઉસ સ્ટાર્ટ કર્યું ‘હરફનમૌલા.’ ‘હેલ્લારો’ એ હરફનમૌલા પ્રોડક્શન હાઉસનું પહેલું સર્જન છે. તેમના કહેવા મુજબ આ ફિલ્મ દિવાળી આસપાસ રિલીઝ કરવાનું વિચારી રહ્યા છે.

## કચ્છના કલાકાર-કસબીઓ ‘હેલ્લારો’માં

ઉલ્લેખનીય છે કે, ફિલ્મનું શૂટિંગ કચ્છના ભુજથી ૯૦ કિ.મી. દૂર ખાવડા પાસે આવેલા કુરન ગામની નજીક થયું છે. એ જગ્યા ઇન્ડિયા બ્રિજથી ત્રણેક કિ.મી. દૂર થાય. અમદાવાદથી તો આ જગ્યા ખાસ્સી દૂર થાય. માટે કચ્છમાં બનતી હિંદી કે ગુજરાતી તમામ ફિલ્મોની જેમ ‘હેલ્લારો’માં પણ કચ્છી કલાકાર-કસબીઓનું કામ જોવા મળ્યું છે.

ફિલ્મમાં શરૂઆતથી જ પ્રોડક્શનની મહત્ત્વની જવાબદારી સંભાળનારા જય પોકાર જણાવે છે કે, હેલ્લારોમાં કચ્છના લગભગ ૭૫ જેટલા કલાકારોએ ભાગ લીધો છે. જેમાં પંકજ સોની, સી.ડી. કરમશિયાણી, જીતુ બગ્ગા, અંજલિ રાજગોર સહિતના કલાકારોનો સમાવેશ થાય છે. (ફિલ્મમાં મહત્ત્વનું સેન્ટ્રલ પાત્ર ઢોલીનું છે જે દાદુ અભિનેતા જયેશ મોરે ભજવે છે. અંજલિ રાજગોર તેમના પત્નીના પાત્રમાં છે.) બેકગ્રાઉન્ડ કલાકારો માટે લોરિયાથી ગાડીઓ ભરાઈને આવતી એમ જણાવતા જય પોકાર કહે છે કે, ‘પ્રોડક્શન ઉપરાંત આર્ટ, મેક-અપ તથા કોસ્ચ્યુમ ડિપાર્ટમેન્ટમાં પણ કચ્છીઓએ દિલથી કામ કર્યું છે.’

ફિલ્મ માટે ૧૮ ભૂંગા અને ૧ મંદિર ઊભા કરાયા હતા, જે હજુ પણ છે. તે ગાંધીધામના સિવિલ એન્જિનિયર જીગર ઠાકરાણી તથા ફોટોગ્રાફર મિતુલ ચોપડાની નિગરાણી હેઠળ થયા છે. કલાકારોના કપડા (કોસ્ચ્યુમ) ભચાઉ તથા અંજારથી લેવાયા હતા અને તેનું સીવણકામ નખત્રાણા - ભચાઉમાં થયું છે. તો સૌમ્ય ભટ્ટે પ્રોડક્શનની કામગીરી સંભાળી હતી.

થોડા દિવસો પહેલા યોજાયેલ હેલ્લારોની સક્સેસ પાર્ટીમાં ડિરેક્ટર અભિષેક શાહ તથા બાકીના ચારેય પ્રોડ્યુસરે કચ્છની સ્પાર્ક પ્રોડક્શનની ટીમનો ખાસ આભાર માન્યો હતો અને મોમેન્ટો આપીને તેમનું સન્માન કર્યું હતું.

## જાણીતા નાટ્યકાર સૌમ્ય જોશી કચ્છની ગલીઓમાં ફર્યા

‘હેલ્લારો’ના એડિશનલ સ્ક્રિનપ્લે તથા ડાયલોગ્સ જાણીતા નાટ્યકાર, કવિ તથા ‘૧૦૨ નોટ આઉટ’ ફિલ્મના લેખક સૌમ્ય જોશીએ લખ્યા છે. તેઓ કચ્છી લહેકાની બોલી (ભાષા) સ્ક્રિપ્ટમાં ઉતારી શકે તે માટે ભુજના જૂના સ્ટેશન રોડ જેવા ભરચક વિસ્તારથી કરીને ખાવડા સહિતના ગામોમાં ફર્યા છે, લોકોને મળ્યા છે. ફિલ્મોના ગીતો પણ સૌમ્ય જોશીએ લખ્યા છે.

***પેક અપ :*** ‘હેલ્લારો’ની વાર્તાનું નરેશન ચાલતું હતું ત્યારે ડિરેક્ટર અભિષેક શાહે કહેલું, ‘મને ખબર નથી આ ફિલ્મ કોમર્શિયલી હીટ જશે કે નહીં પણ મને એટલી ખબર છે કે હું સંપૂર્ણ પ્રામાણિકતાથી આ ફિલ્મ બનાવી રહ્યો છું. દિલને ધક્કો વાગ્યો છે માટે આ ફિલ્મ બનાવી રહ્યો છું.’ ■

---

## NanoNine® *Sudoku*

**ડિસેમ્બર-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૧૬ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

| | | |
|---|---|---|
| ૧. | સરલા શાહ | – અમદાવાદ |
| ૨. | નીલમ દોશી | – અમદાવાદ |
| ૩. | દિનેશ વોરા | – અમદાવાદ |
| ૪. | દર્શના શાહ | – અમદાવાદ |
| ૫. | અવંતી દંડ | – અમદાવાદ |
| ૬. | મહેન્દ્ર પૂજ | – અમદાવાદ |
| ૭. | રચના ગાંધી | – અમદાવાદ |
| ૮. | ભાવના ગોગરી | – અમદાવાદ |
| ૯. | બિનોય ગોગરી | – અમદાવાદ |
| ૧૦. | ચંદુબાઈ કુબડિયા | – અમદાવાદ |
| ૧૧. | ઈન્દુબેન પટેલ | – અમદાવાદ |
| ૧૨. | જયસુખ સંઘવી | – અમદાવાદ |
| ૧૩. | ઉષ્મા શાહ | – અમદાવાદ |
| ૧૪. | ચંદ્રા શાહ | – અમદાવાદ |
| ૧૫. | પ્રિયંકા શાહ | – અમદાવાદ |
| ૧૬. | અલકા શાહ | – અમદાવાદ |
| ૧૭. | ગીતા મહેતા | – અમદાવાદ |
| ૧૮. | ભરત ત્રેવાડિયા | – અમદાવાદ |
| ૧૯. | ઝરણા પારેખ | – અમદાવાદ |
| ૨૦. | મિતેષ દેઢિયા | – અમદાવાદ |
| ૨૧. | નયના કારાણી | – અમદાવાદ |
| ૨૨. | ધરા વોરા | – અમદાવાદ |
| ૨૩. | સ્મિતા શાહ | – અમદાવાદ |
| ૨૪. | પ્રભા શેઠિયા | – વલસાડ |
| ૨૫. | યશ પારેખ | – સિકંદ્રાબાદ |
| ૨૬. | હંસાબેન ચાવડા | – વિરમગામ |
| ૨૭. | ફાલ્ગુની શાહ | – આદિપુર |
| ૨૮. | ધ્રુવી કુબડિયા | – મુંબઈ |
| ૨૯. | રિશ્વા મહેતા | – ગાંધીધામ |
| ૩૦. | પ્રવીણ ખંડોર | – મુંદ્રા |
| ૩૧. | સરોજ ચંદુરા | – સુરત |
| ૩૨. | પાર્થ મહેતા | – સુરત |
| ૩૩. | મલય શાહ | – ભુજ |
| ૩૪. | ઉષા સંઘવી | – રાઉરકેલા |
| ૩૫. | ચંદ્રિકા શાહ | – રાઉરકેલા |
| ૩૬. | નરેન્દ્ર સંઘવી | – ગાંધીધામ |
| ૩૭. | ચેતના મહેશ્વરી | – આદિપુર |
| ૩૮. | નગીન શાહ | – નાગપુર |
| ૩૯. | કલ્પના પાલાણી | – અમદાવાદ |
| ૪૦. | ડૉ. અતુલ ધરોડ | – અમદાવાદ |
| ૪૧. | સંવિદા વોરા | – અમદાવાદ |

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી પૂરેપૂરૂં સરનામું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**<u>વિજેતાઓ</u> :**

(૧) સરલા શાહ – અમદાવાદ
(૨) ધ્રુવી કુબડિયા – મુંબઈ
(૩) રચના ગાંધી – અમદાવાદ

અંતરની વાત

# વાત અંગત છે, છતાં કહું મગજમાં ભીડ હશે... હું દિલમાં રહું...?



ભોલાભાઈ ગોલીબાર

ઓર્સન વેલ્સની ફિલ્મ 'સિટીઝન કેન'માં ચાર્લ્સ ફોસ્ટર કેન નામનો એક પૈસાદાર, નિવૃત્ત નેતા અને મીડિયા કિંગ આખી જિંદગી લાગણી વગરનું જીવન જીવે છે. જીવનમાં અંતિમ શ્વાસ લેતી વખતે એ ફક્ત એક જ શબ્દ બોલે છે, 'રોઝબડ'! બધા નવાઈમાં પડી જાય છે. કોઈ નથી સમજી શકતું આ શબ્દનો અર્થ. આખી ફિલ્મમાં બધા આ શબ્દ પાછળનું રહસ્ય શોધવામાં લાગેલા રહે છે. આખરે અંતમાં આ રહસ્યનો ખુલાસો થાય છે. હકીકતમાં 'રોઝબડ' એક સ્લેજનું નામ હતું, જે બરફમાં ચલાવી શકાય એવી ગાડી હોય છે. જે ચાર્લ્સને બાળપણમાં ભેટ મળી હોય છે. 'રોઝબડ' એક ભોળા, નિર્દોષ અને મસ્ત બાળપણની આખરી નિશાની હતી. સુખની અંતિમ નિશાની, જે હંમેશ માટે ખોવાઈ ગઈ. કેટલી નવાઈની વાત છે કે આટલા શક્તિશાળી માણસને એના જીવનના છેલ્લા શ્વાસ વખતે કંઈ યાદ ન રહ્યું, સિવાય કે એ 'સ્લેજ'ના! જિંદગી પણ નાની-નાની અનેક વસ્તુઓથી ભરાયેલી હોય છે. એક સ્લેજ, એક બોલ, ચોકલેટનું એક રેપર કે આમલીની કેન્ડી. **મોટી વસ્તુઓથી તો મહત્ત્વાકાંક્ષાની માયાવી દુનિયા રચાય છે.**

નિર્મલ વર્માની નવલકથા 'વે દિન'માં પોલેન્ડમાં રહેતા એક ઘરડા માણસની વાત છે. યુદ્ધના સમયે એ એક બેરેકમાં રહેતો હોય છે. ત્યાં ગરમ ચા પણ એક મહિને મળતી, જે એને બહુ મોટું સુખ લાગતું હતું. એક દિવસ એ ઘરડા વ્યક્તિએ ચા પીતા પીતા કહ્યું, 'જીવનમાં બે જાતના સુખ હોય છે : મોટું સુખ અને નાનું સુખ.' 'મોટું સુખ' હંમેશાં આપણી પાસે હોય છે, જ્યારે 'નાનું સુખ' ક્યારેક જ મળે છે. જેમ કે ચા પી શકવી, ઠંડીમાં તાપણાની મજા લેવી એ નાના સુખ છે અને મોટું સુખ? શ્વાસ લઈ શકવો અને આપણે જીવતા છીએ એ જાણવું અને બધું ખતમ નથી થયું એ 'મોટું સુખ' છે.

**'સુખી થવું' ખૂબ જ સહેલું છે, પણ સરળ થવું સૌથી અઘરું.** ૧૯૭૩માં ઇ. શુમાકરનું એક પુસ્તક વાંચ્યું હતું : 'સ્મોલ ઇઝ બ્યુટિફુલ.' એ દિવસોમાં 'બિગર ઇઝ બેટર', 'સાઇઝ ડઝ મેટર'નું ચલણ હતું. જોકે, સંત કબીરદાસને 'સ્મોલ ઇઝ બ્યુટિફુલ' પુસ્તક વિશે ક્યાંથી ખબર હોય? પણ આ વાતના મર્મને એમણે વરસો પહેલા સમજાવી દીધું હતું.

'લઘુતા મેં પ્રભુતા બસે, પ્રભુતા સે પ્રભુ દૂર, ચીંતી શક્કર લે ચલી, હાથી કે સર ધૂર.'

સંત કબીરનું કહેવું છે કે 'લઘુતા'માં જ પ્રભુતા છે. જે નાનું છે એ સુખી છે. જે વિનયી છે એ ધન્ય છે. જેમકે જીસસ ક્રાઈસ્ટે 'સરમન ઓન ધ માઉન્ટ'માં કહ્યું છે, 'ધન્ય છે એ, જેનો આત્મા મોહમાયાથી દૂર છે. સ્વર્ગમાં એ લોકોનું જ સામ્રાજ્ય હશે.' 'આજ લઘુતા છે.' જેની તરફ ઇશારો કરતા કબીરે ખૂબ જ સુંદર ઉદાહરણ આપતા કહ્યું કે, 'હાથીના મસ્તક પર બસ ધૂળ જ હોય છે, જ્યારે કીડી ખાંડનો નાનકડો દાણો ઉઠાવી મોજથી ચાલે છે.'

આ વાત પરથી મને પણ મારું બાળપણ યાદ આવી ગયું. મેમ્કો ચૂરણ, લખોટી, આંબલી અને એ આંબલીનું ઝાડ... આંબલીના ઝાડ પરથી આંબલી પાડી ખાવા કરતાં બીજું મોટું કોઈ સુખ અમારા માટે નહોતું. **આજે આપણને આપણું બાળપણ યાદ આવે છે ત્યારે બાળપણમાં પહોંચી પછી થાય છે કે જે સુખ બાળપણમાં હતું એ સહજ-સુલભ હતું, જે હવે નથી મળતું.** ક્યાંક એવું તો નથી ને કે બાળકમાંથી વર્તમાન સુધીની દોડમાં આપણે સુખના આ તારાને ક્યાંક પાછળ છોડી આવ્યા છીએ... જરા તપાસ તો કરો.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઇન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## પ્રમાણ

*કામ કરવામાં આનંદ આવે એટલા પ્રમાણમાં સ્વાસ્થ્ય*
*આપણી જરૂરિયાતો સંતોષી શકાય એટલું ધન*
*મુશ્કેલીઓનો સામનો કરી, તેને મ્હાત કરવા માટેનું બળ*
*પોતાની ભૂલ કબૂલ કરવા જેટલી મનની મોટાઈ*
*પરિશ્રમ કરીને સિદ્ધિ મેળવવા સુધીની ધીરજ*
*પાડોશીઓમાં સજ્જનતા શોધી કાઢવા જેટલી ખેલદિલી*
*બીજાને ઉપયોગી થવા જેટલો પ્રેમ*
*ઈશ્વરની કૃતિઓને સમજવા માટેની શ્રદ્ધા*
*ભવિષ્યની ચિંતા અને ડર ન રહે એટલા પ્રમાણમાં આશા.*

ઉપવન

# સંબંધમાં એક જ પ્રોબ્લેમ...
# ‘મને કોઇ સમજતું નથી.’ – સમય જ નથી...



ડૉ. મેહા સંઘવી

સંબંધ એટલે એક એવું બંધન છે જેમાં બંધાવવું પડે છે અને સ્વૈરવિહાર પણ કરી શકાય છે. પ્રેમ, આદર, વિશ્વાસ, સહજતાથી એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે જોડાય ત્યારે એક નામરૂપ સર્વનામ લાગે છે તે છે ‘સંબંધ.’ આ સંબંધની પરિભાષા જ કંઈક અલગ છે. બંધનોથી યુક્ત છે, છતાં બંધન નથી. એક મુક્તિબંધન છે. **સંબંધ એ વિશ્વાસ અને પ્રેમના ઓક્સિજનથી ચાલે છે.** આ ઑક્સિજન જો સંબંધને સમયસર નથી મળતું તો તે સૂકાઈ જાય છે, મુરઝાઈ જાય છે અથવા તો એ સંબંધ ખરીને પડી જાય છે.

આ સંબંધમાં બધા જ રહેવા માંગે છે પણ પોતપોતાના ધારાધોરણ અને વિચારસરણી મુજબ જ. સંબંધ તો ગમે છે પણ તેમાં લાગતા બંધનો સૌને નડે છે. બધાને એક સહજ પ્રોબ્લેમ છે, ‘મને કોઈ સમજતું નથી - મને કોઈ સમય આપતું નથી.’ અપેક્ષાના તોરણો અને આકાંક્ષાઓના કુંડાળામાંથી કદાચ બહાર આવીએ તો આ સંબંધને નિરખવાની - વિકસાવવાની ચાવી મળી જશે. બેશક, સંબંધ જોડાઈ જાય છે પણ નિભાવવામાં આખી જિંદગી પૂર્ણ થઈ જાય છે. **આપણી ઇચ્છાઓ, મહત્વકાંક્ષાઓ, એ આપણી છે અને એ પૂર્ણ કરવાનું દાયિત્વ પણ આપણું જ છે.** તો શા માટે બીજા ઉપર આધાર રાખી તેની પૂર્તિ કરવા ઈચ્છીએ આપણે? એ ખરેખર સમજાતું નથી. સંબંધના વાવેતરમાં તેને પ્રેમ - હુંફ - લાગણીરૂપી ખાતર આપીએ અને વિશ્વાસરૂપી સૂર્યપ્રકાશ મળી રહે તો બહુ જ થઈ જાય. પણ આ બધા શબ્દો હવે કદાચ ડિક્સનરીમાં જોવા નહીં મળે! અને તેના ભાવાર્થ પણ નહીં! કારણકે આજે કોઈ પાસે ‘ટાઈમ’ નથી, કોઈ પાસે ‘સમય’ નથી. બધા જ લોકો જાણે કોઈ રેસ કે જંગમાં જ ન ઉતર્યા હોય! તમે હો કે હું હોઉં, બધાને આ એક જ સામાન્ય તકલીફ છે. બાકી તો બધું જ, બધેય મળે છે!

બસ, આ ફરિયાદને જો ફરિયાદ ન કહેતા કંઈક ખૂટે છે સંબંધમાં - એવું નિર્દેશ કરી તેનું વિશ્લેષણ કરીએ તો કદાચ ‘સજીવન’ થઈ જાય ‘આ સંબંધ.’ પ્રોફેશનલ - પર્સનલ લાઈફને અલગ રાખી - અલગ દષ્ટિકોણથી જોવાનું રાખીએ - તો કદાચ બંને જિંદગી સારી રીતે નિભાવાશે. જેમ આપણે કહીએ છીએ, મને કોઈ સમજતું નથી તો એ પણ શક્ય છે, આપણે પણ કોઈને સમજી શકતા નથી એવું બને. બંને બાજુથી સમાન વિનિયોગ - સમાંતર વ્યવહાર હશે તો આ પ્રોબ્લેમ જ નહીં રહે. પહેલા એ સંબંધને સમજવું જરૂરી છે - એ સંબંધ કોની સાથેનો છે, શા માટે છે? પછી તે વ્યક્તિના વ્યવહાર - સ્વભાવને ઓળખી તે મુજબ કાર્ય થાય તો મતભેદ આપોઆપ જ નીકળી જાય અને સુલેહ થઈ જાય. બધા પોતપોતાના કર્તવ્ય સમજી આત્મદષ્ટિએ ચાલે તો સંબંધ સુધરી શકે છે - નવા મુકામ સુધી પણ પહોંચી શકે છે. **આ જ સંબંધ શિખરોના શિખરો સર કરાવી શકે છે અને નીચે પણ બેસાડી શકે છે.** આપણે જો સમજવાનું આપણા પક્ષે ચાલુ કરીએ તો કદાચ સમય જતાં સામેવાળી વ્યક્તિ પણ સમય કાઢી આપણને સમજશે અને પ્રયત્ન પણ કરશે. બસ, ફક્ત એક વસ્તુ છે ‘ધીરજ રાખવાની.’ કોઈ પણ કેમ ન હોય છતાંય પ્રેમથી જ વર્તન કરવાનું, પ્રેમથી બધાની સાથે વાર્તાલાપ કરવો. **નમ્રતા ગુણ - પ્રેમગુણ જો કેળવાઈ જાય તો સંબંધોનું ઉપવન - નંદનવન બની જશે.** આ પ્રોબ્લેમ પણ હંમેશ માટે દૂર થઈ જશે. જરાક વિચારજો...

*સંઘવી એજન્સી, ૧૧, અંબિકા સોસાયટી,*
*હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૨ ૨૦૩૮૬*

## જે આપે છે તે જ પામે છે...

એક ભિખારીએ સોનાના રથમાં બેસી કોઈ મહારાજને પોતાની તરફ આવતા જોયા. ભિખારીને થયું કે બસ આજે તો મારું ભાગ્ય ફળશે, મહારાજાધિરાજ આવે છે. રથ તેની પાસે આવીને ઊભો રહ્યો. ભિખારીના આશ્ચર્ય વચ્ચે રાજાએ પોતે જ રથમાંથી ઊતરીને ભિખારી સામે યાચક બનીને હાથ લાંબો કર્યો. પેલો ભિખારી તો વિચારમાં પડી ગયો, શું આપું? લોભ લલચાવે છે, આપવાનું મન થતું જ નથી. પણ રાજા હાથ પાછો ખેંચતો જ નથી.

આખા રાજ્યનાં સુખનો સવાલ છે : ‘તારે કાંઈક આપવું જ પડશે.’ ભિખારી છેવટે પોતાની ઝોળીમાંથી એક દાણો કાઢી રાજાના હાથમાં મૂકે છે. રાજા તો દાણો લઈને ચાલ્યો જાય છે. ભિખારી વિચારવા લાગ્યો કે – ‘વાહ, રાજા વાહ. મારી ખીચડીમાંથી એક દાણો ઓછો કર્યો.’ દુઃખ સાથે તે ઘેર ગયો અને ઝોળી ખાલી કરી તો તેમાં એક સોનાનો દાણો દેખાયો! તેની આંખમાં આંસુ ભરાઈ આવ્યા. અરેરે...! મેં મારી આખી ઝોળી શા માટે ઠાલવી ના દીધી? – *રવીન્દ્રનાથ ટાગોર*

લઘુકથા

# ખુશી – એક અનુભવ



જાગૃતિ તન્ના "જાનકી"

જિંદગીમાં આપણે રોજ કંઈક નવું અનુભવ કરતા હોઈએ છીએ, કંઈક શીખતા હોઈએ છીએ. આજે લગભગ પૂરા એક વર્ષની પણ નહીં હોય એવી એક નાનકડી પરી, ખુશી જાણે મને ઘણું શીખવી ગઈ.

ખુશી, ઘરની સામે ચણાતા મકાન ચણનારની દીકરી. સાચું નામ તો મને પણ નથી ખબર પણ એને મળીને બહુ ખુશ થઈ માટે એનું નામ ખુશી રાખ્યું છે.

ખુશીનો રડવાનો અવાજ કાને પડ્યો ને જોયું તો નાનકડી પરી એની મમ્મીને જાણે બોલાવતી હોય એમ રડતી હતી. પણ એની મમ્મી માટે કદાચ ખુશીના રડવાથી વધુ મહત્ત્વનું ખુશી ભૂખી ન રહે એ હશે, એટલે જ કદાચ ખુશીના રડવા છતાં પણ તે કામ કરી રહ્યા હતા.

આ ઈશ્વર પણ ગજબના કોમ્બિનેશન બનાવતા હોય છે નહીં? જેમને કદાચ બધું આપતા હોય છે, તેમને કદાચ સહનશક્તિ નથી આપતા અને જેમને બધું નથી આપતા તેમને કદાચ સહનશક્તિ અપાર આપતા હોય છે.

આવી કાળઝાળ ગરમીમાં ઉપર ખુલ્લું આકાશ અને નીચે ધરતી પર પથરાયેલી ધૂળ, કાંકરા, ઈંટો અને માટીથી તે રમતી હતી. ઈશ્વર પણ જેને આપતા હોય છે તેને અખૂટ રમકડાં આપતા હોય છે અને નથી આપતા તેને એક પણ નહીં! આવું બધું જોઈએ ત્યારે મનમાં દુ:ખ સાથે એક સવાલ થાય કે ઈશ્વર કેમ આવું કરતા હશે??

**પણ એક વાત તો માનવી જ પડે કે ઇશ્વરે તેને કંઈક એવું પણ આપ્યું છે જે કદાચ બીજાને નહીં આપ્યું હોય.** તે આવી પરિસ્થિતિમાં પણ ખુશ હતી. તેની મમ્મીને ઉપરથી નીચે ઇંટો ફેંકતા જોઇને પણ તે ખુશ થતી હતી, તે ઇંટો સામે જોઈને રમી રહી હતી. જાણે ઇંટો તેના રમકડાં હોય!

ખુશીને જોઈને એવું લાગી રહ્યું હતું કે જાણે તેણે પોતાની જે પરિસ્થિતિ હતી તેને સ્વીકારી લીધી હતી અને તેમાં પણ તે ખુશ હતી. જે આપણે ઘણી વખત આટલા મોટા થઇને પણ નથી કરી શકતા. **આપણા દુ:ખી થવાનું કારણ ઘણી વખત કોઈ પરિસ્થિતિનો સ્વીકાર ન કરી શકવું જ હોય છે.** કેમકે ઘણી વખત પરિસ્થિતિ કરતા પરિસ્થિતિ પ્રત્યેનો આપણો અભિગમ આપણને વધુ દુ:ખી કરતો હોય છે.

**કદાચ કોઈપણ પરિસ્થિતિમાં ખુશીથી જીવી લેવું એનું નામ જ તો જિંદગી.** જે આજે કદાચ ખુશીએ પોતાની વાણીથી નહીં પણ વર્તનથી ખૂબ સારી રીતે સમજાવી દીધું.

ખુશીએ આજે એ વાતનો પણ અહેસાસ કરાવી દીધો કે આપણો ઉછેર આપણા મમ્મી પપ્પાએ કોઈ રાજકુમાર કે રાજકુમારીની જેમ કર્યો છે. જેને આપણે ઘણી વખત ટેકન ફોર ગ્રાન્ટેડ તરીકે લેતા હોઈએ છીએ.

સાથે સાથે એ વાતનો પણ ખ્યાલ આવી ગયો કે કોઈપણ વસ્તુ પર જે - તે વ્યક્તિનું નામ લખેલું જ હોય છે. આપણે તો માત્ર નિમિત્ત બનીએ છીએ. ઘણા દિવસથી સામે મકાનનું કામ ચાલતું હોવાથી બીજા બાળકોને ઘણી વખત ત્યાં જોયા છે, પણ આજે ખુશીને જોઈને જ શોકેસમાં પડેલા બાળપણના ઢીંગલાને જોઈને અચાનકથી એમ થયું કે આના પર ખુશીનો જ હક્ક છે અને આજે એ ઢીંગલા પરનો મોહ પણ ઉતરી ગયો. કેમકે **આજે થયું કે ઢીંગલા સાથેની જૂની યાદોને યાદ કરવા કરતા કોઈ તેની સાથે નવી યાદો બનાવે તે વધુ યોગ્ય ગણાશે.**

કોઈ ગમતી વસ્તુનો સંગ્રહ કરવા કરતા તેને આપવાથી વધુ ખુશી થાય છે, એ અનુભવ પણ આજે કરાવી દીધો ખુશીએ...

*માધાપર, શેરી નંબર-૧, મોરબી-૩૬૩ ૬૪૧.*
*મો. ૯૯૨૪૨ ૧૫૦૪૦*

## પૈસાનું ગ્રુપ તપાસ્યું છે?

જિંદગીનું પહેલું કપડું જેનું નામ ઝભલું, જેમાં ખિસ્સું ન હોય. ને જિંદગીનું છેલ્લું કપડું કફન, એમાંય ખિસ્સું ન હોય. તો વચગાળાના ખિસ્સા માટે આટલી ઉપાધિ શા માટે? આટલી દોડધામ શા માટે? આટલા દગા અને પ્રપંચ શા માટે?

લોહી લેતાં ગ્રુપ ચેક કરાય છે, પૈસા લેતાં જરાક ચેક કરજો, એ કયા ગ્રુપનો છે? ન્યાયનો છે, હાયનો છે કે હરામનો છે? અને ખોટા ગ્રુપના પૈસા ઘરમાં આવી જવાથી જ આજે ઘર ઘરમાં અશાંતિ, કલેશ, કંકાસ છે. હરામનો અને હાયનો પૈસો, જીમખાના ને દવાખાના, ક્લબો અને બારમાં પૂરો થઈ જશે, ને તમનેય પૂરો કરી જશે. બેંક બેલેન્સ વધે, પણ જો ફેમિલી બેલેન્સ ઓછું થાય તો સમજવું કે પૈસો આપણને સ્યુટ નથી થયો.

# YOUTH CLUB : SOME GOLDEN RAYS....

Take control of your destiny.
Believe in yourself.
Ignore those who try to discourage you.
Avoid negative sources, peoples and habits.
Don't give up and don't give in!

Every struggle in your life has shaped you into the person you are today. Be thankful for the hard times; they can only make you stronger.

I may not always stay in touch but I care about you very much. I may not always stop by to say hi, but I hope to never have to say good bye. I may not prove to be the perfect family or friend but I hope the friendship we share never reaches an end.

***Six best doctors in the World :***

- Sunlight
- Rest
- Exercise
- Diet
- Self confidence
- and Friends.

*Heart is not a basket for keeping tension and sadness. It is a golden box for keeping roses of happiness and sweet memories.*

A nice person will always be in **Memory**

A better person will always be in **Dream**

But a sincere person will always be in **Heart**

***How come all the destructive words begin with the letter "D"?? Check this out...***

Disease, Destroy, Delete, Divorce, Disappointment, Death, Disaster, Debt, Disrupt, Demise, Dementia, Depression, Demons, Devil, Dubious, Diarrhea, Demolish, Doubt, Dangerous, Defeat, Desperate, Deform, Dispute, Detention, Drunkard, Dracula, Distress, Disable, Devour, Diabolic, Distrust, Distract, Diabetes, Disagree, Deficit, Difecate, Dismember, Dislocate, Disorganize.

We love ourselves even after making so many mistakes...

Then how can we hate others for their small mistake...??

Distribute your day into 8 + 8 + 8 hours to make a good balance sheet of your life.

8 hrs of honest hard work, 8 hrs of good sleep and 8 hrs should spent on (3Fs, 3Hs and 3S).

3 Fs are Family, friends and faith.
3 Hs are health, hygiene and hobby and
3 S are soul, service and smile!

***This can make a great balance sheet of your Life!!***

Health does not always come from medicine. Most of the time it comes from peace of mind, peace in the heart, peace of soul. It comes from laughter and love.

You don't need someone to complete you. You only need someone to accept you completely.

# આંજો કાગર

## 'મંગલ મંદિર' ૫૦૦મા અંકનો પ્રતિભાવ

સૌપ્રથમ તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિરે' ગયા અંકે ૫૦૦મા અંક સુધીની એકધારી સફર ખૂબ સફળતાપૂર્વક અને ભવ્ય રીતે પૂરી કરી એ બદલ 'મંગલ મંદિર'ના તંત્રી મંડળમાં કાર્યરત દરેક વ્યક્તિને ખૂબ ખૂબ અભિનંદન. 'મંગલ મંદિર' હજુ પણ વધુને વધુ સફળ બને એવી ખરા હૃદયથી શુભ કામનાઓ. આ મેગેઝિનમાં પ્રકાશિત થતા બધા લેખો - કવિતાઓ તથા તમામ લેખન સામગ્રીઓ બહુ સરસ હોય છે. 'મંગલ મંદિર'માં મને અભિવ્યક્ત થવાની તથા ઉપયોગી કૃતિઓ વાંચવાની જે તક પ્રાપ્ત થઈ છે, તે માટે ખૂબ ખૂબ આભાર. મુખપત્રનો ૫૦૦મો અંક ખૂબ સુંદર રીતે પ્રકાશિત થયો છે. તેને તૈયાર કરનાર ટીમને ખાસ અભિનંદન.

*જાગૃતિ તન્ના "જાનકી" - મોરબી*
*ઈ-મેઈલ : jagrutitanna15@gmail.com*

★

## શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં સારી વ્યવસ્થા

તાજેતરમાં અમે અમદાવાદ ખાતેના રોકાણ દરમિયાન આપના શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં રોકાયા હતા. તે દરમિયાન અમને જે અનુભવ થયો, તે અત્રે જણાવીએ છીએ.

ત્યાંના મેનેજમેન્ટ તથા કર્મચારી વર્ગ તરફથી ખૂબ સારો સાથ-સહકાર મળ્યો હતો. ત્યાંની કેન્ટિનમાં ચા-નાસ્તો તથા જમવાનું સારું હતું.

તે ભવન ખાતે સ્થાપિત કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ નિહાળીને ખૂબજ આનંદ થયો. કચ્છ અને તેની સંસ્કૃતિની આબેહૂબ ઝાંખી તેમાં ઊભી કરવામાં આવી છે, જે મુલાકાતીઓને પ્રભાવિત કરે તેવી છે. ભવનના સફાઈ કામદારો તથા અન્ય સ્ટાફ ગણ ખૂબ જ સારી રીતે પોતાની ફરજ અદા કરી રહ્યા હતા. ટૂંકમાં, કોઈ જ તકલીફ વિના સારી રીતે અમારું રોકાણ ત્યાં થયું હતું.

***અશોક એસ. સંઘવી, રાકેશ અશોક સંઘવી - મુંદ્રા***
***મો. ૭૪૯૦૮ ૧૧૫૧૮***

★

## વિવિધ ફિરકાઓમાં એકતા

'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર અંકમાં શ્રી રમણિકભાઈનો પત્ર અને તેના પ્રતિભાવમાં ઓક્ટોબર અંકમાં શ્રીમતી અલકાબહેનનો પત્ર — બંનેનો સૂર એક જ છે કે જૈનોના વિવિધ ફિરકાઓમાં એકતા થાય.

વિચારો ઉત્તમ છે. મોટાભાગના જૈનો પણ ઇચ્છશે કે એકતા થાય. પણ એ એકતા પોતાના ફિરકાની રીતે થાય અને પોતાના સાધુ ભગવંતોના કહેવા મુજબ જ થાય એવી ઇચ્છા સાથે હોય તો એકતા ક્યાંથી થાય?

આ ભાગલાના મૂળમાં જવું જરૂરી છે.

સૌપ્રથમ જે બે ભાગ પડ્યા એ શ્વેતાંબર અને દિગંબર — એ બે મુખ્ય હતા. મહાવીર સ્વામિ દિગંબર અવસ્થામાં વિચર્યા હતા પણ શ્વેતાંબર સાધુઓએ શ્વેત વસ્ત્રોનો સ્વીકાર કર્યો. પણ મતભેદ કેવળ વસ્ત્રોનો નથી, બંનેની માન્યતાઓમાં મુળભૂત ફરક હોઈ આ બેની એકતા હાલ તો સંભવિત નથી લાગતી. મુખ્ય કારણ એ છે કે તેઓ શ્વેતાંબર આગમોને જ નથી સ્વીકારતા.

ત્યારબાદ આશરે ૪૦૦ વર્ષ પહેલા શ્વેતાંબરોમાં પણ ૨ મુખ્ય ભાગ પડેલા. કારણોની વિગતમાં ન જઈએ પણ એક સમૂહે મૂર્તિપૂજાનો વિરોધ કર્યો અને સ્થાનકવાસી કહેવાયા. એમ દેરાવાસી અથવા મૂર્તિપૂજક અને સ્થાનકવાસી એમ બે ભાગ થયા.

આમ જોઈએ તો આ બે ભાગમાં બીજા કોઈ મોટા મતભેદ નથી. આગમોની સંખ્યા કોઈ ૧૨, ૩૨ કે ૪૫ ગણાવે, પણ મૂળ આગમો બાબત મતભેદ નથી. ધાર્મિક ક્રિયાઓમાં પણ નગણ્ય ફરક છે.

તો સવાલ એ છે કે આ બે મુખ્ય ધારાઓમાં પણ ફાંટા - ફિરકા કેમ પડ્યા? આના માટે કોણ જવાબદાર?

દેખીતી રીતે જ જૈન ગૃહસ્થ સમાજ તો જવાબદાર નથી જ. ગૃહસ્થો સાધુઓ પાછળ દોરવાય છે. એટલે એક વાત તો સ્પષ્ટ જ છે કે ફિરકાઓ માટે મોટી જવાબદારી સાધુ સમાજની જ છે. કોઈ એક શાસ્ત્રીય બાબતમાં 'મારું જ અર્થઘટન સાચું અને બાકી બધા ખોટા' એવી જીદ, અને કોઈ એ અર્થઘટન ન માને તો મારો ચોકો અલગ!

આમ, આ બંને ફિરકાઓમાં પ્રમાણમાં નાની નાની બાબતોમાં અલગ ફાંટા પડ્યા. આજના જમાનામાં આના કારણો નવી પેઢીને જણાવીએ તો તેઓને તો હાસ્યાસ્પદ લાગે!

આમ સાધુઓ પાછળ જવામાં જૈન ગૃહસ્થોમાં પણ "મારા સાધુ જ સાચા, બાકી બધા ખોટા" એવી કટ્ટરતા આવી. આ બાબતનો અનુભવ આ લખનારને થઈ ચૂક્યો છે. બિહારથી અમદાવાદ આવ્યા બાદ પોતાનું મકાન લેવાની ઇચ્છાથી પાલડીના એક જૈનોની જ સોસાયટીમાં મકાન જોવા જતાં એવો

જવાબ મળ્યો (અમે સ્થાનકવાસી હોવાથી) કે "અમે દેરાવાસી અને માત્ર તપગચ્છના અનુયાયીઓને જ રહેવા આપીએ છીએ!"

જૈન સમાજમાં ગૃહસ્થોમાં પણ વિદ્વાનો અને સાથે વિદૂષીઓની પણ કમી નથી. પણ તેઓના પ્રયત્નોને સાધુ સમાજ તરફથી ટેકો મળતો ન હોય એ કારણે કે કોઇ અન્ય કારણોને લઇને એકતા બાબત બહુ સક્રિય નથી.

જૈન ધર્મના સર્વે ફિરકાઓને માન્ય હોય એવો એક ગ્રંથ આચાર્ય વિનોબા ભાવે જેવી મહાન હસ્તીએ અનેક જૈન વિદ્વાનો અને સાધુઓની સલાહ લઇને તૈયાર કર્યો એ "સમણસુત્તમ" એક ઉત્તમ ગ્રંથ બન્યો. જેમાં કોઈપણ જૈનને વાંધો ન હોય. આ ગ્રંથ જયારે વિવિધ ફિરકાના આચાર્યોને બતાવ્યો ત્યારે નામંજુર થયો! કારણકે "આમાં અમારું નથી!"

પર્યુષણની તિથિ બાબતનો ઝઘડો ચાલ્યા જ કરે છે. આના કારણમાં ઉતરીએ તો આજની પ્રજાને હસવું આવે. કોઈ કારણ કેમ પૂછતું નથી? મારી જાણમાં છે એ મુજબ તો જૈન કાળગણના અનુસાર કરોડો વર્ષમાં એકવાર બનતા કાલ્પનિક બનાવના છેલ્લા દિવસ બાબતનો છે (ભૂલ હોય તો લેવી દેવી!). જે બનાવને કોઈએ જોયો નથી, કલ્પનામાં જ છે. એમાં પણ સાધુ ભગવંતો દુરાગ્રહ રાખે તો અનેકાંતનો સિદ્ધાંત ક્યાં રહ્યો? તેમાંય જો શ્રાવણ કે ભાદરવો અધિક આવે તો થોડા વર્ષ પહેલાં બન્યું હતું તેમ ૪-૫ સંવત્સરીઓની ઉજવણી જૈનોમાં થાય!

આમ, એકતાના અભાવે આપણે પર્યુષણની જાહેર રજા જે પ્રાંતોમાં જૈનોની સારી વસ્તી (મહારાષ્ટ્ર - રાજસ્થાન - ગુજરાત) છે ત્યાં પણ નથી મેળવી શકતા. જે રજા છે એ ગણેશ ચતુર્થીની છે.

આથી એકતા માટે શ્રાવકો અને જૈન સંઘો જાગૃત થાય, તો જ પરિણામ આવે. નવી પેઢી યા તો આવી બાબતોમાં ઉદાસીન છે અથવા વડીલો કે સાધુઓ પાછળ જાય છે, મગજ બંધ કરીને!

ભારતભરમાં જૈન સમાજના ઉજળા નામમાં આ એકતાનો અભાવ લોઢાની મેખ સમાન છે, પણ હાલ એનો કોઈ ઇલાજ દેખાતો નથી. ભવિષ્યમાં જે થાય તે. સારું થવાની આશા રાખીએ!

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## અમદાવાદ ખાતેના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થયેલ તબીબી કામગીરી અંગે

જય અહિંસા સાથે જણાવવાનું કે અમારી સંસ્થા છેલ્લા ૧૮ વરસથી દર્દી સહાય સમિતિમાં સક્રિય ભાગ લઈ રહેલ છે. બહારગામ અને ખાસ કરીને કચ્છથી ગત ઓગસ્ટથી ઓક્ટોબર માસ દરમિયાન આવેલા કુલ ૫૬ જેટલા દર્દીઓને તબીબી સારવાર અપાવેલ છે. જેમાં મુંદ્રાના વતની છ માસની બાળકી આરાધ્યાના હૃદયમાં વાલ્વની તકલીફ હતી, તેને આપણા સમાજના સભ્ય અને સિમ્સ હોસ્પિટલના ડૉ. ધીરેનભાઈ શાહની મદદથી સંપૂર્ણ સારવાર અપાવીને સ્વસ્થ કરવાની કામગીરી સામેલ છે. આ સેવા માટે અમારી સંસ્થાના બે કાર્યકર્તાઓ ૨૪ કલાક કાર્યરત રહે છે, તેમ **શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ**ની એક યાદીમાં જણાવાયું છે.

## આંતરરાષ્ટ્રીય નૃત્ય સ્પર્ધામાં ભુજની બે બહેન વિજેતા

ઇન્ડિયન આર્ટ એન્ડ કલ્ચરલ સોસાયટી દ્વારા બેંગકોકના અક્ષરા થિયેટર ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય ડાન્સ કોમ્પિટિશનમાં ભુજની બે સગી બહેનો પર્લ અને ફેયા પરેશ અનમે મેદાન માર્યું છે.

થાઈલેન્ડ ખાતે આયોજિત સ્પર્ધામાં કુલ છ દેશ અને ૨૫૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં પર્લે સોલો માઈનર મોર્ડન કેટેગરીમાં પ્રથમ સ્થાન અને ફેયાએ સોલો ફોક જુનિયર કેટેગરીમાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.

પર્લ ભુજની લિટલ સ્ટેપ્સ મોન્ટેસરી સ્કૂલમાં જયારે ફેયા ભુજની આર્મી પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરે છે. સતત બીજીવાર આંતરરાષ્ટ્રીય કક્ષાએ બંને બહેનો વિજેતા રહી છે.

## કચ્છના કલાકારે આંતરરાષ્ટ્રીય ડાન્સ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા ભજવી

અપ્સરા ડાન્સ અને ઝુમ્બા ફિટનેસ એકેડેમિ ચલાવતા વૈશાલી એચ. જેઠીની માસ નવેમ્બર દરમિયાન બેંગકોક - થાઈલેન્ડ ખાતે ઇન્ડિયન આર્ટ એન્ડ કલ્ચર સોસાયટી દ્વારા ઈન્ટરનેશનલ ડાન્સ કોમ્પિટિશનના નિર્ણાયક તરીકે પસંદગી કરવામાં આવી હતી અને તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે પંડિત બિરજુ મહારાજના પૌત્રી શિંજીની (જાણીતા કથક કલાકાર) ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતી અને કચ્છી સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન માટે ઍવોર્ડ જાહેર

ડૉ. જયંત ખત્રી સ્મારક સાહિત્ય સભા 'સંસ્મૃતિ' દ્વારા ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન આપવા બદલ અમદાવાદના રતિલાલ બોરીસાગરને ડૉ. જયંત ખત્રી - બકુલેશ ઍવોર્ડ, જ્યારે કચ્છી સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન આપવા બદલ કાનજીભાઈ જે. મહેશ્વરી (ગાંધીધામ) કચ્છને ડૉ. મનુભાઈ પાંધી ઍવોર્ડ જાહેર કરાયા હતા.

પ્રમુખ રમીલાબેન મહેતાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં આ નિર્ણયો લેવાયા હતા. સંસ્થા છેલ્લા લાંબા સમયથી સાહિત્યકારોને રોકડ પુરસ્કાર તેમજ સ્મૃતિચિહ્ન આપી, શાલ ઓઢાડી જાહેર અભિવાદન કરે છે. ગુજરાતી સાહિત્યકારની પસંદગી માટે ડૉ. દર્શનાબેન ધોળકિયા તેમજ ડૉ. મનુભાઈ પાંધી ઍવોર્ડ માટે કચ્છી સાહિત્યકારની પસંદગી માટે ગૌતમ જોષી અને રસિક મામતોરાએ સેવા આપી હતી.

## તારામતી સાહિત્ય - કલા પુરસ્કારની જાહેરાત

શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય - કલા પુરસ્કાર ૨૦૧૯ માટે નામોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં આ વર્ષે કચ્છી પ્રકાશનોની ગુણવત્તાનું પ્રશંસનીય ધોરણ જોઈ સમિતિએ ગદ્ય-પદ્ય બંને વિભાગને પ્રાધાન્ય આપ્યું છે.

આ ઍવોર્ડ માટે ડૉ. ગુલાબ દેઢિયા (મુંબઈ) કચ્છી ભાષામાં સાહિત્ય સર્જન ક્ષેત્રે આજીવન પ્રદાન માટે, દાનુભા સોઢા (ભુજ) પારંપરિક ભજન ગાયકી ક્ષેત્રે આજીવન પ્રદાન માટે, રાજેશ પઢારિયા (ભુજ) સંગીતના વિવિધ ક્ષેત્રે, સુનીલ વિશ્રાણી (મુંબઈ), રંગભૂમિ-અભિનય ક્ષેત્રે, વિશ્રામ ગઢવી (મોટા લાયજા - કચ્છ) વર્ષ ૨૦૧૮ના શ્રેષ્ઠ (ગદ્ય) પુસ્તક તરીકે, કચ્છી વાર્તા સંગ્રહ 'ઓમાણ' માટે, પબુ ગઢવી 'પુષ્પ' (ભુજ) વર્ષ ૨૦૧૮ના શ્રેષ્ઠ (પદ્ય) પુસ્તક તરીકે કચ્છી કાવ્યસંગ્રહ 'હીંયારી' માટેની પસંદગી કરવામાં આવી છે. પુરસ્કાર પસંદગી સમિતિમાં વિશનજી હરશી ગાલા, માધવ જોશી 'અશ્ક', ડૉ. વિશન નાગડા, ડૉ. માધુરી છેડા પીએચ.ડી. અને લક્ષ્મીચંદ ગોગરી રહ્યા હતા.

## લગ્નમાં ચાંદલો લેવાના બદલે સૈનિકોના ફંડ માટે ફાળો નોંધાવવા અપીલ કરી

કચ્છી વીસા ઓશવાળ જૈન સમાજની એક દીકરીએ પોતાના લગ્ન પ્રસંગે ચાંદલો કે ભેટસોગાદનો સ્વીકાર કરવાને બદલે રાષ્ટ્ર માટે જાન ન્યોચ્છાવર કરનાર શહીદો માટે ફંડ આપવાની અપીલ કરીને નવી દિશા ચિંધી હતી.

થાણેમાં રહેતી આ યુવતી ડૉ. ઉષ્મા ધીરજ ધરોડ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનની અરુણાચલ પ્રદેશની ઑફિસમાં સ્ટેટ ઇન્ચાર્જ તરીકે જોબ કરે છે. તેનું રિસેપ્શન ડિસેમ્બર માસમાં થાણેમાં યોજાયું હતું. તે ધામધૂમથી લગ્ન કરવાને બદલે રિસેપ્શનના આગલા દિવસે રજિસ્ટર્ડ મેરેજનો નિર્ણય કર્યો હતો.

રિસેપ્શનની આમંત્રણ પત્રિકા સાથે ડૉ. ઉષ્મા ધરોડ તરફથી એક વિનંતી પત્ર બીડવામાં આવ્યો હતો જેમાં જણાવ્યું હતું કે, રિસેપ્શન પ્રસંગે ચાંદલો કે ઉપહાર આપવાને બદલે સૈનિકો માટે ફંડ આપવા વિનંતી છે.

આ બાબતે ડૉ. ઉષ્માએ કહ્યું કે, મને મારા પપ્પાના કાર્ય પરથી પ્રેરણા મળી. તેઓ ૩૫-૪૦ વર્ષની વયે રીટાયર થતાં જવાનોને તેમની ઇચ્છા મુજબ વિવિધ ક્ષેત્રની તાલીમ આપે છે. જેથી તેઓ સિવિલ જોબ મેળવી શકે અને જલ્દી સેટલ થઈ જાય. આ કાર્ય તેઓ ૨૪-૨૫ વર્ષથી કરે છે અને અસંખ્ય સૈનિકોને તેમણે જોબ અપાવી છે. આ જોઈને મને થયું કે, હું શા માટે જલસાથી લગ્ન કરું? રાષ્ટ્ર માટે જીવન હોમી દેતા જવાનોના પરિવારોને કેમ મદદ ન કરું? બસ, પછી નિર્ધાર કરી લીધો.

ડૉ. ઉષ્માના પિતા ધીરજભાઈ ધરોડ (પત્રી)એ કહ્યું, હું ૨૪ વર્ષથી આર્મી, ઍરફોર્સ અને નેવી સાથે જોડાયેલો છું. આ જવાનોની રિટાયરમેન્ટની વય ૩૫-૪૦ની હોય છે. એમનું પેન્શન પણ ઓછું હોય છે. એક્સ સર્વિસમેનના ક્વોટામાં એમને સર્વિસ મળે તો મળે. તેમને સેટલ કરવાની આપણી ફરજ છે. ૨૪-૨૫ વર્ષ સૈનિકો સાથે રહ્યો છું. મારા કાર્ય પરથી દીકરીને સૈનિકો માટે કાર્ય કરવાની ઇચ્છા થઈ. એણે મને કહ્યું, મારે કોઈની પાસેથી કશું લેવું નથી. ચાંદલો લેવો નથી, પણ તેના બદલે સૈનિકો માટે ફંડ એકઠું કરવું છે. અમે લગ્નવિધિ નથી રાખી. ફક્ત રિસેપ્શન છે. લગ્ન સમારોહમાં પૈસા વાપરીએ એના કરતાં સારા હેતુ માટે વાપરીએ એ ઉદ્દેશ છે.

ડૉ. ઉષ્મા ધરોડ એમ.બી.બી.એસ. કર્યા પછી અમેરિકાના લોસ એન્જેલસની યુ.સી.એલ.એ. યુનિવર્સિટીમાંથી માસ્ટર ઇન પબ્લિક હેલ્થ ભણી છે. તેનો ફિયાન્સ રંજીત અરવિંદ દક્ષન (એમ.બી.એ.) કોચીનનો છે.

ડૉ. ઉષ્માએ રિસેપ્શનની આમંત્રણ પત્રિકા સાથે બીડેલા નિવેદનમાં કહ્યું હતું, 'મારા લગ્નના રિસેપ્શનમાં ન ગુલદસ્તા ચાહિયે, ન પૈસા ચાહિએ ન કોઈ ઉપહાર ચાહિએ... મુજે તો બસ... અપને દેશકે લિયે જાન ન્યોચ્છાવર કરનેવાલે સૈનિકો પર આપકા ઢેર સારા પ્યાર ચાહિએ... તો મારા લગ્નના રિસેપ્શનમાં દેશ માટે જાન ન્યોચ્છાવર કરનાર સૈનિકોને આપ પ્રેમ સાથે પૈસા-કવર-ચેક વગેરે આપીને એમનું સન્માન કરશો. એ જ મારા માટે આપના અમૂલ્ય આશીર્વાદ.

***(વર્તમાનપત્રો પર આધારિત)***

ગેમ્સ ગેલેરી

# જ્ઞાન સાથે ગમ્મત

# ઉત્તરાયણ સ્પેશિયલ



ભાવના એ. ઝવેરી

ફુલગુલાબી ઠંડી... વચ્ચે ધાબા પર પતંગ ચગાવવાની કેવી મજા...? ચિલ્લર પાર્ટી (બાળકો) તો પહેલેથી જ મુડમાં હોય... પતંગ, ફિરકીની તૈયારી, કન્ના બાંધવા, ગીત-સંગીત સાથે ટોટલ ધમાલના મુડમાં... કેમ, સાચી વાત ને...? આખા દિવસની દોડાદોડીમાં વચ્ચે કંઈક નવું કરવા માટે... તમારા માટે ગેમ તૈયાર છે. તો ચાલો, તૈયારી કરી લ્યો ફટાફટ.

આપેલી ગેમ બધાને રમવાની મજા આવશે. ઓછા સમયમાં પૂરી થઈ જશે. વળી જીતીએ તો જલસો પડી જાય. ઈનામ મળે એ લટકામાં. આપેલા લિસ્ટમાં સંક્રાંતિ ઉત્સવને લગતા ૧થી ૬૦ શબ્દોનું લિસ્ટ આપેલું છે. તેની નીચે ૧થી ૩૦ ક્રમ લખી લીટીવાળું પેપર અને પેન રમનારા બધાએ આપેલા લિસ્ટમાંથી મનપસંદ શબ્દો નીચે ક્રમવાર નંબર લખી નાખો. જેમ કે દોરા (૩), શેરડી (૧૯). આ રીતે થઈ ગઈ રમતની તૈયારીઓ.

**હોસ્ટે કરવાની તૈયારી :**

હાઉસીના ૧ થી ૬૦ ટોકન લઈને વારાફરતી નંબર અને લખેલા નામ બોલતા જાય.... (અથવા) લિસ્ટ પ્રમાણે ૧ થી ૬૦ નામની ચિઠ્ઠી બનાવી, ફોલ્ડ વાળીને બાઉલમાં રાખો અને વારાફરતી ચિઠ્ઠી ખોલી નામ બોલવા.

***નોંધ*** : આ બધી તૈયારી થઈ ગયા બાદ જ નિયમ કયા છે તેની વાત કરવાની રહેશે.

***સાવ સરળ નિયમ :*** ક્વિક પાંચ જેના કટ થઈ જાય કે તે નામ આવી જાય તે વિનર. ક્વિક દસ, ક્વિક પંદર, ક્વિક વીસ, ક્વિક પચ્ચીસ જેના બધા જ નંબર ક્વિક ત્રીસ થાય તે વીનર.

**ગેમના નિયમમાં થોડો તડકો :**

ટોપિક પ્રમાણે નામ લખેલા હોય તે વિનર.

(૧) અગાસી, વાયરો, ધાબા પર, ગુલાબી ઠંડી, પચરંગી આકાશ.

(૨) ઉત્તરાયણ, સંક્રાંત, ૧૪ જાન્યુઆરી, મંગળવાર

(૩) કટી પતંગ, કાપ્યો છે, ઈશારો ઈશારો મેં..

(૪) ખાવાની વસ્તુના નામ, મમરાના લાડુ, જલેબી, ઊંધિયું, શેરડી, તલની ચિક્કી, મીઠો ખીચડો, અડદિયા.

(૫) ફ્રેન્ડ્સ, જીન્સ, ટી-શર્ટ, સનસ્ક્રીન, લોશન, ટોપી, ચશ્મા, ગોગલ્સ.

(૬) મોબાઈલ ચેટિંગ, સ્ટેટસ અપડેટ, સેલ્ફીનો ક્રેઝ, ગેમ્સ, આયોજન, હાઉસી.

(૭) મસ્તી, મ્યુઝિક, ધમાલ, મજાક, દિલના પેચ, પાર્ટી શાર્ટી.

આ રીતે જેના નામ-નંબર થાય તે વિનર થતા જાય.

- **રીત-૨ :** બધાને પેન, પેડ, કાગળ આપો.

***સમય :*** ૫ કે ૭ મિનિટ.

***જવાબ :*** અહીં ૬૦ નામ તો આપેલા છે જ. પણ જે તેનાથી પણ વધારે નામ લખે તે વિજેતા થશે.

હવે વાત કરીએ ઈનામની... ગિફ્ટની. અત્યારના આધુનિક ટ્રેન્ડ પ્રમાણે સ્કાર્ફ, એસેસરીઝ, આલ્ફાબેટના કીચેન, રૂમાલ, મોબાઈલ કવર, ટોપી, ગોગલ્સ વગેરે આપી શકાય.

તમે બધા સરસ રીતે ઉત્તરાયણ ઉજવો, મોજ-મસ્તી કરો, જલસા કરો.

| | | |
|---|---|---|
| ૧. અગાસી | ૨. પતંગ | ૩. દોરા |
| ૪. કટી પતંગ | ૫. ફિરકી | ૬. ફ્રેન્ડ્સ |
| ૭. મસ્તી | ૮. દાવપેચ | ૯. ઉત્તરાયણ |
| ૧૦. મમરાના લાડુ | ૧૧. જલેબી | ૧૨. ગુબ્બારો |
| ૧૩. તડકો | ૧૪. ફાનસ | ૧૫. મ્યુઝિક |
| ૧૬. કાપ્યો છે | ૧૭. મકરસંક્રાંતિ | ૧૮. ગોગલ્સ |
| ૧૯. શેરડી | ૨૦. દાનધર્મ | ૨૧. ગુલાબી ઠંડી |
| ૨૨. પક્ષીની સેવા | ૨૩. સેલ્ફીનો ક્રેઝ | ૨૪. જીન્સ - ટીશર્ટ |
| ૨૫. કાઈટ ફેસ્ટિવલ | ૨૬. તલની ચિક્કી | ૨૭. સનસ્ક્રીન લોશન |
| ૨૮. ઊંધિયું | ૨૯. ૧૪ જાન્યુઆરી | ૩૦. દોરા સેરવવા |
| ૩૧. મીઠો ખીચડો | ૩૨. કેન્ડલ | ૩૩. ધમાલ |
| ૩૪. પૂરી પરોઠા | ૩૫. પૂંછડિયો પતંગ | ૩૬. સ્ટેટસ અપડેટ |
| ૩૭. ગેમ્સ આયોજન | ૩૮. ચશ્મા | ૩૯. વાયરો |
| ૪૦. ઈશારો ઈશારો મેં | ૪૧. ટોપી | ૪૨. ગાંઠિયા |
| ૪૩. પાર્ટી શાર્ટી | ૪૪. ધાબા પર | ૪૫. અકસ્માત |
| ૪૬. અડદિયા | ૪૭. દિલના પેચ | ૪૮. મોબાઈલ ચેટિંગ |
| ૪૯. મજાક | ૫૦. હાઉસી | ૫૧. મંદિર દર્શન |
| ૫૨. કાળા તલ | ૫૩. ડ્રાયફ્રુટ ચિક્કી | ૫૪. ખારો ખીચડો |
| ૫૫. હેલ્લારોના ગરબા | ૫૬. રોમન્ટિક મુડ | ૫૭. મંગળવાર |
| ૫૮. કમૂરતા પૂર્ણ | ૫૯. શોરગુલ | ૬૦. પંચરંગી આકાશ |

# પૃથ્વી વિશેની માહિતી

| | | |
|---|---|---|
| પૃથ્વીની ઉત્પત્તિ | : | આશરે ૪૬૦ કરોડ વર્ષ પહેલા |
| ક્ષેત્રફળ | : | ૫૧,૦૦,૬૬,૦૦૦ ચો.કિ.મી. |
| જમીનનું ક્ષેત્રફળ | : | ૧૪,૮૪,૨૯,૦૦૦ ચો.કિ.મી. |
| પાણીનું ક્ષેત્રફળ | : | ૩૬,૧૬,૩૭,૦૦૦ ચો.કિ.મી. |
| પૃથ્વીનો પરિઘ (વિ.વૃત્ત) | : | ૪૦,૦૭૫ કિ.મી. |
| પૃથ્વીનો પરિઘ (ધ્રુવ આગળ) | : | ૪૦,૦૦૮ કિ.મી. |
| વિષુવવૃત્તિય વ્યાસ | : | ૧૨,૭૫૬ કિ.મી. |
| ધ્રુવીય વ્યાસ | : | ૧૨,૭૧૪ કિ.મી. વિષુવવૃત્તિય |
| ત્રિજ્યા | : | ૬,૩૭૮ કિ.મી. |
| ધરી ઉપર એક આંટાનો સમય | : | ૨૩ કલાક ૫૬ મિ. ૪.૦૯૧ સેકન્ડ |
| સૂર્યની આસપાસ ફરતા લાગતો સમય | : | ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ, ૪૫.૫૧ સેકન્ડ |
| પૃથ્વીનું કદ | : | ૧,૦૮૩ અબજ ઘન કિલોમીટર |
| પૃથ્વીની ઘનતા | : | ૫,૫૧૭ કિ.ગ્રામ / લિટર |
| પૃથ્વીનું વજન | : | ૫૮૮ ૧૦$^{૧૯}$ મેટ્રિક ટન |
| પૃથ્વી પરની અંદાજિત વસતી | : | ૬,૮૯,૫૮,૮૯,૦૦૦ |
| પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર | : | ૩,૮૧,૫૯૭.૫ કિ.મી. |
| ચંદ્ર પર જવા માટે રોકેટની જરૂરી ઝડપ | : | દર સેકન્ડે ૮ કિ.મી. |

## પ્રચલિત સંજ્ઞાઓ

| | |
|---|---|
| A.B.C. | ઑડિટ બ્યૂરો ઑફ સરક્યુલેશન |
| A.C.B. | એન્ટી કરપ્શન બ્યૂરો |
| A.I.R. | ઓલ ઇન્ડિયા રેડિયો |
| B.S.F. | બોર્ડર સિક્યોરિટી ફોર્સ |
| C.B.I. | સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન |
| C.I.D. | ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ |
| D.S.P. | ડિસ્ટ્રીક્ટ સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ |
| I.A.S. | ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ |
| I.P.C. | ઇન્ડિયન પીનલ કોડ |
| I.S.I. | ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટ્યૂટ |
| L.I.C. | લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન |
| M.L.A. | મેમ્બર ઑફ લેજિસ્લેટિવ એસેમ્બલી |
| N.C.C. | નેશનલ કેડેટ કોર |
| P.I.N. | પોસ્ટલ ઇન્ડેક્સ નંબર |
| P.W.D. | પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ |
| S.T.D. | સબસ્ક્રાઇબર ટ્રંક ડાયલિંગ |
| V.I.P. | વેરી ઇમ્પોર્ટન્ટ પર્સન |
| W.H.O. | વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન |
| W.W.F. | વર્લ્ડ વાઇલ્ડ લાઇફ ફંડ |
| R.T.O. | રિજિયોનલ ટ્રાન્સપોર્ટ ઑફિસર |

## ભૂકંપ પ્રકોપ

*ભૂકંપનો દાવાનળ દેખી કેવું? નિસર્ગનું મુખ મલકાયું?*
*ભૂકંપના એક જ ઝાટકે આ શહેર લાશોથી ઉભરાયું.*

*ધૂળોની ડમરીઓ ધૂમાડાઓથી ચોમેર અંધારું છવાયું*
*અસ્તવ્યસ્ત થયા લોકો ને જનજીવન ખોરવાયું.*

*સુસવાટાભરી ઠંડી લહેરોથી કોણ કેટલું ઠુંઠવાયું?*
*સેવાવ્રતધારીઓની સેવા આશ્વાસનોએ જીવન નવું સજાવ્યું.*

*નિસર્ગે દૃષ્ટિ કરી ભૂકંપ પીડિતો પર ત્યારે હૃદય તેનું પલટાયું*
*આખરે અફસોસ થયો સ્વકરતૂતો પર વદન તેનું શરમાયું.*

**પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ**
**મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬**

## વતનની ધૂળ... મળે ન મળે

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દૃશ્ય સ્મૃતિ પટ પર મળે ન મળે...

ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે...

પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચહેરા, આ મીઠી નજર મળે ન મળે...

ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો, પછી
આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે...

રડી લો આ સંબંધોને વિંટળાઈ અહીં,
પછી કોઈને કોઈની કબર મળે ન મળે...

વળાવા આવ્યા છે એ ચહેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે...

વતનની ધૂળથી ભાથું ભરી લઉં 'આદિલ',
અરે, આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે...

*– આદિલ મન્સૂરી*

*(પ્રેષક : દિનેશ મહેતા - અમદાવાદ)*

## કિતરા ડીં

છડ તોજો મુંજો કિતરા ડીં
ન રોંધો બ્યેજો કિતરા ડીં...

ખેટા છડ તું ખલકસેં
હી ખોટો તોજો કિતરા ડીં...

ખમી ખમી ખા ખોભરીને
સુભાભ લુછજો કિતરા ડીં...

મામા ભનાઈયેં મનખેં કે
કુડ પિટેજો કિતરા ડીં...

અવરી વાટું કો જલીયેં
ફાંકો મધજો કિતરા ડીં...

રાત પુઠિયા ડીં અચેજીં
ડુંગર ડુઃખજો કિતરા ડીં...

સભન કર તું સજણસેં
'પ્રભુ' ભકા માડુ જો કિતરા ડીં...

*પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ, કચ્છ*
*મો. ૯૮૭૯૭ ૦૦૩૬૯*

## લગ્ન એટલે...

લગ્ન એટલે
એકબીજાની પસંદગી સમયના ચક્ર પર
આ પસંદગી છે વર્ષોના બંધનની આરપાર.

લગ્ન એટલે
માપીને-જોખીને કરેલા વિચારો નહીં
ત્વચા સાથેની અનુભૂતિ એકાકાર.

લગ્ન એટલે
બંધારણે બક્ષેલા અધિકાર - આગ્રહ નહીં
પરસ્પરની સમજણનો સ્વીકાર.

લગ્ન એટલે
આંખમાં થીજી ગયેલા સપનાં નહીં
શ્વાસે શ્વાસે વાસ્તવનો ધબકાર.

લગ્ન એટલે
સત્તા - સંપત્તિ - સર્વસ્વનું ગુમાન નહીં
અહર્નિશ આનંદનું અસ્તિત્વ.

લગ્ન એટલે
વિગત વહી જતું સૌંદર્ય નહીં
ત્રિકાલથી પર પ્રસન્ન શાણપણ.

લગ્ન એટલે
અંતઃકરણ, મન-બુદ્ધિ-રાજ્ય નહીં
આત્મા સાથે આત્મનું એકત્વ, સમત્વ.

*પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર 'શાંત' - વડોદરા*
*પૂર્વ નિયામક, લોકભારતી*
*મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦*

## દિલની વાત

*ધીરે ધીરે એવું કંઈક સમજાય છે, કાળ ચુપચુપ ઘણું લૂંટતું જાય છે*
*કહીએ દિલની વાતો એવા માણસો ચૂપ થતા જાય છે, ગુમ થતા જાય છે*
*શ્વાસથી જે નીકટ હતા આ ઘડી, આંખથી સાવ ઓઝલ થતા જાય છે*
*ડગ સ્વયંભૂ જતા હતા જે તરફ, એ ઘરો તૂટતા - ખૂટતા જાય છે*
*કોણ જાણે કયો શાપ લાગી ગયો, લીલાછમ માણસો રણ થતા જાય છે.*
*જે ઘરોમાં જઈ સહેજ હળવા થતા, બારણા એ બધા બંધ થતા જાય છે,*
*ભાઈ કહેતા'તા સાચું તમે, સ્થાન હળવાશના હવે કમ થતા જાય છે...!!*

*સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*

*મૌન એ શાણપણની શરૂઆત છે.*
*બીજું પગથિયું છે – ધ્યાનથી સાંભળવું તે.*

## બેટી રેપનો શિકાર

બેટી બીકણ થઈશ ના, કરજે એવો વાર,
ધરાશાઈ થઈને પડે, વિનય ભંગ કરનાર.

ભયભીત હરણી સમી, ના થાજે લાચાર,
નિર્ભય થઈ ફરજે હવે, સાથે લઈ હથિયાર.

ખોટી નિયતની અગર આવે જો અણસાર,
અંધ ભરોસો થાય ના, કરજે સો વિચાર.

નાની એવી બાળકી, વરસ થયા છે ચાર,
સગા થકી પણ થાય છે, રેપનો શિકાર.

નારી જોજે લેશ પણ, ના થાજે લાચાર,
ઝાંસીની રાણી સમી, થઈને કરજે વાર.

કોની પાસે જઈ રડે, બેટી આ લાચાર,
આંખ મિંચામણા, જ્યાં કરે ખુદ ઉઠી વગદાર.

## નારીની રક્ષા અને સન્માન

મૂકે માઝા માનવી, ના થાજે લાચાર,
સાન ઠેકાણે લાવજે, ચાંટે ચોડી ચાર.

નારી તું અબળા નથી, આપો એવું જ્ઞાન,
સદાય સૌ કરતા રહો, નારીનું સન્માન.

હરતા ફરતા લોક પણ, રાખે એનું ધ્યાન,
હલકા મનના માનવી, ના કરે હેરાન.

નારીના આદર તણા, આપો જો સંસ્કાર,
બળાત્કારને રોકવા, આ પણ છે ઉપચાર.

નમણી નારી જોઈને, ના આવે વિકાર,
સમજણ એવી આપજે, હે મારા કિરતાર.

સરકારી ખાતું હવે, રાખે એવું ધ્યાન,
મદદગાર જે હોય તે, ના થાયે હેરાન.

*પ્રકાશ દેવજી જોબનપુત્રા "પ્રદેવ" - મઝગામ, મુંબઈ*
*મો. ૯૬૬૪૩ ૯૦૫૦૨*

## દિવ્ય ચેતના

*મનુષ્યના અણુએ અણુમાં દિવ્ય ચેતનાનો સંચાર થયા કરે છે. દિવ્ય ચેતના વિચારોમાં વહે છે ત્યારે બુદ્ધિપ્રતિભા આપે છે. દિવ્ય ચેતના નિશ્ચયબળમાંથી વહે છે ત્યારે સદ્‌ગુણ આપે છે. પણ જ્યારે તે હૃદયમાંથી વહે છે ત્યારે પ્રેમ અને કરુણા આપે છે.*

## ધિલજી ગાલ્યું

કચ્છ મેં મિલ્યા સીં આનંધ મનાયું,
કચ્છી માડુજી હાણેં મીઠીયું ગાલ્યું.

મોભત કરયાં ધિલ સે કરો ગાલ્યું
હિલી મિલીની કરો ધિલજી ગાલ્યું.

ખમીરી ભરી બાબાણી બોલી મેં આય,
મોભત વધારેલા હાણેં કરો ધિલજી ગાલ્યું.

માડુ માડુ કે મિલી કરે મોભતજી ગાલ્યું
હથ મિલાયા હાણે ધિલ સે કરો ગાલ્યું.

હિલી મિલી હલો ને કરો મીઠડી ગાલ્યું,
પાં હલ્યા વેંધાસીં સેં રોધી ધિલજી ગાલ્યું

કચ્છ ધરા જો 'દિલકશ' પાણી વતાયું
વેરઝેર ભોલી કરો ધિલજી ગાલ્યું.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## ઉડેલા ડે

ઉઠેતો ગગનમેં ત-ઉડેલા ડે!
પિનંઇ છણધો, મથે-ત ચડેલા ડે!

મર જલસા કરે મિલ્કત વિકીને;
હિકડો ડીં પિનંધો, બ-ડીં ત કૂડેલા ડે!

મર મારે ટુબીયું ઉને ખુવેમેં;
પાણી મથે તરધો, મિંઝ-ત-બૂડેલા ડે!

મર કરે મનમાની નેં થિયે રાજી;
પોય પછતાઈંધો, પેટ-ત-નડેલા ડે!

મર રાંધ રમે ધિલસે 'પ્રેમ'જે નાલે;
આખર હારધો, બાજી-ત મંડેલા ડે!

*મુરજી ચાવડા 'પ્રેમ' - ગાંધીધામ, કચ્છ*
*મો. ૯૯૦૪૮ ૯૪૫૬૭*


## મુક્તક

સાંજ બિછાવી દીધી છે અને
સૂરજને ક્ષિતિજે બાંધ્યો છે

આકાશે લાલીમા છાંટી છે
પ્રેમને વિશ્વાસના ધીમા તાપે ચાડ ચઢાવી છે

ઘુંટડે ઘુંટડે માણજે... આવી જા
દરવાજો ખુલ્લો જ છે!!

*સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટજે નીચે જે ફ્લેટમેં બચુ રેતો સે બ-ત્રે મેણેસેં ગુમસુમ રયો તે. અતરે આંઉ અનકે પૂછ્યો કે તોકે કુરો તકલીફ - ચિંતા આય? તડે ચેં ક રાતજો આંઉ જાગે વેના તેર નેર્યાંતો તેર મુંકે મુંજી ઘરવાળીજી ચાધરમેં ઉજારો ઉજારો દસાજેતો. અતરે મુંકે થીયેતો ક મુંજી ઘરવાળીકે કોઈ દેવતાઈ અસર આય... મુંકે પણ અન ગાલમેં કીં ખબર ન પઈ. તું જરા તપાસ કરેને મુંકે જાણ કઈજ.

બચુડો : (તપાસ કે ને ચેં) બચુભાઈ, આંકે ચંધા કરેજી જરૂર નાય. આંજી ઘરવાળી રોજ રાતજો આંજો મોબાઈલ ચેક કઇંધી વેતી - આંઈ આંજે મોબાઇલજો પાસવર્ડ બદલે વજો. પોય દેવતાઈ ઉજાસ બંધ થે વનધો.

*હાણે બચુભાઈ ખુશ આંઈ... ચંધા ગાયબ...*

## ખિલજા મ ભલા

પત્ની : મોડા પડવાની તમારી કાયમી આદત લાગે છે. અઠવાડિયામાં બે-ત્રણ વખત ઓફિસમાં મોડા પહોંચો છો, આપણે ફિલ્મ જોવા જઈએ ત્યારે પણ મોડા પહોંચીએ છીએ. બહારગામ જવાનું હોય છે ત્યારે પણ પહેલી બસ ચૂકી જઈએ છીએ. મને યાદ છે ત્યાં સુધી લગ્નમાં પણ તમે મોડા જ આવ્યા હતા.

પતિ : હા, તારી વાત ખરી છે. પણ એટલો મોડો નહોતો પડ્યો જેટલું મારે પડવું જોઈતું હતું!

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : અરે આ શું, તમે સત્સંગમાંથી ચાલ્યા આવો છો ને આવતાની સાથે જ તમે મને ઉપાડી લીધી... શું ગુરુએ સત્સંગમાં રોમાંસના પાઠ શીખવ્યા છે કે શું?

પતિ : ના રે ના... આ તો ગુરુ મહારાજે કહ્યું, પોતાના દુઃખને પોતે જ ઉપાડવું.. એટલે...

☺ ☺ ☺ ☺ ☺

કનુ : એવી કઈ જગ્યા છે જ્યાં પૈસાદાર વ્યક્તિ પણ પ્લેટ પકડીને ઊભો રહે છે?

મનુ : સાવ સહેલું... પાણીપુરીવાળાની લારીએ...!!

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : તમને મારામાં સૌથી સારું શું લાગેલું... મારું સૌંદર્ય કે મારી બુધ્ધિ?

પતિ : મને તારી આ મજાક કરવાની આદત સૌથી સારી લાગે છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ પર્વ, ટી શર્ટ કોને કહેવાય?

પર્વ : સાહેબ, જે શર્ટ પર ચા ઢોળાઈ હોય તેને ટી શર્ટ કહેવાય.

☺ ☺ ☺ ☺ ☺

મીનુ : વરસાદનું માર્કેટિંગ કોણ કોણ કરે છે?

ટીનુ : સાવ સહેલું... વાદળ, વીજળી, છત્રી, રેઈનકોટ અને ગરમાગરમ દાળવડા!

☺ ☺ ☺ ☺ ☺

ચંદુ : મોબાઈલ અને ઈન્ટરનેટની શોધ શા માટે થઈ?

બંટી : માણસનો ટાઈમ બચાવવા માટે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## વલોવતન

**(અનુ. : પાના નં. – ૪૪ ઉપરથી ચાલુ)**

અને જલ્દી એકઠો કરાય, તો ૧૦થી ૧૫ લાખ કિ.ગ્રા. ઘાસ મળી શકે તેમ છે. કુલ ૨૪ જાતની ઘાસની પૌષ્ટિક પ્રજાતિઓ તાજેતરમાં ઓળખી કાઢવામાં આવી હતી.

★ **નર્મદાના નીરે વાગડને નવપલ્લવિત કર્યા :** અતિવૃષ્ટિમાં વાગડનો ૬૦ ટકા પાક નિષ્ફળ નીવડ્યો હતો. તેની ખોટ પૂરી કરવા ખેડૂતોએ ૬૫,૧૨૦ હેક્ટરમાં નોંધાયેલ અને ૪૦,૦૦૦ હેક્ટરમાં વણનોંધાયેલ ખેતીમાં નર્મદાના કેનાલના નીર થકી જીરાના પાકનું વાવેતર તેમજ રવિ પાકનું વાવેતર કરેલ છે. 'ચોમાસે વાગડ ભલો'ની ઉક્તિને સાર્થક કરવા અને માવઠાનો કસ ઉકેલવા નર્મદા મૈયાના નીરથી પાકનું ઉત્પાદન કરી વાગડની સૂકી ખેતીને ઉગારી લેશે અને ખેડૂતો ન્યાલ થવાની આશા રાખી બેઠા છે.

★ **નાની રાયણ (તા. માંડવી, કચ્છ)માં પુરાતન શોધ :** નાની રાયણ ખાતે દેશના ૧૯ સંશોધકોએ પુરાતન વિષયે જરૂરી સંશોધન - ખોદકામ હાથ ધરેલ છે. આ વિસ્તારમાંથી પ્રાચીન સિક્કા, રોમન સંસ્કૃતિ પૂર્વેના અવશેષો તેમજ મકાનની દીવાલો તથા અન્ય ચીજવસ્તુઓ મળવાની પૂરી શક્યતા છે. ■

## NanoNine® શબ્દ રમત-૧૬૦

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ■ | ૬ | ■ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | | ■ | ■ | | ■ | |
| ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ | | | |
| ■ | ■ | ૧૫ | | | ■ | ૧૬ | | | ■ | ■ | ■ |
| ■ | ૧૭ | | | ■ | ■ | ૧૮ | | | ■ | ■ | ૧૯ |
| ૨૦ | | ■ | ■ | ૨૧ | ■ | ૨૨ | | ■ | ૨૩ | ■ | |
| | ■ | ■ | ૨૪ | | ૨૫ | ■ | ૨૬ | ૨૭ | | ૨૮ | |
| ૨૯ | | ■ | ૩૦ | | | ■ | ■ | ૩૧ | | | ■ |
| ■ | ■ | ૩૨ | | | ■ | ૩૩ | | | ■ | ૩૪ | ૩૫ |
| ૩૬ | ૩૭ | | ■ | ■ | ૩૮ | | ■ | ૩૯ | ૪૦ | ■ | |
| ■ | ૪૧ | | | ૪૨ | ■ | ૪૩ | ૪૪ | | | ૪૫ | |
| ૪૬ | ■ | | | | ■ | ૪૭ | | ■ | ■ | | ■ |

*આ વિશિષ્ટ શબ્દ રમતમાં બધા જ જવાબ કાના માત્રા વગરના શબ્દોથી છે. આશા છે કે વાચકોને આ પ્રયાસ ગમશે અને વધારે ને વધારે વાચકો ભાગ લેશે.*

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૨૯-૦૨-૨૦૨૦ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ગપ્પા, આડી અવળી નવરાશની વાત (૪)
૪. બુદ્ધિ, મતિ સમજ (૩)
૮. સ્વાર્થ, ખપ, જરૂર,
_____ સરી એટલે વૈદ વેરી. (૩)
૯. દૃષ્ટિ, લક્ષ, નજરાણું (૩)
૧૦. આંગળીથી _____ વેગળા તે વેગળા (૨)
૧૧. વખત, કાળ, અવસર (૩)
૧૩. મગજનું ચસકેલું (૫)
૧૫. ઊંડું, ગાઢ, અકળ, ગૂઢ (૩)
૧૬. વિનંતી, દરખાસ્ત, નિવેદન (૩)
૧૭. ખોદવું તે (૩)
૧૮. ઘા (૩)
૨૦. સો (૨)
૨૨. વરસ (ઈં) (૨)
૨૪. લેખણ, કરારની શરત (૩)
૨૬. ચામડાનો પટ્ટો (૫)
૨૯. સાધુનો આશ્રમ, મઠ, એક કઠોળ (૨)
૩૦. મગરમચ્છ, દશમી રાશિ (૩)
૩૧. તર્જ, ગાવાની ઢબ (૩)
૩૨. સરળ, સીધું, નિખાલસ (૩)
૩૩. ત્વરા, વેગ, ઝાપટ (૩)
૩૪. બનૂસ, ધાબળો, નસ, વલણ (૨)
૩૬. કામદેવ, અંગ વિનાનું (૩)
૩૭. પહેલ પાડેલો હીરો, લુચ્ચો ખંધો માણસ (૨)
૩૮. દીવાની જ્યોત (૨)
૩૯. ત્રણ, ત્રણનો સમૂહ (૨)
૪૧. ઊડતી વાત, અફવા, ખોટી વાત (૨)
૪૩. મંદ મંદ હસતું હોય એમ (૬)
૪૬. મા નહિ,
સાત સ્વરમાંનો ચોથો સ્વર (૧)
૪૭. કિલ્લો, પર્વત પરનો કોટ (૨)

### ઊભી ચાવીઓ

૧. આકાશ, આભલું (૩)
૨. પરીક્ષા (૩)
૩. સાધન કે વસ્ત્રોથી તૈયાર થયેલું (૨)
૪. ન જીતાય એવું - અજેય (૩)
૫. હાથ, વેરો, જકાત (૨)
૬. લાકડાની સળીના નાના નાના ટુકડા (૩)
૭. મરે નહીં એવું, દેવ, સૂર (૩)
૮. બંદુક, પિસ્તોલ (૨)
૯. નમસ્કાર, વંદન (૩)
૧૧. સહેવું - ખમવું તે (૩)
૧૨. અંતઃકરણ, દિલ, ઇચ્છા, મરજી (૨)
૧૩. ઘર ચલાવવામાં થતો ખર્ચ (૫)
૧૪. તારો, સિતારો (૩)
૧૫. બંદુક, પિસ્તોલ (૨)
૧૬. ન જીતાય એવું (૩)
૧૭. લેખ, દસ્તાવેજ પત્ર (૨)
૧૮. જીત, ફતેહ (૨)
૧૯. સંપર્ક, જોડાણ, સગાઈ, પરિચય (૩)
૨૦. લજ્જા (૩)
૨૧. પક્ષીઓનો કલરવ, ગુંજારવ (૪)
૨૩. ચિંતા, દુઃખ, ભય વગેરે બતાવતો ઉદ્‌ગાર (૩)
૨૪. કેડ, કટિ (૩)
૨૫. હશે, છોને, ભલે (૨)
૨૭. મત આપવાનો કાગળ (૫)
૨૮. બિન ઉપજાઉ, ફળદ્રુપ નહીં તેવું (૩)
૩૨. સગાઇ, વિવાહ, વાગ્દાન (૪)
૩૩. ખૂબ તેજ મારતું હોય તેમ (૪)
૩૫. ડૂબેલું, મગ્ન, લીન (૩)
૩૭. પહેલ પાડેલો હીરો, લુચ્ચો, ખંધો માણસ (૨)
૪૦. મૃત્યુનો દેવ (૨)
૪૨. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૪૩. એક કઠોળ, _____ લાવે પગ (૨)
૪૪. લગની, હઠ (૨)
૪૫. કિંમતી પથ્થર, મણિ (૨)
૪૬. મા નહિ,
સાત સ્વરમાંનો ચોથો સ્વર (૧)

*હવામાન પાસેથી આપણે એક પાઠ શીખવાની જરૂર છે – તે કોઈના અભિપ્રાયોને ગણકારતું નથી.*

## NanoNine® શબ્દ રમત-૧૫૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રા | મ | | કા | ગ | | રા | ત | | છ | ત્રી | |
| જ | તિ | | કા | પ | | જા | લ | | બી | સ | |
| | | કા | | | ચા | | | પ | | | ભૂ |
| | ગા | ન | | હા | ર | | લા | રી | | સા | ત |
| બા | લ | | કં | થ | | તા | લ | | મા | પ | |
| ગ | | તા | પ | | વા | સ | | આ | હ | | રા |
| | કા | જ | | બા | ટ | | કા | ય | | કા | જી |
| બા | મ | | નિ | જ | | સા | ર | | સે | ઢો | |
| ર | | આ | શા | | આ | ગ | | આ | ખી | | લાં |
| | દા | ળ | | જા | મ | | લા | ભ | | ચાં | ચ |
| મા | ન | રા | ન | | વા | ડો | | ના | દ | | |
| તા | | મા | મી | | જી | ત | | કા | ણું | | દ્વિ |

*માસ ડિસેમ્બર-૨૦૧૯ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૫૮ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. પ્રભા શેઠિયા – વલસાડ
૨. એશવંતી પારેખ – અંજાર
૩. હીરજી વોરા – મુંબઈ
૪. દિયા કુબડિયા – મુંબઈ
૫. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૬. નિર્મળા છેડા – મુંબઈ
૭. હર્ષા મહેતા – ગાંધીધામ
૮. ફાલ્ગુની શાહ – આદિપુર
૯. હંસાબેન ચાવડા – વિરમગામ
૧૦. જ્યોતિ પારેખ – સિકંદ્રાબાદ
૧૧. સરલા શાહ – અમદાવાદ
૧૨. નીલમ દોશી – અમદાવાદ
૧૩. કુલીન મહેશ્વરી – અમદાવાદ
૧૪. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૫. ભાનુ શાહ – અમદાવાદ
૧૬. દમયંતી દંડ – અમદાવાદ
૧૭. રંજન શાહ – અમદાવાદ
૧૮. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૧૯. ઝરણા પારેખ – અમદાવાદ
૨૦. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૨૧. જયસુખ સંઘવી – અમદાવાદ
૨૨. નિમેષ ઝાલા – અમદાવાદ
૨૩. ચંબુભાઈ કુબડિયા – અમદાવાદ
૨૪. જય ગોગરી – અમદાવાદ
૨૫. ભાવના ગોગરી – અમદાવાદ
૨૬. અરૂણા મહેતા – અમદાવાદ
૨૭. ચંદ્રકાંત લોડાયા – અમદાવાદ
૨૮. રેવંતી ગોસર – અમદાવાદ
૨૯. ચંદ્રા શાહ – અમદાવાદ
૩૦. વર્ષા પારેખ – અમદાવાદ
૩૧. સ્મિતા શાહ – અમદાવાદ
૩૨. પ્રિયંકા શાહ – અમદાવાદ
૩૩. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૩૪. કુસુમ ત્રેવાડિયા – અમદાવાદ
૩૫. નરેન્દ્ર કોઠારી – અમદાવાદ
૩૬. મિતેષ દેઢિયા – અમદાવાદ
૩૭. અલકા શાહ – અમદાવાદ
૩૮. ગીતા મહેતા – અમદાવાદ
૩૯. ચેતના વોરા – અમદાવાદ
૪૦. સોનલ ત્રેવાડિયા – અમદાવાદ
૪૧. ગુણવંતી ખંડોર – મુંદ્રા
૪૨. સરોજ ચંદુરા – સુરત
૪૩. પાર્થ મહેતા – સુરત
૪૪. નગીન શાહ – નાગપુર
૪૫. અંજના શાહ – નંદુરબાર
૪૬. નરેન્દ્ર સંઘવી – ગાંધીધામ
૪૭. ચંદ્રિકા શાહ – રાઉરકેલા
૪૮. ઉષા સંઘવી – રાઉરકેલા
૪૯. મલય શાહ – ભુજ
૫૦. ચેતના મહેશ્વરી – આદિપુર
૫૧. કલ્પના પાલાણી – અમદાવાદ
૫૨. સંવિદા વોરા – અમદાવાદ
૫૩. કલ્પના પોલડિયા – અમદાવાદ
૫૪. ડૉ. અતુલ ધરોડ – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રૉ કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી સરનામું પૂરેપૂરૂં મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

૧. એશવંતી પારેખ – અંજાર
૨. નિમેષ ઝાલા – અમદાવાદ
૩. રેવંતી ગોસર – અમદાવાદ

*એક એવો માણસ જે મન, વચન, કાયાથી શુદ્ધ હોય. જે તવંગરોની ખુશામત અને ગરીબોની અવમાનના ના કરતો હોય. જે ફરિયાદ કર્યા વિના હારી શકતો હોય અને આત્મશ્લાઘા કર્યા વિના જીતી શકતો હોય. જે સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોની દરકાર કરતો હોય. જે સત્યનિષ્ઠ અને મૂલ્યનિષ્ઠ હોય. જે સારી રીતે જીવતો હોય અને અન્યોને સારી રીતે જીવવા દેતો હોય – એને સંપૂર્ણ સજ્જન કહેવાય.*

## NanoNine® Sudoku

ડિસેમ્બર-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૧૬ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ : પાના નંબર-૨૮

## આટલું જો કરી શકીએ...

- ★ *બીજાઓના દોષ ન જોયા કરો અને તેમના સારા ગુણો જોવાનો પ્રયાસ કરો.*
- ★ *હંમેશાં તમારી પોતાની નબળાઈઓનો વિચાર કરતા રહો.*
- ★ *તમારી વાતચીતમાં તથા વિચારમાં બીજાઓ વિશે વધારે પડતા ટીકાખોર થવાનું ટાળો.*
- ★ *તમારા બધા કાર્યોની તેના ઉપયોગ અને હેતુ ઉપરથી કસોટી કરો. સૌથી વધારે મહત્ત્વનું કામ પ્રથમ હાથ પર લો. એ પછી મહત્ત્વના ક્રમે બીજા કામો કરો. કામ નાનું હોય છતાં તેને વિશે કદી બેદરકાર ન બનો.*
- ★ *બોલવામાં સંયમ રાખો અને જ્યારે બોલો ત્યારે વિનયી બનો અને સામાની લાગણીનો ખ્યા રાખો.*
- ★ *નિયમિતતા, સમયપાલન અને વચનપાલન વિશે યોગ્ય ધ્યાન આપો.*
- ★ *તમારા કામમાં પૂરો ઉત્સાહ અને આનંદ રેડો અને દરેક વિગત તરફ પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત કરો.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૧૮ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૯-૦૨-૨૦૨૦સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ એપ્રિલ-૨૦૨૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૧૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | 1 | | | | | | 6 |
| 2 | | | | | 8 | 4 | | 1 |
| | | 6 | 5 | | 1 | | 7 | |
| | 9 | 8 | | 5 | | | 2 | |
| | 6 | | | 7 | | | 8 | |
| | 4 | | | 8 | | 7 | 6 | |
| | 5 | | 9 | | 6 | 2 | | |
| 8 | | 9 | 4 | | | | | 7 |
| 6 | | | | | | 9 | | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 8 | | | | 5 | 1 | |
| | | | | | 4 | | 2 | |
| | 3 | | | 7 | 5 | | | 9 |
| 5 | | 4 | | | 8 | | 3 | |
| 6 | | | | 5 | | | | 8 |
| | 7 | | 4 | | | 1 | | 5 |
| 3 | | | 6 | 2 | | | 7 | |
| | 4 | | 9 | | | | | |
| | 6 | 9 | | | | 3 | | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | 5 | | | 7 | | |
| 9 | 6 | | | 4 | | | | |
| | | 7 | 8 | | | 6 | | |
| 5 | | | 9 | | | | 2 | 7 |
| | | 9 | | 1 | | 8 | | |
| 4 | 8 | | | | 7 | | | 1 |
| | | 1 | | | 9 | 5 | | |
| | | | | 7 | | | 6 | 3 |
| | | 2 | | | 8 | | 1 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | 5 | | 4 | | | 7 | |
| 4 | | 7 | 3 | | 6 | | | |
| | | | | | 7 | | 5 | 4 |
| | 7 | 8 | 5 | | | 4 | | |
| 5 | | | | 2 | | | | 7 |
| | | 2 | | | 4 | 5 | 3 | |
| 7 | 3 | | 1 | | | | | |
| | | | 7 | | 2 | 3 | | 6 |
| | 6 | | | 3 | | 7 | 1 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૧૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 6 | 2 | 1 | 3 | 9 | 8 | 7 |
| 1 | 9 | 3 | 8 | 5 | 7 | 4 | 2 | 6 |
| 8 | 7 | 2 | 4 | 9 | 6 | 3 | 5 | 1 |
| 7 | 1 | 9 | 5 | 4 | 8 | 2 | 6 | 3 |
| 2 | 3 | 4 | 1 | 6 | 9 | 8 | 7 | 5 |
| 6 | 5 | 8 | 3 | 7 | 2 | 1 | 4 | 9 |
| 3 | 6 | 7 | 9 | 2 | 4 | 5 | 1 | 8 |
| 4 | 8 | 5 | 7 | 3 | 1 | 6 | 9 | 2 |
| 9 | 2 | 1 | 6 | 8 | 5 | 7 | 3 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 2 | 7 | 9 | 8 | 4 | 5 | 3 |
| 5 | 8 | 4 | 3 | 2 | 6 | 7 | 9 | 1 |
| 7 | 3 | 9 | 4 | 5 | 1 | 6 | 2 | 8 |
| 1 | 5 | 6 | 8 | 7 | 4 | 9 | 3 | 2 |
| 4 | 9 | 7 | 2 | 3 | 5 | 1 | 8 | 6 |
| 3 | 2 | 8 | 6 | 1 | 9 | 5 | 4 | 7 |
| 8 | 6 | 1 | 9 | 4 | 3 | 2 | 7 | 5 |
| 2 | 4 | 3 | 5 | 6 | 7 | 8 | 1 | 9 |
| 9 | 7 | 5 | 1 | 8 | 2 | 3 | 6 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 2 | 8 | 7 | 5 | 3 | 6 | 9 |
| 8 | 9 | 5 | 3 | 1 | 6 | 4 | 7 | 2 |
| 3 | 7 | 6 | 2 | 4 | 9 | 8 | 5 | 1 |
| 5 | 4 | 3 | 7 | 9 | 2 | 6 | 1 | 8 |
| 2 | 8 | 7 | 4 | 6 | 1 | 9 | 3 | 5 |
| 9 | 6 | 1 | 5 | 8 | 3 | 7 | 2 | 4 |
| 6 | 3 | 9 | 1 | 5 | 4 | 2 | 8 | 7 |
| 1 | 2 | 8 | 9 | 3 | 7 | 5 | 4 | 6 |
| 7 | 5 | 4 | 6 | 2 | 8 | 1 | 9 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 4 | 5 | 7 | 9 | 3 | 6 | 8 |
| 3 | 9 | 7 | 4 | 6 | 8 | 1 | 2 | 5 |
| 5 | 8 | 6 | 2 | 1 | 3 | 9 | 7 | 4 |
| 6 | 7 | 9 | 1 | 2 | 4 | 8 | 5 | 3 |
| 8 | 1 | 5 | 9 | 3 | 6 | 7 | 4 | 2 |
| 2 | 4 | 3 | 7 | 8 | 5 | 6 | 1 | 9 |
| 7 | 3 | 1 | 8 | 5 | 2 | 4 | 9 | 6 |
| 4 | 5 | 8 | 6 | 9 | 1 | 2 | 3 | 7 |
| 9 | 6 | 2 | 3 | 4 | 7 | 5 | 8 | 1 |



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **પ્લાસ્ટિક ઇંટ :** વપરાયેલ પ્લાસ્ટિકનો શ્રેષ્ઠ ઉપયોગ કચ્છ યુનિવર્સિટીના પ્રાધ્યાપક અને તેની ટીમે સંશોધન દ્વારા શોધી કાઢ્યો છે. સાથે ઔદ્યોગિક ઘન કચરા 'ફ્લાય એશ'ના શ્રેષ્ઠ ઉપયોગ સાથે એક નવું સંયોજન સુત્ર ફ્લાય એશ + પ્લાસ્ટિક + રસાયણ (જોડનારું તત્ત્વ) જેના મિશ્રણથી બનાવી પ્રાયોગિક ધોરણે પ્લાસ્ટિક ઇંટ બનાવી છે, જે સિમેન્ટ અને માટીની ઇંટ કરતા વધુ મજબૂત છે. આ ઇંટ ઉપર કરવામાં આવેલ પ્રયોગ સફળ થયા છે.

★ **હિમાલયનું કસ્તુરા પક્ષી કચ્છમાં :** ભુજ તાલુકાના છરીવાંઢમાં પક્ષી નિરીક્ષણ કરતાં હિમાલયમાં જોવા મળતી કસ્તુરા પક્ષીની એક જાત – બ્લેક થ્રોટેડ થ્રુસ જોવા મળેલ હતી. અગાઉ કચ્છમાં ૧૮૭૫માં તે કચ્છમાં જોવાયાની નોંધ સલીમ અલીની બુક બર્ડસ ઑફ કચ્છમાં મળે છે. આમ, આ પક્ષી હાલે ૧૪૦ વર્ષ બાદ કચ્છમાં જોવા મળેલ છે.

★ **સ્પીકર ઓફ કચ્છ :** કચ્છના યુવાનોમાં રહેલ વક્તૃત્વ કલાને ઉજાગર કરવા માટેની સ્પર્ધા કચ્છ યુનિવર્સિટી, કચ્છમિત્ર તથા અદાણી ફાઉન્ડેશનના સહયોગથી યોજાઈ હતી. જેમાં વય જુથ મુજબ અલગ અલગ વિષયો આપવામાં આવ્યા હતા. સ્પર્ધામાં વિજેતાઓને ઇનામોથી નવાજવામાં આવ્યા હતા.

★ **કચ્છના ખેડૂતોને રાહત પેકેજ :** ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન પડેલ અનરાધાર વરસાદે તેમજ ત્યારબાદના વરસાદે ખેડૂતોના પાકનો સોથ વાળી નાખ્યો હતો. ખેડૂતોની મહેનત તેમજ પાક ઉપર પાણી ફરી વળ્યું હતું. સોળ આની પાકની આશા હતી તેના બદલે ખેડૂતોને નુકસાની વેઠવાનો અવસર આવ્યો છે. આ બાબતે સરકાર પાસે રજૂઆત કરાતાં કચ્છના અઢી લાખ ખેડૂતોને કૃષિ સહાય પેકેજ આપવાનું સરકારે નક્કી કર્યું છે. આ સહાય ખેડૂતોને હેક્ટર દીઠ રૂા. ૪,૦૦૦/- જેટલી આપવામાં આવશે. અત્યાર સુધી ૪૦,૦૦૦ ખેડૂતોએ ઓનલાઇન અરજી કરી છે.

★ **લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ :** ભુજમાં ૧૧ વર્ષથી કાર્યરત લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગો માટેની કામગીરી અને રોજગારી આપવા બદલ વર્ષ ૨૦૧૫નો રાજ્ય કક્ષાનો દિવ્યાંગ પારિતોષિક ઍવોર્ડ ટ્રસ્ટને તાજેતરમાં રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા અર્પણ કરાયો હતો.

★ **કચ્છમાં કથળતી એસ.ટી.ની સેવા :** એક વખત સમગ્ર કચ્છને સાંકળતી અને આશીર્વાદરૂપ ગણાતી કચ્છની એસ.ટી. સેવા લંગડાતી ચાલે દોડે છે. ગામોને એસ.ટી. સેવાથી જોડવાને બદલે બાયપાસ કરવાથી આવકમાં મોટો ઘટાડો થયો છે. પ્રવાસ તેમજ અગત્યના કામો માટે લોકો હવે ખાનગી વાહનો તરફ વળ્યા છે. અધિકારીઓ ડ્રાઈવરની સલાહ મુજબ એસ.ટી.ના રૂટ નક્કી કરે છે. ગામડામાં બસો શરૂ કરવાના બદલે એક્સપ્રેસ તેમજ વોલ્વો બસ રૂટ તરફ ધ્યાન અપાતાં આવકમાં ખોટ વધતી ગઈ છે.

★ **કચ્છના સમાજ સેવિકાને પુરસ્કૃત કરવામાં આવ્યા :** ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં કરેલી સેવા બદલ દર વર્ષે અપાતો "શ્રી મહાદેવ દેસાઇ સમાજસેવા" ૨૦૧૯નો પુરસ્કાર તાજેતરમાં કચ્છ ભુજના તરલાબેન બાબુભાઈ શાહને તેમના સેવાનાં અનેક કાર્યો બદલ અર્પણ કરવામાં આવ્યો હતો.

★ **કચ્છમાં નર્મદાના નીર પ્રશ્ને લડી લેવાનો નિર્ધાર :** કચ્છને ફાળવાયેલ નર્મદાના નિયમિત નીર અને વધારાના પાણી માટે સરકાર સમક્ષ થયેલી અનેક રજૂઆતો વિફળ રહેતાં જિલ્લાના કિસાનો અને પ્રબુધ્ધ વર્ગને સાથે રાખી લડત ચલાવવાનો નિર્ધાર ભુજ ખાતે યોજાયેલી બેઠકમાં કરાયો હતો. બેઠકના અંતે નવી સમિતિ "કચ્છ નર્મદા જળ અભિયાન"ની રચના કરવામાં આવી હતી.

★ **આઠ કોટી સંપ્રદાયના વૈયાવચ્ચ કેન્દ્રનું લોકાર્પણ :** ૨૦૦૧ના કચ્છમાં આવેલ ભયાનક ભૂકંપ બાદ ભુજના માધાપર નજીક નવનિર્માણ પામેલ વર્ધમાન નગરમાં વિહાર કરવા આવતા સાધુ-સાધ્વીજીઓના વૈયાવચ્ચ માટે ભુજના દાતા પરિવાર કાનુબેન ત્રિભોવન માધવજી મહેતા પરિવાર તરફથી "ઓમ ભક્તિ વૈયાવચ્ચ કેન્દ્ર"નું લોકાર્પણ નવીન મુનિના માંગલિક સાથે તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

★ **માનવ સેવા એ જ શ્રેષ્ઠ પૂજા – બિદડા સર્વોદય ટ્રસ્ટ :** છેંતાલીસ વર્ષોથી બિદડા સર્વોદય ટ્રસ્ટ અવિરત આરોગ્ય સેવા આપે છે. હવે ૪૬માં સેવા યજ્ઞના ઉદ્‌ઘાટન સમયે દાતાશ્રી દામજીભાઈ એન્કરવાલાએ સંસ્થાના વાર્ષિક ૯ કરોડના બજેટની જાણકારી આપી હતી.

★ **બન્નીના ઘાસિયા મેદાનમાં ૨૪ જેટલી ઘાસ પ્રજાતિઓ ઉપલબ્ધ :** બન્નીના મોટાભાગના વિસ્તારમાં ઘણા વરસો બાદ ભારે માત્રામાં ઘાસ જોવા મળે છે. જો તેને વ્યવસ્થિત

(અનુ. : જુઓ પાના નં. – ૪૦ ઉપર)

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પોતાની સામાજિક સેવા પ્રવૃત્તિઓનો વ્યાપ વધારતાં.... વિકાસના પંથે નવી કેડી કંડારી...

## અમદાવાદના બોપલ વિસ્તારમાં નવનીત મેડિકલ સેન્ટરનું સાર્વજનિક હિતાર્થે લોકાર્પણ કરવામાં આવ્યું

તા. ૨૫-૦૯-૧૯૮૫ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામે ટ્રસ્ટ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ આ સંસ્થા સામાજિક ક્ષેત્રે એકધારી રીતે પોતાની વિકાસયાત્રામાં આગે કદમ ભરતું રહ્યું છે. સમાજના મુખ્ય હેતુ અને ઉદ્દેશને નજર સમક્ષ રાખીને અમદાવાદ - ગાંધીનગરના વિસ્તારોમાં સ્થાયી થયેલા બૃહદ કચ્છી પ્રજાની, કોઈપણ જાતના ભેદભાવ વગર સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, તબીબી ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ તથા આર્થિક, નૈતિક જેવા ક્ષેત્રોમાં ઉન્નતિ અને સર્વાંગી ઉત્કર્ષ થાય તથા સંઘમાં સંગઠનની ભાવના પ્રબળ બને તેવી પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે.

સમાજનું મુખપત્ર "મંગલ મંદિર" વર્ષ ૧૯૭૭થી પ્રતિમાસ ઉત્કૃષ્ટ લેખન સામગ્રીઓ સાથે પ્રકાશિત થઈ રહ્યું છે. તા. ૧૪-૪-૨૦૧૨ના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેની યશસ્વી કારકિર્દીના ૪૯ વર્ષ પૂરા કરતા સુવર્ણ જયંતી વર્ષમાં વિવિધ સમાજોપયોગી કાર્યોથી શાનદાર રીતે ઉજવણી કરી હતી. સમાજના હાલે ત્રણ અતિથિ ભવનો વ્યવસ્થિત અને સુંદર રીતે કાર્યરત છે. જલારામ અન્નક્ષેત્ર અને કચ્છ સાંસ્કૃતિક મ્યુઝિયમની રચના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં કરવામાં આવી છે. અમદાવાદમાં નવનીત આવાસ ભવનમાં ૪૦ જેટલા ફ્લેટો તૈયાર કરીને સમાજના લાભાર્થીઓને સુપ્રત કરવામાં આવ્યા છે.

સમાજ દ્વારા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મેડિકલ ચેક-અપ સેન્ટર છેલ્લા ૨૨ વર્ષથી કાર્યરત છે. જ્યાં ઓ.પી.ડી.માં પ્રતિદિન ૪૦૦ જેવા દર્દીઓ ખૂબ જ કિફાયતી દરે વિવિધ તબીબી સારવારનો લાભ ઉઠાવે છે. આ તબીબી સેન્ટર આધુનિક યંત્ર સામગ્રીઓથી સજ્જ છે. આ કેન્દ્રમાં તબીબી ક્ષેત્રની ૩૦થી વધારે ફેકલ્ટીઝ ચલાવવામાં આવે છે. તે માટે એમ.ડી. કક્ષાના ૫૦થી વધારે નિષ્ણાત ડૉક્ટર્સની સેવાઓ ઉપલબ્ધ છે. સમાજના સભ્યોને, નિયાણી બહેનોના પરિવારને તથા સ્ટાફવર્ગને અહીં તબીબી સારવાર, ચેક-અપ માટે સારું એવું કન્સેશન આપવામાં આવે છે. આ તબીબી કેન્દ્ર સાથે વિવિધ કચ્છી ઘટક સમાજો તથા સ્થાનિકની કેટલીક કોર્પોરેટ સંસ્થાઓ ટાઈ-અપ કરીને તેની સુવિધાઓનો લાભ મેળવે છે. સમાજના શાહીબાગ ખાતેના અતિથિ ગૃહમાં ડાયાલિસિસ સેન્ટર પણ સાર્વજનિક ધોરણે કાર્યરત છે.

અત્યારના સમયમાં વૈશ્વિક વિચારસરણીનું માળખું બદલાઈ રહ્યું છે. તે પરિસ્થિતિમાં દરેક સમાજોએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા બદલાતા સમય સાથે વ્યવસ્થિતપણે આગળ વધવાનું જરૂરી બન્યું છે.

**સેવા અને સત્કાર્યોને સમર્પિત રહેવા સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે વિકાસનો સમન્વય જાળવી રાખ્યો છે.** તાજેતરમાં તેના આંગણે એક અનોખા અવસરનું નિર્માણ થયું. ૨૦૨૦ના નવલા વર્ષે સમાજે પોતાના વિકાસના પંથે એક નવી કેડી કંડારીને, એક અદ્ભુત પ્રસંગ ઊભો કર્યો. સમાજે તેની પરંપરા અનુસાર નવી ઊંચાઈઓ સર કરવા, પ્રગતિના સંકલ્પ પરિપૂર્ણ કરવા અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં તબીબી ક્ષેત્રના બીજા એક યુનિટ "નવનીત મેડિકલ સેન્ટર"નું આમ જનતાના લાભાર્થે લોકાર્પણ કર્યું. **તબીબી ક્ષેત્રના આ સામાજિક કાર્ય થકી સમાજે એક નવા ઇતિહાસનું સર્જન કર્યું છે.**

સમાજે પોતાની સામાજિક સેવાની પાંખને વિસ્તૃત કરવાના ઉમદા હેતુથી આ નવનિર્મિત તબીબી કેન્દ્ર તૈયાર કર્યું છે. જેનું ઉદ્ઘાટન રવિવાર, તા. ૧૨-૦૧-૨૦૨૦ના રોજ કરવામાં આવ્યું હતું. આ નવનિર્મિત તબીબી કેન્દ્રમાં સોનોગ્રાફી, એક્સ-રે, ટી.એમ.ટી., ડેન્ટિસ્ટ, ઇ.એન.ટી., જનરલ ઓ.પી.ડી., નેફ્રોલોજી સહિતની લગભગ ૨૫ ફેકલ્ટી ખૂબ જ ઓછા દરે સાર્વજનિક ધોરણે સેવા આપશે. વિવિધ પરીક્ષણ અર્થે પેથોલોજી લેબોરેટરી પણ ત્યાં કાર્યરત રહેશે.

બોપલ ખાતેના નવનિર્મિત નવનીત મેડિકલ સેન્ટર તથા તેના વિવિધ વિભાગોના ઉદ્ઘાટન અને તક્તીઓની અનાવરણ વિધિની વિગત નીચે જણાવેલ છે.






સમારોહમાં
સૌપ્રથમ
નવનીત મેડિકલ સેન્ટરના
નામની તક્તીનું ઉદ્‌ઘાટન
સમારંભના પ્રમુખ તથા
મુખ્ય અતિથિ વિશેષ
શ્રી દીપકભાઈ ભેદાએ કર્યું હતું.
ત્યારબાદ
નવનીત મેડિકલ સેન્ટરને
વિધિવત ખુલ્લું મૂકવાની
જાહેરાત કરી હતી.

બીજા માળે આવેલ
શ્રી નવનીત મેડિકલ સેન્ટરની
તક્તીની અનાવરણ વિધિ
હર્ષા એન્જિનિયરિંગવાળા
જાણીતા ઉદ્યોગપતિ અને
સમારંભના અતિથિ વિશેષ
શ્રી હરીશભાઈ રંગવાલાએ
કરી હતી.

ત્યારબાદ બીજા માળે
દાતા
શ્રીમતી કંચનબેન નવીનચંદ્ર શાહના
હસ્તે
મેડિકલ સેન્ટરમાં
ઓ.પી.ડી. વિભાગની
તક્તીનું અનાવરણ
કરવામાં આવ્યું હતું.

નવનીત મેડિકલ સેન્ટરના ત્રીજા માળે સ્થિત
દીપ ફાઉન્ડેશન્સ મેડિકલ ચેક-અપ સેન્ટરની
તક્તીની અનાવરણ વિધિ
પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના મેનેજિંગ ડાયરેક્ટર તથા સમારંભના અતિથિ વિશેષ
શ્રી મેઘજીભાઈ ખેતાણીના હસ્તે કરવામાં આવી હતી.







ઉપરોક્ત મુખ્ય નામોની તક્તીઓના ઉદ્‌ઘાટન બાદ સેન્ટરના ત્રીજા માળે આવેલ વિવિધ વિભાગોની અનાવરણ વિધિ નીચે મુજબ કરવામાં આવી હતી.

| | વિભાગ | ઉદ્‌ઘાટક |
|---|---|---|
| ★ | *ડેન્ટલ* | *એચ.એન. સફલ ગ્રુપના અગ્રણી શ્રી આર. કે. પટેલ* |
| ★ | *સોનોગ્રાફી* | *નવનીત પરિવારના શ્રી રાજુભાઈ ગાલા તથા શ્રીમતી સંગીતાબેન ગાલા તેમના પરિવારજનોની ઉપસ્થિતિમાં.* |
| ★ | *ફિઝિયોથેરાપી* | *સંસ્થાના ટ્રસ્ટી તથા જાણીતા સામાજિક આગેવાન શ્રી હસમુખભાઈ ગઢેચા* |
| ★ | *ઑપરેશન થિયેટર* | *સંસ્થાના ટ્રસ્ટી શ્રી અનિલભાઈ હરિયા તથા તેમના પરિવારજનો* |
| ★ | *એક્સ-રે* | *સંસ્થાના મોભી દાતાશ્રી તથા સક્રિય કાર્યકર સ્વ. શાંતિભાઈ છગનલાલ શાહ તથા સ્વ. શ્રી નરેન્દ્ર છગનલાલ શાહના ધર્મપત્ની અનુક્રમે શ્રીમતી કમલબેન શાહ તથા શ્રીમતી તરુલતાબેન શાહ* |
| ★ | *પેથોલોજી લેબોરેટરી* | *શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા તથા શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા* |

ઉપરોક્ત ઉદ્‌ઘાટન તથા અનાવરણ વિધિની પ્રક્રિયા પૂરી થયા બાદ સ્ટેજ કાર્યક્રમ માટે નજીકના ગાલા જીમખાનામાં ઉપસ્થિત રહેવા સૌએ પ્રસ્થાન કર્યું હતું. જ્યાં સમાજના પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ સાથે સમારંભના પ્રમુખ તથા અતિથિ વિશેષ શ્રી દીપકભાઈ ભેદા, અતિથિ વિશેષ મહાનુભાવો શ્રી હરીશભાઈ રંગવાલા, શ્રી મેઘજીભાઈ ખેતાણી, સફલ ગ્રુપના અગ્રણી શ્રી આર.કે. પટેલ, દાતાશ્રીઓના પરિવારજનો... શ્રીમતી મધુરીબેન ગાલા, શ્રી શાંતિભાઈ ગાલા, શ્રીમતી વિમળાબેન ગાલા, શ્રીમતી કંચનબેન નવીનચંદ્ર શાહ, શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા, શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા, શ્રી રાજુભાઈ ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા, શ્રી પારસ સાવલા, શ્રી રુપેશ સાવલા તેમજ સંસ્થાના પદાધિકારીઓ ઉપપ્રમુખ શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, દ્વિતીય ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા, માનદ્ મંત્રી શ્રી પ્રદીપભાઈ મહેતા, સંસ્થાના પૂર્વ પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી અશોકભાઈ સાકરચંદ મહેતા તથા બોપલ મેડિકલ સમિતિના કન્વીનર ડૉ. હિતેન્દ્ર શાહે મંચ પર પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત મુખ્ય અતિથિ વિશેષ તથા સમારંભના પ્રમુખ શ્રી દીપકભાઈ ભેદા તથા મંચસ્થ અન્ય મહાનુભાવોની સાથે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે પોતાના આવકાર પ્રવચનમાં મુખ્ય અતિથિ વિશેષશ્રી, સર્વે અતિથિ વિશેષશ્રીઓ, મહાનુભાવો, દાતાશ્રીઓ તથા સમાજના સમગ્ર પરિવારજનોને આવકાર આપીને જણાવ્યું કે સમાજ છેલ્લા ૬૦ વર્ષથી વિવિધ સેવાકાર્યને સમર્પિત રહ્યું છે. સંસ્થાના મોટાભાગના સામાજિક કાર્યોમાં ગાલા તથા સાવલા પરિવારજનોનું અગ્રિમ સ્થાને યોગદાન રહ્યું છે. સમાજના કેટલાક પ્રસંગોએ સામેથી તેમના તરફથી અનુદાન પ્રાપ્ત થયું છે, જે તેમનો સમાજ પ્રત્યે પ્રેમભાવ દર્શાવે છે. બંને પરિવારોએ આ સંસ્થાની સર્વાંગી પ્રગતિ થાય તેવી ઇચ્છા હંમેશાં પ્રદર્શિત કરી છે. તેમણે વધુમાં કહ્યું, બોપલ ખાતેનું મેડિકલ સેન્ટર, સમાજનું પાંચમું સોપાન છે. આ બધા સામાજિક કાર્યોમાં ઉપરોક્ત બંને પરિવારજનો, અન્ય દાતાશ્રીઓ, સહયોગી દાતાશ્રીઓ તથા અન્ય અગ્રણીઓ અને પરિવારજનો તરફથી સંપૂર્ણ સાથ-સહકાર પ્રાપ્ત થયો છે. આ તબક્કે, પ્રમુખશ્રીએ સર્વેનો ખાસ આભાર માન્યો હતો.

ત્યારબાદ સન્માનપત્ર, પુસ્તક અને મોમેન્ટો દ્વારા નીચે જણાવ્યા અનુસાર બહુમાન કરવામાં આવ્યું હતું.

| જે મહાનુભાવશ્રીનું બહુમાન કરવામાં આવેલ | જેમના દ્વારા બહુમાન કરવામાં આવેલ |
|---|---|
| *શ્રી દીપકભાઈ ભેદા* | *શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી રાજુભાઈ ગાલા* |
| *શ્રી હરીશભાઈ રંગવાલા* | *શ્રી મનુભાઈ શાહ, શ્રી શાંતિભાઈ ગાલા, શ્રીમતી વિમળાબેન ગાલા* |
| *શ્રી મેઘજીભાઈ ખેતાણી* | *શ્રી શાંતિભાઈ સાવલા, શ્રી મનોજભાઈ સાવલા, શ્રીમતી મિતાબેન સાવલા* |

કાર્યક્રમ દરમિયાન સંસ્થાના ટ્રસ્ટી તથા સામાજિક આગેવાન શ્રી હસમુખભાઈ ગઢેચાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ગતિવિધિની ઝાંખી કરાવીને ભૂતકાળમાં ડોકિયું કરતાં કહ્યું, આ સંસ્થાની સ્થાપના વર્ષ ૧૯૭૦માં કરવામાં આવી હતી. સંસ્થાના શરૂઆતના વર્ષોમાં ફક્ત વાર્ષિક સ્નેહ મિલન વગેરે જેવા કાર્યક્રમો થતા હતા. ત્યારે સંસ્થા પાસે પોતાની કોઈ મિલ્કત ન હતી. તે વખતનાં સંસ્થાના હોદ્દેદારોએ જહેમત ઉઠાવી, વર્ષ ૧૯૮૪માં **ગીતા મંદિર ખાતે માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન બનાવ્યું.** એ ભવનમાં ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા અને તેમના પરિવારનો મુખ્ય સહયોગ પ્રાપ્ત થયો હતો.

વર્ષ ૧૯૯૪માં સંસ્થાના હોદ્દેદારોએ પાલડી ખાતે આશરે ૧૭૦૦ વારનો એક પ્લોટ હસ્તગત કર્યો હતો અને તેમાં **શ્રી કચ્છી જૈન ભવન**નું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ પાલડી ભવનના **મેડિકલ સેન્ટર માટે નવનીત પરિવાર** તરફથી આર્થિક સહયોગ મળ્યો અને એ મેડિકલ સેન્ટરના અંતર્ગત **ચેક-અપ સેન્ટર માટે તે વખતનાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી કાંતિલાલ વેલજી સાવલા** તરફથી આર્થિક સહયોગ મળ્યો હતો. શ્રી કાંતિભાઈ સાવલા ફક્ત ડોનર જ ન હતા પણ સંસ્થાના એક સક્રિય કાર્યકર્તા પણ હતા. તેઓની સેવાઓ ભૂલી જ ન શકાય તેવી હતી. સમાજમાં અત્યારે તેમની ખોટ વર્તાય છે. પાલડી ભવનનાં આ મેડિકલ સેન્ટરમાં અત્યારે દરરોજ આશરે ૪૦૦ દર્દીઓ લાભ લે છે.

ત્યારબાદ ૨૦૦૦ના વર્ષમાં વિધાનસભાના અધ્યક્ષ **શ્રી ધીરુભાઈ શાહ** જેઓ આપણી સંસ્થાના શુભેચ્છક પણ હતા અને તે સમયે જી.એમ.ડી.સી.ના અધ્યક્ષ **શ્રી મૂકેશભાઈ ઝવેરી** હતા. તે વખતે શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટીઓ તેઓને મળવા ગયા હતા અને અમુક બાબતોએ ચર્ચા કરી હતી. કચ્છથી અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલ કે અન્ય કોઈ હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને તથા તેમના પરિવારજનોને અમદાવાદમાં રહેવાની ખૂબ જ અગવડ પડે છે તે બાબત કંઈ પણ નક્કર વિચારણા કરવી જોઈએ, તે બાબત ઉપર જી.એમ.ડી.સી.ના ચેરમેન શ્રી મૂકેશભાઈ ઝવેરીએ સારો પ્રતિભાવ આપ્યો અને જો સંસ્થા શાહીબાગ ખાતે કોઈ અતિથિ ભવન બનાવે તો રૂા. ૧.૦૦ કરોડનું દાન આપવાની સહમતિ આપી હતી અને સંસ્થા ઉપર વિશ્વાસ મૂકીને રૂા. ૧.૦૦ કરોડનો ચેક પણ અર્પણ કર્યો હતો. તેના અનુસંધાને સંસ્થાના ટ્રસ્ટીઓએ જ્યાં અત્યારે **શાહીબાગમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ** છે તે જગ્યા, રાજસ્થાન હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલની બિલકુલ નજીકમાં છે તે પ્લોટ, જે અમદાવાદની પ્રખ્યાત અરવિંદ મિલ્સનાં મેનેજર શ્રી મજમુદાર સાહેબ પાસે હતું, તે લીધું અને ત્યાં રૂા. ૩.૫૦ કરોડના ખર્ચે પ્રોજેક્ટ કરી શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું નિર્માણ કર્યું. જ્યાં અત્યારે અતિથિ ભવન ઉપરાંત એક **ડાયાલિસિસ સેન્ટર** તથા **કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ** અને **જલારામ અન્નક્ષેત્ર** વગેરે પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

ત્યારબાદ વર્ષ ૨૦૦૫ના વર્ષમાં સંસ્થાએ બહેરામપુરા વિસ્તારમાં શેઠ કલ્યાણજી આણંદજી બ્લોક્સ ખાતે એફ.એસ.આઈ. મેળવી એક આવાસ યોજના તૈયાર કરી. જેમાં ૪૦ ફ્લેટ બનાવવામાં આવ્યા અને સમાજના જરૂરિયાતવાળા પરિવારોને આ ફ્લેટો ફાળવવામાં આવ્યા હતા. ત્યાં સમાજ દ્વારા **ગૃહ ઉદ્યોગ** જેવી પ્રવૃત્તિ ચાલે છે. **આ આવાસ યોજના માટે નવનીત પરિવારનો મુખ્ય સહયોગ મળ્યો.**

ત્યારબાદ વર્ષ ૨૦૦૮માં **મુંબઈ ખાતે એક અતિથિ ભવન** સ્થાપવા માટેનાં પ્રયત્નો કરવામાં આવ્યા. જેમાં સાયન ખાતે એક સ્કિમમાં જગ્યા ખરીદવા માટેના કરાર કરવામાં આવ્યા છે. કોઈ કારણસર એ પ્રોજેક્ટ ટેકનિકલ ગૂંચમાં છે. સંસ્થાના હોદ્દેદારો પ્રયત્ન કરી રહ્યા છે એટલે કદાચ ટૂંક સમયમાં એનો ઉકેલ આવશે અને આગામી ૧ કે ૨ વર્ષમાં મુંબઈ ખાતે પણ આપણે અતિથિ ગૃહ શરૂ કરી શકીશું, તેવી માહિતી તેમણે આપી હતી.

ત્યારબાદ સંસ્થા તરફથી નાના-મોટા ઘણા જ લોકોપયોગી કાર્યો થયા અને થઈ રહ્યા છે જેમાં શૈક્ષણિક અને તબીબી સહાય જેવા કાર્યો મુખ્ય છે.

તે દરમિયાન કેટલાક સમયથી ટ્રસ્ટીઓની લાગણી હતી કે **અત્યારે પાલડી ભવન ખાતે જે મેડિકલ સેન્ટર ચાલે છે તેવા જ મેડિકલ સેન્ટર અમદાવાદ શહેરની ચારે દિશાઓમાં સ્થપાવા જોઈએ.** આ વિચારના અનુસંધાને સંસ્થાના હિતેચ્છુ તથા સન્માનિય દાતાશ્રી નવનીત પરિવાર તરફથી એક ઑફર આવી. બોપલ ખાતે તેમના ગાલા હબ બિલ્ડિંગના બીજા તથા ત્રીજા માળે આશરે ૩૧૦૦ + ૩૧૦૦ સ્ક્વેર ફુટ કાર્પેટ એરિયાવાળી જગ્યા ૨૦ વર્ષના લીઝ ઉપર સામાન્ય ચાર્જથી આપવા સંબંધી દરખાસ્ત આવી. આ દરખાસ્તને શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટ મંડળે સહર્ષ સ્વીકારી લીધી અને ઉપરોક્ત સ્થળે મેડિકલ સેન્ટર સ્થાપવા માટેનો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કર્યો. જેમાં સિવિલ વર્ક, ફર્નિચર, એરકંડિશનિંગ તથા સાધનો મળી અંદાજિત રૂા. ૩.૫૦ કરોડનાં ખર્ચનો પ્રોજેક્ટ રિપોર્ટ બન્યો હતો. ફરીથી આ પ્રોજેક્ટ રિપોર્ટ લઈને નવનીત પરિવાર પાસે ગયા તો તેઓએ આ ખર્ચમાં મદદરૂપ થવા રૂા. ૧.૫૦ કરોડનું દાન પણ જાહેર કર્યું હતું. તેજ રીતે સંસ્થાના ઉપપ્રમુખ **શ્રી શાંતિભાઈ સાવલા દ્વારા દીપ ફાઉન્ડેશન**ના નામે ત્રીજા માળ પરના ચેક-અપ સેન્ટર માટે રૂા. ૧.૦૦ કરોડના દાનની જાહેરાત કરવામાં આવી હતી. આ રીતે લગભગ ૭૫/૮૦ ટકા દાન જાહેર થઈ ગયા હતા. ત્યારબાદ અમદાવાદ સ્થિત **એચ.એન. સફલ ગ્રુપ** (જાણીતા ડેવલપર) દ્વારા રૂા. ૫૧ લાખના અનુદાનની જાહેરાત થઈ અને બાકી રહેતા ડોનેશન માટે હાલે અપીલ કરવામાં આવે છે.

શ્રી હસમુખભાઈ ગઢેચાના ઉપરોક્ત વક્તવ્ય બાદ બોપલ મેડિકલ સમિતિના કન્વીનર ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહે બોપલ મેડિકલ સેન્ટર વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેઓએ જણાવેલ કે આ વિસ્તારમાં આ પ્રકારનું અદ્યતન મેડિકલ સેન્ટર કોઈપણ ટ્રસ્ટે બનાવેલ નથી. અત્યારથી જ મેડિકલ સેન્ટર અંગે પૂછપરછ શરૂ થઈ ગયેલ છે. આપણે અગત્યની બધી જ મેડિકલ સેવાઓ જેવી કે ઓર્થોપેડિક, આંખ, મેડિસિન, ગાયનેક વગેરે જેવી આશરે ૨૦/૨૫ બ્રાંચો શરૂ કરી રહ્યા છીએ. તે સાથે ડેન્ટલ, ફિઝિયોથેરાપી, લેબોરેટરી, ટી.એમ.ટી., એક્સ-રે, સોનોગ્રાફી જેવી સેવાઓ પણ શરૂ થશે. ડૉક્ટર્સ તથા સ્ટાફની નિમણૂંક થઈ ગઈ છે. લેબોરેટરીના મોટાભાગના ટેસ્ટ હાલે અહીં જ કરવામાં આવશે. દરેક ડિપાર્ટમેન્ટમાં અદ્યતન તબીબી સાધનો વસાવવામાં આવ્યા છે. કાર્યક્રમ દરમિયાન બોપલ મેડિકલ સેન્ટરમાં ડાયાલિસિસ સેન્ટર ખોલવાની જાહેરાત પણ કરવામાં આવી હતી.

ઉપરોક્ત પ્રવચન બાદ દાતાશ્રીઓનું સન્માન પ્રશસ્તિપત્ર, મોમેન્ટો તથા પુસ્તક દ્વારા નીચે મુજબ કરવામાં આવ્યું હતું.

| *જે મહાનુભાવશ્રીનું બહુમાન કરવામાં આવેલ* | *જેમના દ્વારા બહુમાન કરવામાં આવેલ* |
|---|---|
| *નવનીત પરિવારના<br>શ્રી શાંતિભાઈ ગાલા, શ્રીમતી વિમળાબેન ગાલા,<br>શ્રી રાજુભાઈ ગાલા* | *શ્રી દીપકભાઈ ભેદા, શ્રી પ્રતાપભાઈ દંડ,<br>શ્રીમતી સુલુબેન શાહ* |
| *શ્રીમતી કંચનબેન નવીનચંદ્ર શાહ* | *શ્રી હરીશભાઈ રંગવાલા, શ્રી મનુભાઈ શાહ,<br>શ્રીમતી અમીબેન શાહ* |
| *દીપ ફાઉન્ડેશન પરિવારના<br>શ્રી શાંતિભાઈ સાવલા,<br>શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા<br>શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા* | *શ્રી અશોકભાઈ મહેતા, શ્રી મનનભાઈ પટેલ,<br>શ્રીમતી હેમાક્ષીબેન પટેલ* |
| *એચ.એન. સફલ ફાઉન્ડેશનના<br>શ્રી આર. કે. પટેલ* | *શ્રી પ્રદીપભાઈ મહેતા, શ્રી સંદીપભાઈ ગાલા,<br>શ્રીમતી કવિતાબેન ગાલા* |
| *બોપલ મેડિકલ સેન્ટરની શરૂથી બધી જવાબદારી<br>નિભાવનારનું વિશિષ્ટ બહુમાન<br>ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ* | *શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રાજુભાઈ ગાલા,<br>શ્રી પારસભાઈ સાવલા, શ્રી રુપેશભાઈ સાવલા* |

ઉપરોક્ત બહુમાનનો કાર્યક્રમ પૂરો થયા બાદ કેટલાક મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

સૌપ્રથમ દાતા શ્રી શાંતિલાલભાઈ ગાલાએ વક્તવ્ય આપ્યું હતું. તેમણે જણાવેલ કે આ મેડિકલ સેન્ટરમાં સેવા આપનાર ડૉક્ટર્સ, તેના નિર્માણકાર્યમાં મહેનત કરનાર કાર્યકરો, અત્રે ઉપસ્થિત અતિથિ વિશેષશ્રીઓ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ

- અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓનો નવનીત પરિવાર, કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ તથા દીપ ફાઉન્ડેશન્સ દરેકનો આભાર માને છે અને તેઓનું અભિવાદન કરે છે.

તેઓશ્રીએ વિશેષમાં જણાવેલ કે ૧૩૦ વર્ષ પહેલા તેમના પરિવારના દાદા પદમશી પાંચારિયાએ તેમના ગામ રાયણમાં શિખરબંધી દેરાસર બંધાવ્યું હતું. તેમાંથી અમારા નવનીત પરિવારને સતતપણે સત્કાર્યો કરવાની પ્રેરણા મળતી રહે છે. સ્વ. શ્રી અમરચંદભાઈ તથા સ્વ. શ્રી ડુંગરશીભાઈ એમ તેમના બે વડીલ બંધુઓને યાદ કરીને તેમણે જણાવેલ કે તેઓએ વર્ષ ૧૯૭૦થી વર્ષ ૨૦૧૦ સુધી મુંબઈમાં રહીને અનેક સેવાપયોગી કાર્ય કર્યા હતા અને શ્રેષ્ઠીઓના સહકારથી આવાસ યોજના, તબીબી સેવા કાર્યો વગેરે અનેક પ્રકારના સેવાકાર્યો કરવાના નવનીત પરિવારને અવસર સાંપડેલ હતા. વડીલ બંધુ સ્વ. શ્રી છોટુભાઈને યાદ કરીને તેમણે જણાવેલ કે આશરે ૨૦૦ વૃદ્ધાશ્રમો, અંધશાળા, અપંગ માનવ મંડળને નિયમિતપણે દર વર્ષે મોટી રકમના અનુદાનો મોકલતા રહ્યા હતા. વડીલબંધુ શ્રી ધનજીભાઈને યાદ કરીને તેમણે જણાવેલ કે તેઓએ ૧૦૦થી પણ વધુ આરોગ્યને લગતા પુસ્તકો લખીને તેના પ્રકાશનો નવનીત દ્વારા કરાવ્યા હતા. અત્યારની પરિસ્થિતિની વાત કરતા તેમણે જણાવેલ કે મુંબઈ ખાતે હાલે શ્રી બિપીનભાઈ, શ્રી અનિલભાઈ તથા શ્રી સુનિલભાઈ અને અમદાવાદ ખાતે શ્રી રાજુભાઈ, શ્રી સંદીપભાઈ તથા શ્રી કલ્પેશભાઈ કાર્યરત રહી નવનીતનો કાર્યભાર તેમજ સેવાના કાર્યો સંભાળી રહ્યા છે. તેમણે જણાવેલ કે આજરોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સહયોગથી નવનીત મેડિકલ સેન્ટરનું બોપલ ખાતે જે નિર્માણ થઈ રહ્યું છે તે આ વિસ્તારની જનતાને ખૂબ જ આશીર્વાદરૂપ નીવડશે તેની મને ખાત્રી છે.

ત્યારબાદ એક અન્ય દાતા **દીપ ફાઉન્ડેશન્સ વતી શ્રી પારસભાઈ સાવલા**એ જણાવેલ કે બોપલ ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સહયોગથી નવનીત મેડિકલ સેન્ટર તથા દીપ ફાઉન્ડેશન્સ મેડિકલ ચેક-અપ સેન્ટરનું જે નિર્માણ થયું છે તેનો અમને ખૂબ જ આનંદ છે. આ પ્રકારના સેવાના કાર્યો માટે દીપ ફાઉન્ડેશન્સ હંમેશાં કટિબધ્ધ રહેશે તેવી તેમણે ખાત્રી પણ ઉચ્ચારેલ હતી. ત્યારબાદ તેઓશ્રીએ એ પણ જાહેરાત કરાવેલ હતી કે અમદાવાદના પશ્ચિમ વિભાગ બોપલ બાદ અન્ય ત્રણ દિશાઓમાં આ સમાજ જ્યારે આ પ્રકારના મેડિકલ સેન્ટરની સ્થાપના કરશે ત્યારે તેમના તરફથી દરેક સેન્ટરને રૂપિયા એક-એક કરોડનું અનુદાન તેમના ફાઉન્ડેશન્સ વતી પ્રાપ્ત થશે. આ જાહેરાતને ઉપસ્થિત જનતાએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

અતિથિ વિશેષશ્રી અને **પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના માલિક શ્રી મેઘજીભાઈ ખેતાણી**એ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં આજના કાર્યની ખૂબ અનુમોદના કરી હતી. તેઓ તરફથી પણ રૂા. ૫.૦૦ લાખના અનુદાનની જાહેરાત કરવામાં આવી હતી.

અતિથિ વિશેષ અને **હર્ષા એન્જિનિયરીંગના માલિક શ્રી હરીશભાઈ રંગવાલા**એ આજના કાર્યક્રમને ખૂબ સુંદર રીતે બિરદાવ્યો હતો અને સમાજ આ પ્રકારના શુભ કાર્યો ચાલુ રાખે તેવી મહેચ્છા પણ તેમણે વ્યક્ત કરી હતી.

ઉપરોક્ત સમારંભના સ્થળે તથા અલગ અલગ વિભાગોના ઉદ્‌ઘાટન સમયની રનિંગ કોમેન્ટ્રી શ્રીમતી અલ્પા શાહે સુંદર રીતે આપી હતી. જ્યારે ગાલા જીમખાનામાં આયોજિત સ્ટેજ કાર્યક્રમનું ખૂબ સુંદર અને વ્યવસ્થિત રીતે એન્કરિંગ તરીકેનું સંચાલન શ્રીમતી કાજલ ગાલા તથા શ્રીમતી ફાલ્ગુની શાહે કર્યું હતું.

સમાજના પરિવારજનોને સમારંભના સ્થળે આવવા તથા પરત જવા માટે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા સમાજ દ્વારા કરવામાં આવી હતી.

સમારંભના દરેક વિભાગોની કામગીરી માટે અલગ અલગ સમિતિઓની રચના કરવામાં આવી હતી. જેમાં શ્રી પ્રદીપ મહેતા, શ્રી હીરેન શાહ, શ્રી રોહિત સંઘવી તથા ડૉ. કેતન શાહ અને તેમની ટીમના સભ્યોએ પોતાની કામગીરીથી સૌને પ્રભાવિત કર્યા હતા. ઉદ્‌ઘાટન સમારંભની વિવિધ કામગીરી પાલડી ભવનના મેનેજર શ્રી કિશોર ઠક્કરે પણ સારી રીતે નિભાવી હતી. અમદાવાદ સ્થિત અન્ય કચ્છી ઘટક સમાજોના હોદ્દેદારો તથા અગ્રણીઓ શ્રી જગદીશભાઈ ઠક્કર (અનમ), શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી અશોકભાઈ ઠક્કર, શ્રી પરબતભાઈ પટેલ વગેરે મહાનુભાવો સહિત આ સમારંભમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જે દરેકનો આભાર માનવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતે આભાર દર્શનની વિધિ સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રદીપભાઈ મહેતાએ કરી હતી. સમારંભ પૂરો થતાં સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

## ચમકતે સિતારે...

*બોપલ ખાતેના મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારંભ દરમિયાન અનુદાન આપવા માટે ટહેલ કરતાં... નીચે મુજબના મહાનુભાવોએ અનુદાનની જાહેરાત કરી હતી*

| | |
|---|---|
| *શ્રી હરકિશનદાસ પ્રેમચંદભાઈ પારેખ (હ. શ્રી સંજયભાઈ પારેખ)* | *રૂા. ૫.૦૦ લાખ* |
| *શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી* | *રૂા. ૫.૦૦ લાખ* |
| *એક સદ્‌ગૃહસ્થ તરફથી* | *રૂા. ૫.૦૦ લાખ* |
| *શ્રી આશિષ ધીરુભાઈ શાહ* | *રૂા. ૨.૫૧ લાખ* |
| *માતુશ્રી ચંચળબેન ઉગરચંદ ગઢેચા* | *રૂા. ૨.૫૧ લાખ* |
| *એક સદ્‌ગૃહસ્થશ્રી તરફથી* | *રૂા. ૨.૫૧ લાખ* |
| *માતુશ્રી કલાબેન ઝવેરી* | *રૂા. ૨.૫૧ લાખ* |

## ચમકારો

દાતા દીપ ફાઉન્ડેશન્સ વતી શ્રી પારસભાઈ સાવલાએ બોપલ ખાતેના મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન જાહેરાત કરી હતી કે બોપલ વિસ્તાર બાદ અન્ય ત્રણ દિશાઓમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જ્યારે બોપલ પ્રકારના અન્ય મેડિકલ સેન્ટરની સ્થાપના કરશે ત્યારે તેમના ફાઉન્ડેશન્સ તરફથી દરેક સેન્ટરને રૂા. એક-એક કરોડનું અનુદાન આપવામાં આવશે.

## ચમકતે સિતારેં...

કેટલાક સમયથી સંસ્થાઓના ટ્રસ્ટીઓની લાગણી હતી કે પાલડી ખાતેના મેડિકલ સેન્ટરની જેમ અમદાવાદ વિસ્તારમાં ચારે દિશાઓમાં મેડિકલ સેન્ટરો સ્થાપવા જોઈએ...

ઉપરોક્ત વિચાર જ્યારે નવનીત પરિવાર સમક્ષ રજૂ કરવામાં આવ્યો ત્યારે તેમના તરફથી એક ઑફર આવી. બોપલ ખાતેના તેમના ગાલા હબ બિલ્ડિંગમાં બીજા તથા ત્રીજા માળે આશરે ૩૧૦૦ + ૩૧૦૦ સ્કવેર ફુટ કાર્પેટ એરિયાવાળી જગ્યા ૨૦ વર્ષના લીઝ ઉપર સામાન્ય ચાર્જથી સમાજને આપવા સંબંધી દરખાસ્ત તેમના તરફથી કરવામાં આવી. જેનો સમાજે સાભાર સ્વીકાર કર્યો.

## ચમકતે સિતારેં...

બોપલ ખાતેના મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારોહ અગાઉ જ કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ દ્વારા બીજા માળના ઓ.પી.ડી. સેન્ટર માટે રૂા. ૧.૫૧ કરોડનું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું.

## ચમકતે સિતારેં...

બોપલ ખાતેના મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારોહ અગાઉ જ સમાજના ઉપપ્રમુખ શ્રી શાંતિલાલભાઈ સાવલા દ્વારા દીપ ફાઉન્ડેશનના નામે ત્રીજા માળના મેડિકલ ચેક-અપ સેન્ટર માટે રૂા. ૧.૦૦ કરોડનું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું.

## ચમકતે સિતારેં...

બોપલ ખાતેના મેડિકલ સેન્ટરના નિર્માણની વિગત જ્યારે એચ. એન. સફલ ગ્રુપ - અમદાવાદને જણાવવામાં આવી ત્યારે થોડા સમયમાં જ રૂા. ૫૧ લાખનો ચેક ઉદ્‌ઘાટન સમારોહ પહેલા જ ભવનના કાર્યાલયમાં તેમના તરફથી પહોંચાડવામાં આવ્યો હતો.

## ચમકતે સિતારેં...

બોપલ ખાતેના મેડિકલ સેન્ટર માટે શ્રી દીપકભાઈ ધારશી ભેદા તરફથી રૂા. ૧૧ લાખનું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું.

## ચમકતે સિતારેં...

બોપલ ખાતેના મેડિકલ સેન્ટર માટે વી-ટ્રાન્સ ઈન્ડિયા પ્રા.લિ. તરફથી રૂા. ૨૧ લાખનું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું.

## ચમકતે સિતારેં...

બોપલ ખાતેના મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારોહ અગાઉ જ સ્વ. શાંતિલાલ છગનલાલ શાહ અને સ્વ. નરેન્દ્ર છગનલાલ શાહના પરિવારો તરફથી ત્રીજા માળના ડેન્ટલ વિભાગ માટે રૂા. ૧૧ લાખનું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું.

## એક નજર...

બોપલ ખાતેના મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારંભ માટે નીચે મુજબના મહાનુભાવોને અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા.

શ્રી ચંદ્રકાંતભાઈ વલ્લભજી ગોગરી
શ્રી દીપકભાઈ ધારશી ભેદા
શ્રી વલ્લભજી ભાણજી ગડા
શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન
શ્રી હિતેશ માણેકજી મોતા
શ્રી નયન અશોકભાઈ ભેદા
શ્રી હરીશભાઈ રણજીતભાઈ રંગવાલા
શ્રી મૂકેશભાઈ બાબુભાઈ ઝવેરી
શ્રી મેઘજી કુંવરજી ખેતાણી

## એક નજર...

સમારંભના અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરાયેલા પૈકી નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા...

શ્રી દીપકભાઈ ધારશી ભેદા
શ્રી હરીશભાઈ રણજીતભાઈ રંગવાલા
શ્રી મેઘજી કુંવરજી ખેતાણી

## એક નજર...

બોપલ ખાતેના સેન્ટરના ઉદ્‌ઘાટન સમારંભની કામગીરીમાં સમાજના અત્રે જણાવેલ હોદ્દેદારશ્રી / ટ્રસ્ટીશ્રી / પૂર્વ હોદ્દેદારશ્રી છેલ્લા ૧૫થી ૨૦ દિવસ સુધી સતત કાર્યરત રહ્યા હતા....

શ્રી પ્રતાપભાઈ દંડ
શ્રી શાંતિલાલભાઈ સાવલા
ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા
શ્રી અશોકભાઈ મહેતા
શ્રી પ્રદીપભાઈ મહેતા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઉપરોક્ત તમામ દાતાશ્રીઓના સાથ-સહકાર તેમજ સહયોગ માટે ખૂબ ખૂબ આભાર માને છે.

અહેવાલની પ્રસ્તુતિકર્તા : દિનેશ આર. મહેતા

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૭૧મા પ્રજાસત્તાક દિનની શાનદાર રીતે ઉજવણી થઈ



ભારત દેશને ૧૯૪૭માં આઝાદી મળી. ૧૯૫૦માં દેશ પ્રજાસત્તાક બન્યું. સાર્વભૌમ, પ્રજાલક્ષી, પ્રજાસત્તાક રાષ્ટ્રમાં પ્રશાસન માટે આવશ્યક બંધારણ ઘડતર હેતુ ૨૬ જાન્યુઆરી, ૧૯૪૮ના બંધારણ સભાનું ગઠન થયું. બંધારણ સભાએ ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ સર્વાનુમતે બંધારણ સ્વીકાર્યું હતું. આ લેખિત બંધારણ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ – પ્રજાસત્તાક દિવસથી અમલમાં આવ્યું. દર વર્ષે ૨૬મી જાન્યુઆરીના દિવસે રાજધાની દિલ્હીના રાજપથ પર રાષ્ટ્રીય ધ્વજ લહેરાવવામાં આવે છે અને ભારતની ક્ષમતા, વિવિધતા તથા એકતા દર્શાવતી પરેડ પણ થાય છે. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ પ્રથમ પરેડ રાજપથ પર નહીં પરંતુ આજના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ (ઇરવિન એમ્ફિ થિયેટર)માં થઈ હતી. આઝાદ ભારતની પ્રજા માટે ત્યારે નવો અનુભવ હતો. તે સમયના રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ શું ભાષણ કરશે તેની આખા દેશને ઉત્સુકતા રહી હતી. ૧૯૫૪ સુધી વિવિધ સ્થળોએ આ પરેડ યોજાતી હતી. ૧૯૫૫થી પરેડ માટે રાજપથની પસંદગી કરવામાં આવી હતી, જે પ્રથા આજે પણ જળવાઈ રહી છે.

દિલ્હીમાં રાષ્ટ્રીય ધ્વજવંદન અને પરેડને અનુલક્ષીને તેવા કાર્યક્રમોનું આયોજન સમગ્ર રાષ્ટ્રમાં ખૂણે ખૂણે થાય છે. વિદેશમાં ભારતીય દુતાવાસો, કચેરીઓમાં પણ તેવા કાર્યક્રમોની આનંદભેર ઉજવણી થાય છે. તે મહાન દિવસને એક ઉત્સવના સ્વરૂપે દેશ-વિદેશમાં ઉજવવામાં આવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પણ તેની પરંપરા અનુસાર પ્રતિવર્ષ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરે છે. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમાજના આમંત્રિત ટ્રસ્ટી અને સમાજના અડીખમ કાર્યકર્તા **શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી**એ સવારના ૦૯.૦૦ કલાકે ખુશનુમા વાતાવરણ વચ્ચે રાષ્ટ્રીય ધ્વજને લહેરાવ્યો હતો. ઉપસ્થિત સમાજના હોદ્દેદારો, અગ્રણીઓ, મહેમાનશ્રીઓ તથા બહોળી સંખ્યામાં સમાજ પરિવારજનોએ રાષ્ટ્રગીત ગાઈને ધ્વજને માનપૂર્વક સલામી આપી હતી. પ્રજાસત્તાક દિન સમારોહના અતિથિ વિશેષ શ્રી સંઘવીએ આ અવસરે પોતાના ટૂંક ઉદ્‌બોધનમાં ઉપસ્થિત સર્વે પરિવારજનોને પ્રજાસત્તાક દિનની શુભેચ્છા પાઠવીને દેશમાં એકતા અને અમનની ભાવના સર્વત્ર પ્રસરે તેવી લાગણી પ્રગટ કરી હતી. તે અગાઉ સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે અતિથિ વિશેષ શ્રી સંઘવી વિશે જણાવતા કહ્યું, તેઓશ્રી ઘણા લાંબા સમયથી આ સમાજની કેટલીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા છે. પોતાની જૈફ વયે પણ સમાજમાં પ્રસંગોપાત આવીને એક સક્રિય કાર્યકર્તા તરીકે જરૂરી કામગીરી વ્યવસ્થિત રીતે અદા કરતા હોય છે. સમાજ માટે આ ગૌરવની બાબત છે.

પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, એક શ્રેષ્ઠ નાગરિક તરીકે શ્રી સંઘવી ખરા અર્થમાં દેશપ્રેમના રંગે રંગાયેલા છે. અંતમાં, કાર્યક્રમમાં હાજર રહેલા સર્વેને આવકાર આપીને પ્રજાસત્તાક દિનની તેમણે શુભેચ્છા વ્યક્ત કરી હતી. ઉપસ્થિત જનસમુદાયમાં રાષ્ટ્ર ભાવનાની લહેર સાથે ધ્વજવંદનનો કાર્યક્રમ ઉત્સાહપૂર્વક સંપન્ન થયો હતો.

ધ્વજવંદન બાદ વયસ્ક તથા સાંસ્કૃતિક સમિતિઓના સંયુક્ત ઉપક્રમે પ્રજાસત્તાક દિનને અનુલક્ષીને દેશદાઝ જગાવતા તથા શૌર્યગીતો સાથે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં સમાજ પરિવારના યુવક-યુવતીઓએ સુપર ડુપર કાર્યક્રમ રજૂ કર્યો હતો. જ્યારે વયસ્ક સમિતિ તરફથી તેમના આરંભથી અત્યાર સુધી થયેલા વિવિધ કાર્યક્રમોની ઝાંખી ડી.વી.ડી.ના માધ્યમથી રજૂ કરી હતી.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# વયસ્ક સમિતિ

સમિતિ તરફથી તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ કૃષ્ણા શેલ્બી હોસ્પિટલની મુલાકાતનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. સવારે ચા-નાસ્તાને ન્યાય આપીને હોસ્પિટલના તમામ યુનિટોની સૌ સભ્યોએ મુલાકાત લીધી હતી.

હોસ્પિટલમાં ડૉ. કલ્પેશ શાહે ઘૂંટણના સાંધા વિશે વિગતવાર સમજાવ્યું હતું. ઑપરેશનની જરૂરત કોને હોય, ઑપરેશન કેવી રીતે નિવારી શકાય, ઑપરેશનના ફાયદા - ગેરફાયદા તથા સાંધાના પ્રકાર વિશે ખૂબ જ રોમાંચક માહિતી આપી હતી. મુલાકાતી સભ્યોના પ્રશ્નો સંબંધી વિગતવાર જવાબો તેમણે આપ્યા હતા.

તેવી રીતે, કેન્સર સર્જન ડૉ. ભાવેશ પારેખે એકદમ હળવા મુડમાં લોકોને કેન્સર વિશે માહિતી આપી, 'કેન્સર એટલે કેન્સલ નહીં' — તેવી સમજ આપી હતી. તેમણે પણ વડીલોના પ્રશ્નોનું ખૂબ જ સારી રીતે સમાધાન કર્યું હતું.

દરેકના હૃદયને મજબૂત કરવા, મજબૂત હૃદયથી જોશભરી જિંદગી જીવવા તથા માણવા માટે હૃદયના સ્પેશિયાલિસ્ટ ડૉ. લાલ ડાઘાએ ખૂબ જ સુંદર તબીબી માહિતીનો થાળ પીરસ્યો હતો. ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી મનમોહનસિંઘનું જ્યારે હૃદયનું ઑપરેશન થયેલ ત્યારે તેની તબીબી ટીમમાં તેઓશ્રી સામેલ હતા. બાયપાસ, સ્ટેન્ટ અંગે તેમણે વિસ્તૃત માહિતી આપી હતી. અત્યારની આધુનિક ટેકનોલોજીથી સ્ટેન્ટ મૂકવાથી થતા ફાયદા, જીવનની સુગમતા વધારવા તેનો ઉપયોગ વગેરે બાબતોએ પ્રકાશ ફેંક્યો હતો. હૃદય, ધમની, શિરા, નાની કોષિકાઓ — આ બધાનું કુદરતે કેટલું અદ્‌ભુત નિર્માણ કર્યું છે તે અંગે પણ તેમણે માહિતી આપી હતી. જૈન ધર્મના પાયાની વાત સમજાવતા, હૃદયને કેમ સશક્ત રાખવું અને કેવી રીતે જિંદગી માણવી તેના વિશે રસપ્રદ માહિતી આપી હતી.

બપોર બાદ પરત ફરતાં સૌ વડીલોએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા નવનિર્મિત, બોપલ ખાતેના મેડિકલ સેન્ટરની મુલાકાત લીધી હતી.

### ● આગામી કાર્યક્રમ ●

શુક્રવાર, તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ સાંજે ૪ વાગ્યાથી એક કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ છે. માતૃભાષા દિન નિમિત્તે માતૃભાષા વિશે માહિતી આપવામાં આવશે. તે સિવાય હરિફાઈ, ગુજરાતી અંતાક્ષરી અને હાઉસીની રમત રમાડાશે. અંતમાં ભોજનની વ્યવસ્થા છે.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# મેરેજ બ્યુરો સમિતિ

### સેમિનાર કમ ગેટ-ટુ-ગેધરનું આયોજન

સમાજની મેરેજ બ્યુરો સમિતિ દ્વારા નીચે મુજબ એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

| | |
|---|---|
| *વિષય* | : પાત્રોની પસંદગી દરમિયાન મુંઝવતા પ્રશ્નોના ઉકેલ માટે તેમજ લગ્નોત્સુક યુવક-યુવતીઓ એકબીજાને મળી શકે તે માટે ગેટ-ટુ-ગેધર રાખવામાં આવેલ છે. |
| *વક્તા* | : મેરેજ કાઉન્સિલર શ્રી લતાબેન |
| *તારીખ* | : રવિવાર, તા. ૧૬-૦૨-૨૦૨૦ |
| *સમય* | : બપોરે ૦૩.૦૦થી ૦૫.૦૦ |
| *રજિસ્ટ્રેશન* | : ગુરુવાર, તા. ૧૩-૦૨-૨૦૨૦ સુધી જ કરવામાં આવશે. |
| *રજિસ્ટ્રેશન ફી* | : સમાજ પરિવારના સભ્યો માટે રૂા. ૧૦૦/- (તેમાંથી રૂા. ૫૦/- પરત કરવાપાત્ર) |

***અન્ય સમાજના ઉમેદવારો માટે :*** રૂા. ૧૦૦ (નોન રીફંડેબલ)

**Paytm No.** : ૯૯૭૯૬ ૫૧૯૨૯

*અમિ નીતિન શાહ - કન્વીનર, મેરેજ બ્યુરો સમિતિ*

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦/- | શ્રી કુંવરજી કરમશી તાડપત્રીવાલા ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ |
| રૂા. ૧૦,૦૦૦/- | શ્રી વસંતભાઈ છેડા - વલસાડ |

### વૈયાવચ્ચ ખાતે

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | મે. ભૂરામલ હરિકિશન પ્રો. કા. પ્રહલાદનગર, અમદાવાદ. |
| રૂા. ૫૦૧/- | શ્રી અમિત ધીરજલાલ લાલજી મારૂ (ડોણ - અમદાવાદ) તરફથી પુત્ર ચિ. લવીનના જન્મ નિમિત્તે |

### તબીબી સહાય ખાતે

| | |
|---|---|
| રૂા. ૩,૦૦૦/- | શ્રી કુલીનકાંત ચાંપશી લુઢિયા - મુંબઈ |

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મહિલા ઉત્કર્ષ સમિતિ

### હોમ ગાર્ડનિંગના કાર્યક્રમનો અહેવાલ

શ્રી શ્રી રવિશંકરજી (સુદર્શન ક્રિયાના પ્રણેતા) 'Art of Living' સંસ્થાના Agricultural Teachers દ્વારા Audio - Visual Presentation ની મદદએથી તા. ૭-૧-૨૦૨૦ના રોજ પાલડી ભવન ખાતે હોમ ગાર્ડનિંગનો પરિચય આપતો કાર્યક્રમ યોજાઈ ગયો. શ્રીશ્રી રવિશંકરજી દ્વારા સ્થાપિત સંસ્થા "વ્યક્તિ વિકાસલક્ષી કેન્દ્ર - ઇન્ડિયા" જેમાં ચાલતી ઘણી સમાજોપયોગી પ્રવૃત્તિઓ પૈકી ઉપરોક્ત પ્રવૃત્તિ સજીવ - રસાયણમુક્ત ખેતી, જે અંતર્ગત તાલીમ પામેલા ટીચર્સ ખેડૂતોને Natural Farming શીખવે છે અને આવા awareness ના કાર્યક્રમો પણ ગોઠવે છે. તાજેતરમાં આ સંસ્થાએ ખેડૂતોએ આ રીતે ઉગાડેલા અનાજ - શાકભાજી ગ્રાહક સુધી પહોંચાડવાનું ઉમદા કાર્ય પણ શરૂ કર્યું છે. આથી લોકોપયોગી કાર્ય કરતી સંસ્થામાં તાલીમ પામેલા સ્વયંસેવકોને ખાસ આમંત્રિત કર્યા હતા. કારણ... આજના કેમિકલયુક્ત યુગમાં આપણે જ્યારે ઘરનું તાજુ રાંધેલું ખાવા છતાં કેન્સર જેવા જીવલેણ રોગોનો ભોગ બનીએત્યારે આપણે સૌએ સાવધાન થવાની જરૂર છે. It is the need of the hour – today. 'ઝેર ખાવું નથી અને ખાવા દેવું નથી'ના ઉદ્દેશ્યથી સમિતિએ આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

આમંત્રિત Agricultural Teacher શ્રી ચિંતન વ્યાસ હતા, જેઓ by Profession C.A. છે અને છેલ્લા દસ વર્ષથી આર્ટ ઑફ લિવિંગ સંસ્થામાં સેવા આપી રહ્યા છે.

હોમ ગાર્ડનિંગનો પરચિય આપતા કહ્યું કે ગાર્ડન વગર ગાર્ડનિંગ શક્ય છે. ફ્લેટની નાની બાલ્કનીમાં પણ જરૂરિયાત પ્રમાણે મેથી, પાલક, કોથમીર, ફુદીનો, ટમેટાં વગેરે ઉગાડી શકાય અને સાથે સ્વાવલંબી બનવાનો આનંદ પણ માણી શકાય.

એમના વક્તવ્યમાં વિષયને અનુરૂપ Video Clippings જેવા કે Poison on the platter, Difference between A1 & A2 milk, Genetically modified food વગેરે પ્રદર્શિત કરાયા હતા. ઉપરાંત બીજા મુદ્દાઓ પણ આવરી લેવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે છે : Gluten free food, Difference between Cow & ગાય, Effect of free radicals on our body, ગૌ આધારિત ખેતી, પેસ્ટીસાઇડ્સની ઝેરી અસર વગેરે વગેરે. વાતાવરણની શુદ્ધિ માટે થતી પ્રક્રિયા. અગ્નિહોત્ર હોમ વિશે પણ વિસ્તારપૂર્વક સમજ આપી હતી.





એમના માહિતીસભર વક્તવ્યથી પ્રેરાઈને ૨૦ બહેનોએ "Home Gardening Workshop"માં ભાગ લેવાની ઇચ્છા જતાવી હતી, જે સમિતિનો આગામી કાર્યક્રમ છે.

Ms. એકતા ત્રિવેદી પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. જેઓ દસ વર્ષથી સંસ્થા સાથે જોડાયેલા છે. દર વખતની જેમ આ વખતે પણ સમાજની બહેનોએ પોતાની આવડત પ્રદર્શિત કરતી ચીજવસ્તુઓનું વેચાણ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત નવકાર મંત્ર અને અંત રાષ્ટ્રીય ગાન સાથે થયું હતું. ત્યારબાદ ઉપસ્થિત બંને વક્તાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

*સુલુ જલદીપ શાહ, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ*

## સમાજ દર્પણ

### મોબાઇલ નંબર ફેરફાર

- **શ્રીમતી ઇન્દુબેન જાદવજી જગશી શાહ**
  **મો. ૯૦૨૩૨ ૦૬૬૨૧**

### પુત્ર જન્મ

- **તા. ૧૦-૦૯-૨૦૧૯**
  **ચિ. લવીન ઇશિતા અમિત ધીરજલાલ લાલજી મારૂ**
  **(ડોણ - અમદાવાદ)**

### પુત્રી જન્મ

- **તા. ૧૬-૧૨-૨૦૧૯**
  **ચિ. હસ્તા સંગીતા સુનિલ નારણભાઈ શાહ**
  **(તેરા - અમદાવાદ)**

# કચ્છ વિષયક તથા કચ્છી સર્જકોનાં વૈવિધ્યપૂર્ણ અણમોલ પુસ્તકો

## નવલિકાઓ/કથાઓ

| | | |
|---|---|---|
| કચ્છીકથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 140 |
| કેડે કટારી, ખભે ઢાલ (કચ્છી સત્યકથાઓ) | કુમારપાળ દેસાઈ | 100 |
| અદશ્ય પાત્રો | હરેશ ધોળકિયા | 125 |
| સાંજનો સૂર્યોદય | હરેશ ધોળકિયા | 170 |
| ગંઠાઈ ગયેલું લોહી | ધીરેન્દ્ર મહેતા | 140 |
| હું એને જોઉં એ પહેલાં | ધીરેન્દ્ર મહેતા | 100 |
| રણની આંખમાં દરિયો | સંપા. ધીરેન્દ્ર મહેતા | 150 |
| ખરા બપોર | જયંત ખત્રી | 110 |
| બસ, હવે હું જાઉં છું | ધીરજ બારુપાર | 90 |
| ખોવાઈ ગયેલું ગામ | માવજી માહેશ્વરી | 130 |
| જવનિકા | બિપિન ધોળકિયા | 150 |

## જીવનચરિત્રો/આત્મકથાઓ/ સંસ્મરણો

| | | |
|---|---|---|
| મહર્ષિ અરવિંદ | હરેશ ધોળકિયા | 125 |
| યોગીરાજ લાહિડી મહાશય | હરેશ ધોળકિયા | 50 |
| કિસકો લાગૂં પાવ ? | હરેશ ધોળકિયા | 100 |
| મહેતાજી, તમે એવા શું ? | ધીરેન્દ્ર મહેતા | 400 |
| કોઈ ઝબકે, કોઈ ઝબકાવે | ધીરેન્દ્ર મહેતા | 120 |
| પ્રત્યંચાનો કંપ (કાવ્યો) | ધીરેન્દ્ર મહેતા | 125 |
| પરિચયપર્વ | દર્શના ધોળકિયા | 125 |
| મહાભારત ચરિત્રવિમર્શ | દર્શના ધોળકિયા | 120 |

## કાવ્યો

| | | |
|---|---|---|
| કાગવાણી ભાગ - 1 | દુલા ભાયા કાગ | 100 |
| કાગવાણી ભાગ - 2 | દુલા ભાયા કાગ | 120 |
| કાગવાણી ભાગ - 3 | દુલા ભાયા કાગ | 170 |
| પી. કથાનકો અને રૂપકો (કા.વા. 4) | દુલા ભાયા કાગ | 140 |
| બાવન ફૂલડાંનો બાગ (કા.વા. 5) | દુલા ભાયા કાગ | 180 |
| ભૂદાનમાળા (કા.વા. 6) | દુલા ભાયા કાગ | 170 |
| મા (કા.વા. 7) | દુલા ભાયા કાગ | 125 |
| યોગીમાળા (કા.વા. 8) | દુલા ભાયા કાગ | 125 |
| કાગમાળા | સંપા. જગદીશ ત્રિવેદી | 50 |

## જીવનપ્રેરક લેખો

| | | |
|---|---|---|
| જીવન એક ઉત્સવ | હરેશ ધોળકિયા | 150 |
| વિચારોની રખડપટ્ટી | હરેશ ધોળકિયા | 125 |

## નવલકથાઓ

| | | |
|---|---|---|
| અંગદનો પગ | હરેશ ધોળકિયા | 150 |
| નિવૃતિનું સંતાન | હરેશ ધોળકિયા | 125 |
| લાંબું સ્વપ્ન | હરેશ ધોળકિયા | 200 |
| આપણે લોકો | ધીરેન્દ્ર મહેતા | 115 |
| અદશ્ય | ધીરેન્દ્ર મહેતા | 80 |
| ખોવાઈ ગયેલી વસ્તુ | ધીરેન્દ્ર મહેતા | 100 |
| ભંડારી ભવન | ધીરેન્દ્ર મહેતા | 175 |
| વલય | ધીરેન્દ્ર મહેતા | 100 |
| છાવણી (પુરસ્કૃત) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| ચિહ્ન | ધીરેન્દ્ર મહેતા | 200 |
| તમે માનશો ? (લઘુનવલ) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| મનબંધણ | હંસરાજ સાંખલા | 425 |
| ફેસબૂકમાંના ચહેરાઓ | મનીષા ગાલા | 300 |

## વિવેચન/સંદર્ભસાહિત્ય

| | | |
|---|---|---|
| નંદશંકરથી ઉમાશંકર | ધીરેન્દ્ર મહેતા | 250 |
| દર્શક અને બીજા વિશે | ધીરેન્દ્ર મહેતા | 180 |
| કથા, તું બહુરૂપિણી ! | ધીરેન્દ્ર મહેતા | 240 |
| આઠે પહોર આનંદ રે... | દર્શના ધોળકિયા | 125 |
| નરસિંહ ચરિત્રવિમર્શ | દર્શના ધોળકિયા | 300 |
| શ્વાસમાં વાગે શંખ (ભક્તિકાવ્યોનો આસ્વાદ) | દર્શના ધોળકિયા | 225 |
| સહૃદય ધર્મ (અનંતરાય મ. રાવળના લેખો) | સંપા. દર્શના ધોળકિયા | 260 |
| અવધૂત આનંદઘન પદલહરી (આસ્વાદ) | માવજી કે. સાવલા | 110 |
| કચ્છી બોલી | મહેન્દ્ર સાકરચંદ દોશી | 140 |
| કચ્છીકવિતા - આસ્વાદના આલોકમાં | પ્રભાશંકર ફડકે | 80 |
| ધીણોધર સંભરન (કચ્છ વિષયક વાર્તાઓ, નિબંધો) | સંપા. વીનેશ અંતાણી | 240 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હોલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com


વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Punjab
Uttara khand
Delhi
Rajasthan
Uttar Pradesh
Assam
Bihar
Ahmedabad
Gujarat
Madhya Pradesh
Jharkhand
West Bengal
Kolkata
Chhattisgarh
Maharashtra
Odisha
Mumbai
Pune
Telangana
Hyderabad
Goa
Karnataka
Andhra Pradesh
Bangalore
Chennai
Kerala
Tamil Nadu
V-TRANS
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ - સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ નેટવર્ક
બુકિંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેલ્વે દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
V-Logis
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

## દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી

# માઈક્રોપ્લાસ્ટી



**આધુનિક અભિગમ**

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રકતસ્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

**M.B.M.S**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન
ની રીપ્લેસમેન્ટ સર્જરી

ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ.,
વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam Orthopaedic Hospital & Joint Replacement Centre

Shree Orthocare

KD Hospital

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com

**એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦**

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*

### નવનીત મેડિકલ સેન્ટર *અને*
### કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ O.P.D. સેન્ટર *તથા* દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર

**ઉદ્‌ઘાટન સમારોહની તસવીરી ઝલક ● રવિવાર, તા. ૧૨-૦૧-૨૦૨૦**









*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

**To,**